1933 — ૧૯૩૩

યુવક પરિષદ્‌ની આવશ્યકતા (૧)

Reg. No. B. 2917
*Tele. Add.* 'Yuvaksangh'

# પ્રબુદ્ધ જૈન.

સમાજ, ધર્મ અને રાષ્ટ્રની સેવા બજાવતું નૂતનયુગનું જૈન સાપ્તાહિક.

| | | |
|---|---|---|
| છુટક નકલ ૧ આનો<br>વાર્ષિક રૂા. ૨-૮-૦ | શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર.<br>તંત્રી:-ચન્દ્રકાન્ત વી. સુતરીયા. | વર્ષ ૨ જું, અંક ૧૧ મો.<br>શનીવાર તા. ૭-૧-૧૯૩૩. |

## આપણી જવાબદારી.

આજની સમાજની પરિસ્થિતિ જોઇ કોને દુઃખ ન થાય? જેને સમાજની સ્થિતિનો વિચાર હોય, હિત હૈડે હોય, તેહને પોતાનો સક્રિય ફાળો સમાજ અને ધર્મની ઉન્નતિ માટે આપવોજ જોઇએ. સમાજની આ પરિસ્થિતિનો અંત કઇ રીતે આવે એ સંબંધી શામાટે એકત્રિત થઇ આપણે વિચાર ન કરવો?

આપણે એવા જીવન અને મરણના પ્રસંગમાંથી પસાર થઇએ છીએ કે જે આપણું અસ્તિત્વ હાયમને માટે ભૂંસાડી દેશે. આજે સમાજના દરેક અંગો પુનરૂત્થાન માંગે છે. સમાજનું સારૂંયે અંગ સડીગયું છે તેહમાંથી લોહી સૂકાઇ ગયું છે. અને કેવળ હાડપિંજર બાકી રહ્યું છે. એ હાડપીંજરમાં લોહી અને માંસની આવશ્યકતા છે. સમાજના લોહીના તરસ્યાઓએ પણ સમજવું ઘટે કે હાડપીંજરમાંથી તેહમને કશુંએ નહિં મળે, પરંતુ એ હાડપીંજરને પુનઃ પલ્લવીત બનાવશો, તેમાં લોહી અને માંસની ભરતી થાય તેહવા પ્રયત્નો કરશો, તોજ ભવિષ્યમાં જેની તમને તરસ છે તે છીપાશે. હજુ હાડપીંજરમાં જ્યાંસુધી આત્મા છે, ત્યાંસુધી સમય હાથથી ગયો નથી, પરંતુ જ્યારે તેમાંથી આત્મા ઉડીજશે ત્યારે બાજી હાથમાંથી સરી જશે. આ બાબત ખુબ સમજવી ઘટે.

સમાજને હવે એ જણાવવાની ખાસજ જરૂર છે કે તેહના લોહીની તરસ કોને છે? જગત પણ સંપૂર્ણ સમજી ચૂકયું છે. કે જૈન સમાજની પડતીનું મૂળ કારણ કોણ છે? આ બધી પરિસ્થિતિ ખુલ્લી છતાં સ્હેજે એ પ્રશ્ન ઉદ્‌ભવે છે કે યુવકો મૌન કેમ છે? શું તેહમનામાં ઉત્સાહ નથી? આત્મભોગ આપવાની ભાવના નથી? ધર્મ અને સમાજની ઉન્નતિની તમન્ના નથી? ના, તેહવું કશુંય નથી. તેહમાં વ્યવસ્થાની જ ફક્ત ઉણપ છે. આ વ્યવસ્થાની જો પૂરતી કરવામાં આવે તો યુવકોમાં બધું જ છે સમાજના સમગ્ર અંગોને સાફ કરવા માટે તેહની પાસે પૂરતી શકિત છે, એ શકિતનો અગર એ ઉપયોગ કરવાનો નિશ્ચય કરે તો સમાજની આ સ્થિતિ જરાયે ન ટકે. જગતના ઇતિહાસો એ પોકારી પોકારીને કહે છે કે અન્યાયો અને અત્યાચારો સામે હંમેશા યુવકો એજ માથું ઉંચકયું છે, અને તેહમાં તેણે સંપૂર્ણ સફળતા મેળવી છે, આજે મેળવી રહ્યા છે. અને ભવિષ્ય માટે વ્યૂહો રચાઇ રહ્યા છે, શામાટે આપણે તેહમાંથી પ્રેરણા ન મેળવીએ? આપણે જો આ બાબતમાં શાંતિથી વિચાર કરીશું તો આપણને આપણી જવાબદારીનું ભાન થશે, આપણા કર્તવ્યની ઝાંખી થશે. આપણે યુવક તરીકે જીવવું હોય તો આપણું સંગઠ્ઠન કરી રચનાત્મક કાર્યક્રમ અમલમાં લાવ્યેજ છુટકો છે. શું જૈન સમાજના યુવકો માટે આ બાબત અશકય છે? જોકે આપણી યુવક શકિત પણ અનેક વિભાગોમાં વિભકત છે, તેમાં પણ વિચાર ભેદ તો છેજ, પરંતુ એ વિચાર ભેદો પાછળ પ્રમાણિકતા છે, એટલે એ વિચાર ભેદોનો પ્રમાણિકતાથી આપણે નિકાલ લાવી શકીએ છીએ. કેવળ વિચાર ભેદને ખાતરજ આપણું સંગઠ્ઠન પડી ભાંગે, આપણી શકિત વેડફાઇ જાય અને સમાજ અધોગતિ તરફ ઘસડાય, એ કોઇપણ રીતે ઇચ્છવા યોગ્ય નથી. માટે કોઇપણ ભોગે આપણે યુવક શકિતને એકત્રિત કરી સમાજને અવનતિના પંજામાંથી છોડાવી ઉન્નતિના માર્ગ તરફ ઘસડવોજ જોઇએ, એ આપણી ફરજ છે.

पुरिसा ! सच्चमेव समभिजाणाहि ।
सच्चस्स आणाए से उवट्ठिए मेहावी मारं तरइ ॥

હે મનુષ્યો ! સત્યને જ બરાબર સમજો. સત્યની આજ્ઞા પર ખડો થનાર બુદ્ધિમાન્ મૃત્યુને તરી જાય છે.

( આચારાંગ સૂત્ર)

પ્રબુદ્ધ જૈન.

શનીવાર તા૦ ૭-૧-૩૩.

# યુવક પરિષદ્‌ની આવશ્યકતા.

(૧)

સંગઠન એ એક એવો વિષય છે કે, ત્હેનાથી ધાર્યું કાર્ય થઇ શકે છે. આપણી સ્હામે આપણે દરરોજ જોઇએ છીએ કે સુતરના એક બે કે ત્રણ તાંતણાં હોય તો આપણે આસાનીથી તોડી શકીએ છીએ. પણ જુદા જુદા તાંતણાં એકત્રીત થઇ મજબુત દોરડાના સ્વરૂપમાં દેખાય છે, ત્યારે તો મોટા મોટા બળવાનોને પણ એ દોરડાં તોડવાં અશક્ય જણાય છે. એટલું જ નહિ પણ તે દોરડાંથી કોઇને બંદીવાન બનાવવો હોય તો પણ ઉપયોગી નીવડે છે. તેમ એક જ માણસ કિંવા વ્યક્તિ કશું કરી શકિત નથી; સમુહબળથી જે કાર્ય થાય છે તેજ કાર્ય ટકે છે, અને તે મક્કમ બને છે. જૈન સમાજનું જ્યારે સંગઠન હતું, તે જ્યારે વ્યવસ્થિત હતો, ત્યારે તેના દરેક અંગો સુદૃઢ અને મજબુત હતાં. એટલું જ નહિ પણ વ્યાપાર, હુન્નર, ઉદ્યોગ અને રાજકરણમાં તે અગ્રેસર મનાતો, આજે પણ એ કહેવત સંભળાય છે કે "વાણીયા વગર રાજાનું રાજ્ય ગયું" આ લોકોકિત ખોટી નથી. વ્યાકરણ, ન્યાય, કાવ્ય, કોષ, નાટક, ચંપુ, અલંકાર, જ્યોતિષ, વૈદક વગેરે વિષયો જૈન સમાજના બાળકો ભણતાં, ત્હેમને ભણવાની ફરજ પાડવામાં આવતી હતી, અને ત્યાર પછી હુન્નર, ઉદ્યોગ અને રાજકરણનું જ્ઞાન આપવામાં આવતું હતું, શસ્ત્રવિદ્યા પણ શીખવાતી હતી. આ બધા વિષયોમાં નિષ્ણાત થયા પછી જ લગ્ન કરાતાં, એટલે શરીરે પણ સુદૃઢ રહેતાં, વ્યાયામ પણ ચાલુ જ હતો, આવા યુવકોથી સુશોભિત બનેલ સમાજ તે વખતે કેટલો ઉન્નત હશે ! એ કલ્પનામાં પણ આવી શકતું નથી. ત્યારે આજની સ્થિતિનો જરા વિચાર કરી લઇએ.

પ્રથમ તો આજે આપણે સંગઠિત નથી, અંદર અંદરના ઝઘડાઓને લઇને આપણી શકિત ક્ષીણ થઇ ગઇ છે. આપણા ધાર્મિક તેમ જ સામાજીક ખાતાઓ આપણી તકરારને અંગે સડાઇ રહ્યાં છે, એટલું જ નહિ પણ બેકારીનો બાહુ આપણી સ્હામે એટલો મજબુત ખડો છે કે આપણે આપણી આજીવિકાની પણ ચિંતા થઇ પડી છે, ત્હેમાં આપણે આપણા બાળકોને જ્હેને કેળવણી કહેવામાં આવે છે તે કઇ રીતે આપી શકીએ ? કદાચ ત્હેને સ્કૂલમાં બેસાડીએ તો, ત્યાં ગુલામી માનસ સિવાય બીજી કશી કેળવણી મળી શકે ત્હેમ નથી. એટલે ગુલામી માનસમાં ઉછરેલ યુવાન સમાજનું શું ભલું કરી શકવાનો હતો ? સંઘ સત્તા નિષ્પ્રાણ નિવડી છે, આપણા પવિત્ર તીર્થો ઉપર બીજા લોકો આક્રમણ કરી રહ્યા છે, સાહિત્ય ઉપર પણ ઘણા આક્ષેપો થયા છે, અમુક અમુક મન્દિરોનાં વિપુલ દેવદ્રવ્યનો બીજાઓ પોતાના અંગત સ્વાર્થમાં ઉપયોગ કરી રહ્યા છે, જ્યારે કેટલાક મન્દિરો પૈસાના અભાવે બીલકુલ વ્યવસ્થિત નથી. પૂજ આશાતના થઇ રહી છે, કેટલાએ અપ્રસિદ્ધ ગ્રંથો કે જે આપણા પૂર્વજોનો વારસો છે, તે ભંડારોમાં સડી રહ્યાં છે, જ્યાં સંતતીએ સંતતી છીનવાઇ રહી છે, અને દેવ, ગુરૂ અને ધર્મ ઉપર આજે આક્રમણ થઇ રહ્યું છે, આમાં જરાયે અતિશયોકિત નથી. બાળલગ્ન અને વૃધ્ધલગ્ન દિન પ્રતિદિન વધતાં જ જાય છે. આ બધી બાબતો આજે સમાજનું જીવન ચુસી રહી છે. શું આ સ્થિતિ આપણને સાલતી નથી ? આ બધાનું કારણ આપણે શા માટે શોધી ન કાઢવું ?

આ પરિસ્થિતિનો અંત લાવવા આપણે માંગતા હોઇએ તો આપણે સંગઠિત થઇ જવું જોઇએ, પૂર્વની પદ્ધતિ અત્યારે અનુકૂળ ન હોય તો અત્યારની પદ્ધતિએ પણ આપણે આપણું ભવિષ્ય ઘડી કાઢવું જ જોઇએ.

સમાજમાં સુધારક સંસ્થાઓ લગભગ સો સવાસો હશે. સુધારક વિચાર ધરાવનારની સંખ્યા પણ લાખોની હશે છતાં સુધારા કેમ અમલમાં આવતા નથી ? એ એક અણઉકેલ કોયડો છે. આ કોયડાનો ઉકેલ કર્યે જ છૂટકો છે, સુધારક દરેક સંસ્થાઓ ઉપર અત્યારે મહાન જવાબદારીઓ રહેલી છે. ત્હેમણે એ જવાબદારીને સંપૂર્ણપણે અદા કરવી જ જોઇએ. સુધારક પક્ષની જેટલી સંસ્થાઓ છે તે એકત્રિત થાય તો સમાજ પાછો પોતાના પૂર્વસ્થાનમાં આવી જાય, ત્હેની નષ્ટ થએલ જાહોજલાલીનાં પુનઃ દર્શન કરી શકીએ. પણ તેમ કરવા માટે આપણે પ્રયત્નશીલ બનવું જોઇએ. જુદા જુદા ગામના લગભગ લાગવગવાળા પચ્ચીસેક વકરે મળી જાય તો આ કાર્યનો આરંભ થઇ શકે. શું આટલા કાર્યકર્તાઓ જૈન સમાજમાંથી ન મળી શકે ? સમાજની આ સ્થિતિ માટે ઘેર ઘેર જઇ લોકમત કેળવવાની જરૂર છે, અને તે માટે પેપર અને પ્લેટફોર્મ ખડાં કરવાં પડશે, ત્હેમાં કાર્યકર્તાઓ અને નાણાં એ બન્નેની જરૂર છે. કાર્યકર્તાઓ હશે તો નાણાંનો તોટો નથી. એટલે આપણે કાર્યકર્તાઓને શોધવા રહ્યા, શું જૈન સમાજમાં આત્મભોગી પચ્ચીસ યુવાનો ન નિકળી શકે ?

આજે જગતમાં શું ચાલી રહ્યું છે, યુવાન શકિત શું કાર્ય કરી રહી છે, ધર્મ, દેશ અને સમાજ માટે મરી ફીટનાર યુવકો જ હોય છે. જે સમાજ ધર્મ કિંવા રાષ્ટ્ર ઉન્નત દેખાતા હોય તો ત્હેના યુવકોના ભોગ અને સંગઠનને આભારી છે. આપણે પણ જો ભોગ આપવાનો નિર્ધાર કરી લઇએ. આપણું સંગઠન બળ જમાવીએ તો આપણે માટે પણ ઉન્નતિ અશક્ય નથી. આપણે આપણી ઉન્નતિ સાધી ન શકતા હોઇએ તો આપણામાં આત્મભોગ આપવાની તાકાત નથી. એ નથી, પરંતુ સંગઠન નથી, એ છે. એટલે આપણે એક જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક યુવક પરિષદ્ ભરવી જ જોઇએ, અને ત્હેમાં સામાન્યતઃ જે રીતે આપણે એક વિચાર ઉપર આવી શકીએ તેવો રાહ ગ્રહણ કરી, ત્હેને અમલમાં મૂકવા પ્રયત્ન કરવો આવશ્યક છે, પરિષદ્ ક્યાં ભરવી, કઇ રીતે કાર્ય લેવું, એ વગેરે બાબતો આવતે અંકે ચર્ચીશું.

## સ્વીકાર અને સમાલોચના.

**મુંબઇનું ચાતુર્માસ**—સંપાદક અને પ્રકાશક લાલજી કેશવજી શાહ. વન્દ્રાવન મકનજી શાહ, રમણીકલાલ છોટાલાલ શાહ અને દુર્લભદાસ ઝવેરચંદ શાહ. કે-કોટ મુંબાઇ.

સં. ૧૯૮૭ ની સાલમાં મુનિરાજ શ્રી ન્યાયવિજયજીએ મુંબાઇ કોટમા ચાતુર્માસ કર્યું હતું. તે પ્રસંગે તેમણે આપેલ વ્યાખ્યાનોનો આમાં સંગ્રહ છે, તે સિવાય બીજી પણ કેટલીક બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે, ઉપરોક્ત મુનિશ્રી જૈન સમાજમાં એક ક્રાન્તિકારક તરિકે પંકાયા છે, તેમણે સમાજમાં ક્રાન્તિની ચીનગારીઓ અનેક વખત મૂકી છે, મુંબઇના ચાતુર્માસ દર્મ્યાન તેમણે સમાજને ખૂબ સજાગી છે, એકંદર પુસ્તક સંગ્રહવા લાયક છે.

**ધર્મોપદેશ**—સંગ્રહ કરનાર રાવબહાદુર ગોવિંદભાઇ હાથી-ભાઇ દેસાઇ, બી. એ. એલ. એલ. બી. નાયબ દિવાન (નિવૃત્ત) વડોદરા રાજ્ય. પ્રસિદ્ધ કર્તા પુસ્તકાલય સહાયક-સહકારી મંડળ લીમીટેડ, વડોદરા. કિંમત બાર આના.

શ્રી હેમચંદ્રાચાર્ય કૃત ત્રિષષ્ઠિશલાકા પુરૂષ ચરિત્રમાંથી કેટલાક ઉતારા તારવવામાં આવ્યા હતા તેનો આ સંગ્રહ છે. પુસ્તક ઘણું જ મનનીય છે. રાવબહાદુર ગોવિન્દભાઇએ આવો સંગ્રહ બહાર પાડી જૈન સમાજ ઉપર નહિ પરંતુ સમગ્ર જનતા ઉપર મહાન્ ઉપકાર કર્યો છે.

**સામાજીક ભડકા**—યાને સંસારની આંટીઘુંટી. લેખક શ્રી પદ્મકુમાર, પ્રકાશક શ્રી સ્થંભતીર્થ જૈન મંડળ, મુંબાઇ.

રા. પદ્મકુમાર એક પીઢ લેખક છે, સમાજની પરિસ્થિતિનો તેમને અચ્છો ખ્યાલ છે. આજની સમાજની પરિસ્થિતિ શું છે, તે સંબંધી લેખકે સામાજીક ભડકાદ્વારા ખૂબ જણાવી છે. વસ્તુ સંકલના ઘણી સરલ રીતે થયેલ છે, જો કે આ એક કાલ્પનીક નોવેલના રૂપમાં રજુ કરવામાં આવેલ છે. છતાં પ્રાસંગિક વિવેચનોમાં લેખકે કમાલ કરી છે. પ્રણાલિકાવાદ અને રૂઢીચુસ્તતા આપણા સમાજમાં એટલી જડ ઘાલીને રહી છે કે તે વિભાગના કાર્યકર્તાઓને તે સામે જાગૃતિ ઉઠાવતા કેટલી જહેમત ઉઠાવવી પડે છે અને કેવા સંયોગોમાં મૂકાવવું પડે છે, એ બહુ સરલ રીતે જણાવ્યું છે, એટલે સામાજીક દૃષ્ટિએ આ નોવેલ અજોડ છે. સાથે સ્થંભતીર્થ મંડળ અને ચૈત્ય. વ્ય. કમીટિનો સં. ૧૯૮૫-૮૬-૮૭ નો રિપોર્ટ પણ છે.

**પર્યુષણ પર્વના વ્યાખ્યાનો**—પ્રકાશક શ્રી જૈન યુવક સંઘ. ૨૬-૩૦ ધનજી સ્ટ્રીટ મુંબાઇ નં. ૩ કિંમત ૭ આના.

હમણાં હમણાં પર્યુષણ પર્વમાં વંચાતા કલ્પસૂત્રના, વ્યાખ્યાનોથી સંતોષ ન પામી કેટલાક વિચારકોએ, અમદાવાદમાં બે વર્ષથી "પર્યુષણ વ્યાખ્યાનમાળા" શરૂ કરી છે, આ વખતે શ્રી મુંબાઇ જૈન યુવક સંઘ તરફથી પંડિત સુખલાલજીને આમં-ત્રણ મળતાં આ વર્ષે મુંબાઇમાં પર્યુષણ વ્યાખ્યાનમાળા ચાલુ થઇ હતી. તેમાં જુદા જુદા વિચારકો, વિદ્વાનો, પુરાતત્વવેત્તાઓ અને અધ્યાત્મવાદીઓ દ્વારા વ્યાખ્યાન શ્રેણી નક્કી કરી હતી. ખાસ કરીને પંડિત દરબારી લાલજી, પંડિત સુખલાલજી વગેરે વિદ્વાનોએ જીજ્ઞાસુઓની વૃત્તિઓને પોષવા ઠીક જહેમત ઉઠાવી છે. વ્યાખ્યાનો બધા વિચારણીય, નૂતન અને તુલનાત્મક દૃષ્ટિથી લખેલ છે. એટલે વ્યાખ્યાનમાળા સંગ્રહવા લાયક છે.

## અમદાવાદના.......અવનવા.

મોહનસૂરિના ભૂતપૂર્વ ભક્તના માનસમાં પરિવર્તન થવાથી સૂરિજી અમદાવાદ આવે એ પોતાને સંપૂર્ણ અરુચિકર હોવાનો તેમણે સૂરિજીને સ્પષ્ટ પત્ર લખી નાંખવાથી, સૂરિજીએ પોતાના એક પંડિતને અમદાવાદ મોકલેલ છે. જે અહિં નાગજી ભૂધરની પોળમાં ઉતરેલ છે. તેણે ગમેતેમ કરીને સૂરિજીને બોલાવવા અને રાખવા ત્રણ ચાર અનુરાગી ભક્તોને અત્યંત આગ્રહ કરવા માંડ્યો છે. આ પ્રમાણે 'માન ન માન મેં તેરા મહેમાન' વાળી સૂરિજીની મનોવૃત્તિ ક્યાંસુધી સફળ નીવડે છે તે જોવાનું રહે છે હાલતો તેમના એક વખતના મહાન ભક્તોમાં પણ સૂરિજી માટે અપૂર્વ સંકોચવૃત્તિ જેવું હોય એમ સ્પષ્ટ દેખાય છે. (૨) વીરચંદ દીપચંદ બાયફ્રેંડીનો ગયા માસમાં આશરે અઢારસો જાંત્રાળુઓએ લાભ લીધો હતો. (૩) સમેત શિખર સ્પેશી-યલ તા. ૧૮ મીએ નિકળનાર છે. મજકુર ટ્રેનમાં ત્રીજાવર્ગના યાત્રિકો માટે વ્યવસ્થા થઇ શકશે. એમ જણાય છે. (૪) શ્રી જીવદયા પ્રચારિણી મહાસભાના ઉપદેશકોના ઉપદેશને પ્રતાપે છોટા ઉદેપુરના કેટલાક અજૈન ભાઇઓએ જીવનપર્યંત સાત વ્યસન ત્યાગની બાધાઓ લીધી છે. (૫) યંગમેન્સ જૈન સોસાયટી વાળાઓએ ધર્મના નામે અનેક ભયંકરમાં ભયંકર ઘોર અધર્મી કપટપ્રપંચો આચરેલ છે. એવી કેટલાક સજ્જનોને નિરતિશય પ્રતીતિ થવાથી તેમણે સોસાયટીવાળાઓની અનીતિ અને અધર્મ આચરણો સામે વિરોધ તરીકે સોસાયટીમાંથી રાજીનામાં આપ્યાં છે. સોસાયટીના કાર્યકર્તાઓએ મજકુર રાજીનામાઓના સંબંધમાં કેમ મૌન સેવ્યું છે? એમ જણાય છે કે સોસાયટી વાળાઓ વચ્ચે અંદર અંદર ખૂબ જામી છે. તેથી રાજી-નામાઓને લગતી સવિસ્તર હકીકત થોડાજ સમયમાં નિઃસંશય બહાર આવશે. એમ જણાય છે. સોસાયટી ખાતામાં ઘણાં પાપો પાંપણે ચઢી પ્રકાશી નિકળ્યાં છે. એ સ્થિતિમાં તેનાથી છુટા-છેડા કરનાર ભાઇઓએ સોસાયટી રૂપી રાક્ષસીના પાપના ઘડાઓનું અને તેઓનું સ્ફોટન કરવું. એ પુણ્યમાર્ગ છે એ સમાજનો કલ્યાણકારી આત્મધર્મ છે. અને બુદ્ધિપૂર્વક સમજી લઇ તે પ્રમાણે સત્વર વર્તન કરવું. એ તેમને માટે અત્યંત ઇષ્ટ છે. ધર્મોથી અનેક પાપકર્મો આચરનાર અને પ્રપંચો ચલા-વનાર સોસાયટીને તેના અસલ સ્વરૂપમાં જાહેર કરવી જોઇએ. જેણે સમાજના ઘેર ઘેર કાંપાનળ સળગાવ્યો છે. નિકટના આપ્ત જનોમાં પણ ખટરાગ ઉત્પન્ન કરી બહિષ્કાર પોકરાવ્યો છે. જેણે ધર્મના નામે ધોળેલું પાણી કર્યું છે. એવી ઘોર કાર્ય આચ-રનારી સંસ્થા હવે થોડા દિવસમાં જ જડમૂળથી ઉખડાઇ જવી જોઇએ. તેનું નાસ્તિત્વ એ જૈનો માટે ખરો કલ્યાણકારી માર્ગ છે. તેની પ્રવૃત્તિઓ કોઇપણ રીતે અટકી પડે તેવા પ્રયત્નો થવા જરૂરી છે સંભળાય છે કે આર્થિક પરિસ્થિતિને અભાવે સોસાયટીનું કાર્ય વિકટ પ્રસંગોમાંથી પસાર થઇ રહ્યું છે. આ કાર્ય કાયમને બંધ કરવું તે સંબંધમાં તેના આગેવાનો વિચારી રહ્યા છે.

—ખબરપત્રી.

## ચોપડીઓ આવી ગઈ છે.

પર્યુષણ વ્યાખ્યાન માળાની ચોપડીઓ છપાઇને આવી ગઇ છે. ગ્રાહકોએ યુવક સંઘની ઓફીસમાંથી લઇ જવા મહેરબાની કરવી

# જૈન જગત્.

**બડનગર**—(માળવા) વ્યાખ્યાતૃચૂડામણી મુનિરાજ શ્રી વિદ્યાવિજયજી મહારાજ અત્રે પધારતાં જૈન તેમ જ જૈનેતર વર્ગમાં સારો ઉત્સાહ વ્યાપ્યો, મહારાજશ્રીએ અહિં લગભગ દશેક જાહેર ભાષણો આપી બડનગરની જનતાને ઘેલી કરી મૂકી છે. બડનગરની જાહેર જનતા તરફથી હેમને માનપત્ર આપવામાં આવ્યું. કેટલાક સ્ત્રીપુરૂષોએ બ્રહ્મચર્ય અને બારવ્રતો ગ્રહણ કર્યાં. ખાસ કરીને અહિં લગભગ દશેક વર્ષથી તપાગચ્છમાં બે તડાંઓ હતાં તે મહારાજના પ્રયાસથી એક થયાં, આથી સંઘમાં અપૂર્વ ઉત્સાહ પ્રગટયો હતો ત્યાંથી મુનિશ્રી બદનાવર પધાર્યા છે.

**રાજકોટ**—શાંતમૂર્તિ મુનિરાજ શ્રી જયન્તવિજયજી મહારાજ આદિઠાણા ત્રણ રાજકોટથી કાર્તિક વદી ૭ ના વિહાર કરતાં આખો સંઘ હેમની શાન્તિ પ્રિયતાની કદર કરી વળાવવા ગયો હતો, કેટલાક રાજ્યાધિકારીઓ પણ મહારાજશ્રીના દર્શનાર્થે પધાર્યાં હતાં, મહારાજશ્રીને રાજકોટ રોકવાની સંઘે ઘણી વિનંતિ કરી હતી, પરંતુ મહારાજશ્રીને પાલીતાણા જવાનું હોવાથી સંઘની વિનંતિ સાદર માન્ય કરી નથી ત્યાંથી મહારાજશ્રી ગારિયાધાર, પરવડી, સરંધાર વિગેરે સ્થળે થઇ પાલીતાણા માગશર વદી ૧૧ ને શુક્રવારે પધાર્યા છે. ઓશવાળ જ્ઞાતિ તરફથી મુનિરાજશ્રીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. મહારાજશ્રીએ અમરચંદ જસરાજ વોરાની ધર્મશાળામાં મુકામ કર્યો છે.

**ગૌતમપુરા**—(માળવા) અહિં એક દક્ષિણી બ્રહ્મચારીએ અતિરૂદ્ર નામનો યજ્ઞ કર્યો હતો, તેમાં મુનિશ્રી વિદ્યાવિજયજીના શિષ્ય ન્યાય, સાહિત્યતીર્થ, મુનિશ્રી હિમાંશુવિજયજીએ બે જાહેર ભાષણો આપ્યાં હતાં. આ યજ્ઞમાં લગભગ બહારથી પાંત્રીસ હજાર માણસ આવ્યું હતું, તેમાં અનેક વિદ્વાનો પણ હતા. આવા મેળાના સ્થળે એક જૈન મુનિ વ્યાખ્યાન આપે એ નાજુની બાબત નથી, સદીઓ પહેલાં આવા કિસ્સાઓ બન્યા પણ વીસમી સદીમાં તો આ પહેલો જ કિસ્સો છે. મુનિશ્રીના વ્યાખ્યાનથી જનતા ઉપર સારો પ્રભાવ પડયો હતો, અને યજ્ઞના આચાર્યે મુનિશ્રીનો ઉપકાર માન્યો હતો.

**ભરૂચ**—વેજલપુરમાં ઓચ્છવને અંગે ખંભાતથી વિજયલબ્ધિસૂરિ પોતાના સૈન્ય સહિત આવવાના છે એ વાત સાંભળી અહિંના સંઘમાં વિસ્મયતા ફેલાઇ છે, તેઓનું અહિં સ્વાગત ન થાય તે માટે પ્રયત્ન થઇ રહ્યા છે, કેટલાક હેમનાં ભક્તો મોટો આડંબર કરી સંઘના નામથી સ્વાગત કરવાની તૈયારી કરી રહ્યા છે, તે માટે સંઘે એક ઠરાવ કરવાની જરૂર છે કે "સંઘની સમ્મતિ વગર મહારાજશ્રીનું કોઇએ સામૈયું કરવું નહિ" જ્યાં પણ કોઇ સંઘ વિરૂદ્ધ થઇને સામૈયું કરશે તો સંઘનો તે ગુન્હેગાર ગણાશે."

શ્રીમાન શેઠ ગોરધનદાસ હરકીશનદાસ તરફથી મહા શુદિમાં ઓચ્છવો કરવાની વાત બહાર આવી છે, કયા આચાર્યના સાનિધ્યમાં એ થશે એ નક્કી નથી, તિલકશ્રી સાધ્વી અત્રે આવ્યાં હતાં, હેમણે સુરતની કોઇ યુવાન બાળાને એક દિવસ અને રાત અટકાવી હતી. સુરતની સી. આઇ. ડી. તથા અત્રેની પોલીસે છોકરીનો કબજો મેળવી, સુરત રવાના કરી દીધી છે. શિકાર હાથમાંથી ગયો જાણી તિલકશ્રી સાધ્વી વિહાર કરી ગયાં છે.

**જાવદીઆ સંઘનો મનાઇ હુકમ**—પં. ભક્તિવિજયજી અત્રે એક બાળકને દીક્ષા આપવાના હતા, પરંતુ અત્રેના સંઘના મનાઇ હુકમથી છોકરાને ગુમાનહેતે રવાના કરી દીધો છે, ત્યાંથી ક્યાં ગયો, હેની ખબર નથી. મહારાજશ્રી સુરત મહોત્સવ હોવાથી સુરત જવાના છે. છોકરાની જોડે જેને લાગતું વળગતું હોય તે તપાસ કરશે તો જરૂર પત્તો મળશે.

**કચ્છી વીશા ઓશવાળ મિત્રમંડળ**—ના પ્રમુખ વીરજી પાલણ નાગડા લખી જણાવે છે કે આ મિત્રમંડળની સ્થાપના ગયા અષાઢ માસમાં થઇ. હેનો ઉદ્દેશ કુરૂઢીઓને હાંકી કાઢવાનો છે. એટલે તાજેતરમાં થતાં વૃદ્ધ લગ્નોને અટકાયત કરવાનું કામ મંડળે હાથ ધર્યું. પ્રથમ કચ્છના આગેવાનોને અપીલ કરવામાં આવી, કાગળો અને તારો કર્યા, કશો જવાબ મળ્યો નહિ, પરંતુ અમારા મંડળ વિરૂદ્ધ ભોળી પ્રજાને ઉશ્કેરી મૂકી. જો કે આ મંડળનો ઉદ્દેશ આગેવાનો સાથે રહી કામ કરવાનો હતો કારણ કે ન્યાતને ચોપડે કન્યાવિક્રય ન કરવો "વૃધ્ધ લગ્ન ન કરવું" એ ઠરાવો મોજુદ છે, આ ઠરાવોનો અમલ આગેવાનો કરાવી શક્યા નથી, એટલે હેનો અમલ કરાવવા યુવકો અને વૃધ્ધો એકત્ર થાય તો શક્તિશાળી બને, પરંતુ વૃધ્ધોને આ ન ગમ્યું, એટલે આવી રૂઢી રાક્ષસીઓને નાબુદ કરવા માટે કોર્ટનો આશ્રય લેવાની જરૂર પડી, અને હેમાં સફળતા મળી, કચ્છની કોર્ટે તરફથી કેટલાક પરણનારાઓ અને કન્યાઓના વાલી પ્રત્યે લગ્ન નહિ કરવાના મનાઇ હુકમ છુટયા છે, એટલે હાલ તુરત તો લગ્ન થતાં અટકયાં છે, પરંતુ વૃધ્ધો આ બાબત સહન નહિ કરે એમ માનવાને કારણ છે. સાંભળવા પ્રમાણે કેટલાક આગેવાનોએ વૃદ્ધ વરરાજાઓની બીક ઉઠાવી લીધી છે, આથી સર્વે ભાઇઓ તથા બ્હેનોને મારી એટલી જ અરજ છે કે જે કાર્ય મંડળે ઉપાડી લીધું છે તે પરણનારાઓ પ્રત્યે દ્વેષભાવથી નહિ પણ સમાજના ભલા ખાતર આ કામ ઉપાડયું છે. શરૂઆતમાં તો આ કાર્ય માટે એક નાનું ફંડ ઉભું કર્યું હતું, પણ તે ખર્ચાઇ ગયું છે કોર્ટમાં કેસો ચાલુ જ છે, એટલે ખર્ચ પણ થવાનું. આ પરિસ્થિતિ માટે અમે આપ જનતા તરફ પૂર્ણ આશા રાખીએ છીએ, આવા કાર્ય નાણાંના અભાવે બંધ ન થવાં જોઇએ. અમને આશા છે કે સમાજ હિતેચ્છુઓ અમારા ઉત્સાહને વધાવી અમારી અપીલ તરફ ધ્યાન આપશે.

અમારૂં ઠેકાણું:—૩૪૯/૧૧ ડુંગરી સ્ટ્રીટ મુંબઇ નં. ૩.

તા. કચ્છથી હમણાં સમાચાર મળ્યા છે કે ના. માંડવી કોર્ટે જેમને જવાબદારો પાસેથી મનાઇ હુકમનો ભંગ ન થાય તે માટે કોરી એક એક હજારના જામીન લીધા છે.

**મુંબઇ**—કોટમાં શ્રી જૈન મિત્ર સભા તરફથી હેમના મંત્રી શ્રીયુત વૃન્દાવન મોહનજી લખી જણાવે છે કે, આ સભાના બત્રીશમાં વાર્ષિક મહોત્સવની ખુશાલીમાં સં. ૧૯૮૯ ના પોષ શુદ ૧૨ ને રવીવારે તા૦ ૮-૧-૩૩ ના દિને કોટ શ્રી શાન્તિનાથજી મહારાજના દેરાસરમાં સવારના આઠ વાગે પંચકલ્યાણકની પૂજા ભણાવવામાં આવશે તથા રાત્રે આંગીરચાશે. રાત્રીના સાડા સાત વાગે નીચેના ઉપાશ્રયમાં આ સભાની જનરલ મીટીંગ મળશે, જે વખતે નીચે મુજબ કાર્ય રજુ કરવામાં આવશે.

૧. આ સભાનો સં. ૧૯૮૮ ની સાલનો આવક જાવકનો હિસાબ, સરવૈયું તથા કમીટિનો રિપોર્ટ પાસ કરવા ૮૯ ની સાલ માટે મેનેજીંગ કમીટિ અને ઓડીટરની નીમણુંક કરવામાં આવશે. આ સિવાય પ્રમુખ તરફથી અગત્યનું કાર્ય રજુ કરવામાં આવશે. ત્યાર બાદ પ્રભુ સ્તવનાદિ રાગરાગણીમાં ગાવામાં આવશે, આ પ્રસંગનો લાભ લેવા સર્વ ભાઇઓને વિનંતિ કરવામાં આવે છે.

# ભેદી પત્રો.

સાગરજીની હદ વગરની બીરૂદાવળી ગાનાર, તેમની ક્રિયાઓ આગે વર્તમાનપત્રમાં બનતું કરવા ખડેપગે ઉભા રહેનાર, તેમની આજ્ઞાનુસાર હેન્ડબીલો મોકલનાર, મુંબઈ સમાચારના રીપોર્ટર, તટસ્થતાનો દંભ સેવનાર, મેસ્મેરીઝમના જાણકાર, ઘડીયાળીની અટકથી ઓળખાતા મી. સાકળચંદ માણેકચંદે સાગરાનંદ ઉપર લખેલા કાગળો:—

(૮)

મુંબઈ, ૩.

તા. ૧૫-૪-૧૮

સ્વસ્તિશ્રી પાર્શ્વજિન પ્રણમ્ય શ્રી સુરત બંદરે પંચ મહાવ્રતધારી, ત્રણ ગુપ્તિવાળા, પાંચ સમિતીવાળા, છકાયના રક્ષક, આઠ મદના ટાળણહાર. નવવાડ વિશુદ્ધ બ્રહ્મચર્યના પાળણહાર, દશવિધ, યતિ ધર્મના પાળનાર, સત્તર ભેદ સંયમના પાળણહાર, સૂર્યની પેરે તેજસ્વી, ચંદ્રની માફક શીતળ. રત્નાકરની પેરે ગંભીર કંચન, કામીનીના ત્યાગી, મહાવૈરાગી, સમકિતરંગી, વિવિધ ભંગે વ્રતધારક, શુદ્ધ સ્યાદ્ધર્મ પ્રતિપાદક, જીન શાસન પ્રભાવક વિનય મૂળધર્મ આરાધક મહાશાંત, દાન્ત, વિશુદ્ધ જ્ઞાન ધ્યાન ચારિત્રમય શુદ્ધ સ્યાદ્વાદ માર્ગ વહન કરવામાં ધુરંધર ધોરી સમાન એવા અનેક શુભ ગુણાલંકૃત શ્રી શ્રી શ્રી ૧૦૦૮ આચાર્યશ્રી આનંદ સાગરજી મહારાજના પાદ કમળમાં, યોગ્ય શ્રી મુંબઈથી લી. સાકરચંદ માણેકચંદ ઘડીયાળીની વંદણા ૧૦૦૮ વાર અવધારશોજી.

બીજું હું આપશ્રીના દર્શન અર્થે સુરતમાં આવ્યો હતો તે વખતે આપશ્રી સાથે "ગુજરાતી"ની બેઠની ચોપડી સંબંધમાં કેટલીક વાતચીત થઇ હતી. તે સંબંધમાં આપશ્રી તરફથી કાંઇ તજવીજ થઇ હોય તો લખશોજી, કે જેથી મારાથી બનતી સેવા હું પણ કરી શકું.

ત્રીજું વૈશાખ માસમાં જે ક્રિયાઓ વગેરે થનાર છે તે સંબંધમાં, વર્તમાન પત્રો વિગેરેમાં મારાથી બનતી દરેક સેવા કરવા હું તૈયાર છું, તો તે સંબંધમાં જે કાંઇ કામકાજ હોય તે સત્વર લખશોજી.

આપ તથા સર્વશિષ્યવર્ગ સાતામાં હશો. સર્વને મારી વંદણા.

મારા સરખી સેવા ફરમાવશોજી.

લી૦

સાકરચંદ માણેકચંદ ઘડીયાળીની

૧૦૦૮ વાર વંદણા.

(૯)

પારસી ગલી, ભીરઝા સ્ટ્રીટ, મુંબઈ.

આચાર્ય મુનિરાજ શ્રી ૧૦૦૮ શ્રી સાગરાનંદ સુરીશ્વરજીની સેવામાં

જત અત્રે સઘળા કુશળ છે. આપની આજ્ઞાનુસાર કેટલાક હેન્ડબીલો મોકલ્યાં છે. તે સંભાળી લેશોજી.

માણેકજી પારસીને દિક્ષા અપાઈ નથી એવી ખબર મળી છે કેમકે સંઘે સખ્ત વાંધો ઉઠાવ્યો હતો. હાલ એજ ધર્મસેવા ફરમાવશો.

લી

સાકરચંદ માણેકચંદ ઘડીયાળીની.

૧૦૮ વાર વંદણા

# ઉદ્દેશ ઉપર અંધકાર.

## કાર્યવાહકો અજવાળું પાડશે?

લેખક:-મહાસુખભાઇ ચુનીલાલ-વીસનગર.

જૈન સમાજમાં રૂઢીચુસ્તોની "**ધી યંગમેન્સ જૈન સોસાયટી**" નામની સંસ્થા સ્થપાએલી છે, જે શાસનપ્રેમી અને ધર્મી તરીકે પોતાને ઓળખાવે છે. તે સંસ્થાના ઉદ્દેશની ચોથી કલમ નીચે પ્રમાણે છે:—

"કોઇ પણ સાધુ કે સાધ્વીપરના આક્ષેપો જાત તપાસથી કે પત્ર વ્યવહારદ્વારા ખાત્રી કર્યા વિના સાચા માનવા નહિ, અને તે આક્ષેપો સત્ય જણાયે પણ તેમની જાહેર પત્રોદ્વારા વગોવણી કરવા કરતાં તેમને ખાનગી રીતે સમજાવવા પ્રયત્ન કરવો, અને તે પ્રયત્નોમાં નિષ્ફળ થયે મુખ્ય કાર્યાલયને ખબર આપવી. (નોટમાં) નં. ૪ ના સિદ્ધાંતમાં સત્ય છૂપા દબાવવાનો સંસ્થાનો આશય નથી."

આ પ્રમાણે ઉદ્દેશ જાહેર પાડેલો છે, આ સંસ્થાના અગ્રગણ્ય સંચાલક શ્રી ચીમનલાલ કેશવલાલ કડીઆ છે. (જે એક વખત પાક્કા સુધારક હતા, અને હૃદય પલટો થવાથી કેટલાક વખતથી રૂઢીચુસ્ત અને શાસનપ્રેમી થયા છે, એમ તે જાહેર નિવેદનમાં જણાવે છે.) તે સંસ્થાનું મુખપત્ર "સોસાયટી સમાચાર" નીકળે છે તેના તે તંત્રી છે. એટલે સંસ્થાની નૌકાનું સુકાન તેમના હાથમાં છે તેથી તેમની પાસેથી ખુલાસો મેળવવો યોગ્ય ધારી તે ઉદ્દેશ સંબંધી નીચે પ્રમાણે ખુલાસો માગું છું:—

(૧) કોઇ પણ સાધુ કે સાધ્વીપરના આક્ષેપો આપની જાણમાં આવ્યા છે?

(૨) આવ્યા હોય તો જાત તપાસથી કે પત્રદ્વારા ખાત્રી કરી છે?

(૩) જેની જેની ખાત્રી થઇ હોય તે સાચા માન્યા છે?

(૪) સાચા માન્યા હોય તો ખાનગી રીતે સમજાવવા પ્રયત્ન કર્યો છે?

(૫) પ્રયત્નમાં નિષ્ફળ ગયા હો તો મુખ્ય કાર્યાલયને ખબર આપવામાં આવી છે?

(૬) ખબર આપવામાં આવી હોય તો તેનું શું પરિણામ આવ્યું?

(૭) પ્રયત્નમાં સફળ નિવડ્યા હો તો તે બાબત શું પગલાં ભર્યાં?

(૮) જાહેર વર્તમાન પત્રોમાં જે લખાણો પ્રગટ થાય છે તે સંબંધી તપાસ કરી છે? તપાસ કરી હોય તો તે કેવા પ્રકારની તે જણાવશો?

# ઉચ્ચ કેળવણી પામેલ વર્ગની સમાજહિત પ્રત્યે ક્રૂર બેદરકારી.

## — એક આશા ચિન્હ —

"નાનાલાલ શાહ."

### વર્તમાન પરિસ્થિતિ.

આજે જેના જેના હસ્તકમાં જૈન સંસ્થાઓનું સુકાનીપણું સોંપાએલું છે, તેઓની એક મોટી ફરીયાદ એછે કે જૈન પ્રજાએ જે જે પૈસો ઉચ્ચ કેળવણી પાછળ ખર્ચો છે તેનો સમાજને યોગ્ય બદલો મળ્યો નથી. આ ફરીયાદ તદ્દન અસ્થાને તો નથીજ પરંતુ વધારે અતિશયોક્તિ ભરેલી તો છેજ! તેમજ આ ફરીયાદ સામે બે અગત્યની દલીલો પણ મૂકી શકાય તેમ છે. ૧ એકતો આપણો વર્ગ બહુજ થોડા વખતથી કેળવણી પામવા માંડયો છે અને દરેક વ્યક્તિ પગભર ન થઇશકે ત્યાંસુધી તેની પાસેથી બહુ આશા તાત્કાલીક નજ રાખી શકાય ૨. અને બીજી દલીલ એ છે કે એક બાજુ આજના રૂઢીચુસ્ત વર્ગને દરેક પળે નમતું આપવું બનીશકે તેમ નથી અને જ્યારે કોઇ નીડરતા પૂર્વક તેમની સામે ઝુંબેશ માંડે છે ત્યારે તે પાઘડીવાળો વર્ગ તે ઉત્સાહી વ્યક્તિને આગળ લાવવાને બદલે બાજુ ખસેડવાનો જ પ્રયત્ન કરે છે.

આ કહવું ઘણા કેટલાકને નહિ ગમે પરંતુ કોઇપણ કાર્ય માટે વ્યવસ્થિત સાધન ન હોય ત્યાંસુધી વિચારકોના વિચારોનો અમલ ન થઇશકે તેમજ ક્રાન્તિ પણ નજ લાવી શકાય. યુવાનોએ અને કેળવાએલ વર્ગે સંપૂર્ણ ઉત્સાહથી જૈન સમાજના દરેક પ્રશ્નમાં રસ લઇ તેના નિરાકરણ માટે વ્યવસ્થિત બનવું જોઇએ. અને તેવીજ રીતે તેમના વિચારોને માન આપી વડીલોએ આ યુવાનોને પદસ્થિત કરવા જોઇએ.

### નવા સુકાનીઓની આવશ્યકતા:-

ક્રૂર બેદરકારી મારે એટલા માટેજ કહેવી પડે છે કે જ્યારે જૈન જગત કલહથી અને ધાર્મિક તેમજ સામાજીક મતભેદોથી અપૂર્ણ બન્યું છે; ત્યારે કોઇપણ એવા ઝંડાધારી યુવકો બહાર આવી આ અંત વગરની તકરારનો નથી નિવેડો લાવતા તેમજ નથી કંઇ કાર્ય દિશા સુઝાડતા.

નેતૃત્વના અભાવે બેઉ અજ્ઞાનીપક્ષો સમાજમાં કડવાશ પેદા કરીરહ્યા છે. મનુષ્યમાં મહાન શક્તિ છે તેને માટે કશું અશક્ય નથી. નીડર અને ચારિત્ર્યશાળી મનુષ્ય પોતાની પ્રતિભાથી સમાજના પાપ ધુએ છે. આજે એવાજ કેડધારી યુવકોની સમાજને જરૂર છે. એશ-આરામી પ્રજા નથી આત્માનું સ્વાતંત્ર્ય મેળવી શકતી કે નથી પોતાના સમૂહનું સ્વરાજ્ય મેળવી શકતી. **ધનીક વર્ગ તેમના ભંડારો ખુલ્લા મૂકી કેળવાએલ વર્ગની સલાહે ચાલી ઉદાર મનથી સામાજીક ક્ષેત્રમાં કાર્ય કરશે તો લક્ષ્મી અને સરસ્વતીના સંયોગથી સમાજનું ખરેખરૂં હિત થશે.** તે વિષે વધારે ભારપૂર્વક કહેવાની આવશ્યકતા નથી જ.

વિચારશીલ અને ખંતીલા યુવાનો વખતનો થોડોઘણો ભોગ આપી સમૂહનું હિત હૈડે ધરે તો આપણી ભૂતકાળની જાહોજલાલી બેશક પુન: સંપાદિત થાય.

આપણું સંખ્યાબળ ઘટતું જાય છે. એ બાબતપર રોદણાં રોવા કરતાં કંઇક સંગીન કાર્ય થશે તો ઓછી સંખ્યામાં તે કાર્ય દીપી નિકળશે, તદુપરાંત જૈન સંઘમાં શાંતિનું સામ્રાજ્ય સ્થપાશે.

આજતો જ્યાં ત્યાં ઠરાવો કરી, બુમો પાડી, આગ્રહયો બાજુ પર રહી જાય છે. અને વર્ગને અંતે ઓમાં મોટા ગોવાળોથી બહારપાડે છે. આવી રીતે દંભ અને પ્રમાણીકતા, જ્યાં ત્યાં પ્રવર્તી રહી છે એ સુવિદિત છે.

આપણી શીક્ષણ સંસ્થાઓ તેમજ અન્ય સંસ્થાઓમાં પરિપ્રાણ ત્યારેજ પુરાશે અને ખરી પ્રગતિ ત્યારેજ સધાશે કે જ્યારે શિક્ષણના આદર્શોથી જ્ઞાત વર્ગ તેમનો વહિવટ સ્વહસ્ત સિધ્ધ કરશે.

જે માણસ અમુક અમુક સમૂહ વચ્ચે જન્મ ધારણ કરે છે તેને ઋણ હોય છે, અને તે ઋણ ભર્યાં વિના તેનું દેવું ઉભું રહે છે. આપણા રૂઢીવાદી સમાજમાં અજ્ઞાન વર્ગને ઉંચો લાવવો એ શિક્ષીત સ્વયંસેવકોનું મહાકાર્ય છે. આ વિષે વારંવાર લખાયું છે એટલે વિશેષ લખવું ઉચીત નથી.

### મહાવીર વિદ્યાર્થી મંડળ.

ગયા માસમાં **મહાવીર જૈન વિદ્યાલયના જુના વિદ્યાર્થીઓએ** તેમનું મંડળ સ્થાપ્યું છે. શ્રી ચીમનલાલ પરીખ અને શ્રી અમૃતલાલ શાહ તે મંડળના મંત્રીઓ છે. ઉદ્દેશો સુન્દર છે. આ ઉદ્દેશો માટે તનમનથી મથવા અને સમાજ હીતની નવી નવી યોજનાઓ ઘડી કંઇ રચનાત્મક કાર્ય કરવા આ મંડળ બીડું ઝડપે તો તેનું અસ્તિત્વ સમાજ માટે અગત્યનું છે. જેટલી આશા આ મંડળ પાસેથી રાખી શકાય, તેટલી આશા બીજી કોઇપણ સંસ્થા પાસેથી ન રાખી શકાય આ સંસ્થા પાસે નવું લોહી તુરત વિચારો અને સમૂહ બળ છે.

વિદ્યાલયના તંત્રિ આ પ્રત્યે લક્ષ્ય બાળકની વાત્સલ્યતા રાખવી તેને ઉત્તેજન આપવું જરૂરી છે.

**"યુવક નવસૃષ્ટિનો સરજનહાર છે."** એ સત્ય જે આ ઉત્સાહી બંધુઓ શોભાવશે તેવી શુભેચ્છા પ્રદર્શિત કરી વિરમીશ.

(૯) આ બાબતમાં અત્યાર સુધી આપની તરફથી કંઇ પણ ખુલાસા થયા હોય તેમ જણાતું નથી ઉલટું ઉદ્દેશની નોંધ "સિદ્ધાંતમાં મત ભિન્નતા ફેલાવવાનો સંસ્થાનો આશય નથી" એવી જે ભારે ઢાલ બતાવવામાં આવે છે તેના વિરૂદ્ધ સંસ્થાનું વર્તન જૈન સમાજ જોઇ રહ્યા છે. કુસુમવિજય, કાન્તિલાલના દીક્ષા ત્યાગ સંબંધી અમદાવાદમાં મેજીસ્ટ્રેટે આપેલા જજમેન્ટમાં તે સંબંધી ટીકા પણ કરી છે, એટલે મારે કહેવું પડે છે કે આપની સંસ્થાના ઉદ્દેશ ઉપર અંધકાર છવાઇ રહ્યો છે, માટે જાહેર જનતા આગળ ખુલાસો કરો, જેથી સમગ્ર સાધુ સંસ્થાને કલંક લગાડનાર એવા કોણ કોણ સાધુ-સાધ્વીઓ છે તે જણાઇ આવે, અને જનતાને સાવધ રહેવાની સમજ પડે, આવી છે કે આપશ્રી ચીમનલાલ ઉપર પ્રમાણે પુછેલા પ્રશ્નોનો ખુલાસો આપી આભારી કરશે.

તા૦ ૧-૧-૩૨ વીરનગર.

# લોક સાહિત્ય અને જૈનો.

લેખક:— નિશાકાન્ત.

(તા૦ ૧૦-૧૨-૩૨ ના અંકથી ચાલુ.)

કવિ મેઘાણી જ્યારે જૈન સાહિત્યનો આશ્રય લે ત્યારે તેનો અર્થ શું હોઇ શકે. મેઘાણીની દરમ્યાનગીરી અર્થાત જૈન લોક-સાહિત્યકારોનો અભાવ. આ વિષે એક જ સીધો અને સરળ પ્રશ્ન હોઈ શકે કે તમારા સ્વામિત્વની વસ્તુ વિકાસ માટે બધી શક્તિ અન્ય વ્યક્તિ તરફથી ખર્ચવામાં આવે તો નથી લાગતું કે તમે પ્રસ્તુત વસ્તુનું સ્વામિત્વ ભોગવવા માટેની લાયકાત મેળવી નથી તેમ જ જો જૈન સાહિત્યમાં શ્રી મેઘાણીજી દરમ્યાનગીરી કરે તો એ માનવું યોગ્ય નથી કે જૈનત્વનું આપણે ભાન ગુમાવ્યું નથી. જૈન તરીકેના આપણા મમત્વનો ભાવાર્થ શું હોઇ શકે જૈન સાહિત્યના ઉંડા અને અઠંગ અભ્યાસી થવું જોઇએ, કારણ કે યુગયુગની ભારતની સંસ્કૃતિની રચનામાં જૈનત્વે પણ ફાળો અર્પ્યો છે. આપણી સંસ્કૃતિ અસ્તિત્વ ભોગવતી હોય તો ભારતના અધ્યાત્મવાદને આભારી છે. જ્યારે જૈનધર્મે સદાય અધ્યાત્મવાદનું જ પ્રબોધન કર્યું છે. કૃષ્ણ યુગથી માંડી આજ સુધીનું આખુંય લોક-સાહિત્ય અવલોકશું તો તેમાંથી શૃંગાર, વીર, કરુણ કે બીજા તેવા રસોનું સંમિશ્રણ હશે પરંતુ આજ સુધીના લોક-સાહિત્યના ઇતિહાસમાં ભક્તિરસે જોઇએ તેટલું સ્થાન મેળવ્યું નથી. જ્યારે જૈન સાહિત્ય તો ભક્તિરસથી તરબોળ છે. આજ કારણને લઇને જૈન સાહિત્ય પ્રજાવાદને પ્રગતિના પંથે તેના ભક્તિરસદ્વારા માર્ગદર્શક થઇ પડે એમાં શંકાને જરાએ સ્થાન ન હોય. પરંતુ સાહિત્યકારોના અભાવને અંગે જૈન સાહિત્યમાં છુપાયેલું લોક-સાહિત્ય દિન પ્રતિદિન કરમાતું જાય છે.

આજે તો આપણને આપણા પોતાના સાહિત્ય અને સંસ્કૃતિ વિષે જરાય અભિમાન નથી. આજે તો આપણે ગૌણ પ્રદ વિષય કંકાસ થઇ પડ્યો છે. આપણને આજે એક બીજા સાધુઓ સામે ગાળો પ્રદાન કરવાનો તેમ જ અયોગ્ય લેખો લખવાનો ભયંકર અને ચેપી રોગ લાગુ પડ્યો છે. નથી સંસ્કૃતિ કે સાહિત્યનું અભિમાન રહ્યું આપણને. પરંતુ આપણે કંકાસ પ્રત્યેથી જોડાઇ આપણી આશાભરી પ્રેરણાત્મક ઉદ્બોધદાયીની સંસ્કૃતિનો સંહાર કરવા બેઠા છીએ.

આમ સંહાર કરી આપણે સાચું જૈનત્વ ગુમાવવા બેઠીએ એ આજના વિપ્લવ સંક્રાંતિ અને ચેતનપ્રેરક યુગમાં કેમ પાલવી શકે, એ આજના યુગ સત્વશાલક યુવાનો પળવાર પણ કેમ નભાવી લે. જૈનત્વ રાષ્ટ્ર કે સમાજને કદી પણ વિઘાતક નિવડ્યું નથી તેનો સાક્ષાત્કાર જૈન સાહિત્ય છે. જૈન સાહિત્યે તો એકતા સાધના પ્રત્યે હંમેશાં દીલસોજી જ અર્પી છે પરંતુ આજની કેટલીક અધકચરા જ્ઞાનનો ડોળ ઉપાડનારી સમય ધર્મના સૂત્રોથી વંચિત રહેનારી અવિચારી સંકુચિત વિચારની વ્યક્તિઓએ જૈન સાહિત્યના વિપુલ અભ્યાસથી વંચિત રહી જૈન સાહિત્યનો અર્થ કરવામાં પોતાનું મનસ્વિપણું વાપર્યું છે એ ખરેખર પુરાતન જૈન સાહિત્યકારોને અન્યાય કરવા બરાબર છે. પ્રાચિન કાળમાં સાહિત્યનો વિકાસ થયો તેનું કારણ શું એ એક અગત્યનો પ્રશ્ન છે. પ્રાચિન ભારતના જૈનો કળા સાહિત્ય અને શાસ્ત્રના પરમોપાસકો હતા ભલે તેઓ તે વિષયમાં નિષ્ણાત ન હોય. પરંતુ તેથી જ્ઞાન કે કળા પ્રત્યેની તેમની અભિરૂચી નહોતી, તે તો ન જ કહી શકાય. દેલવાડા અને આબુના જૈન મંદિરો, ઉત્તર ગુજરાતને સીમાડેથી ઉભા ઉભા પણ એ સાક્ષ પૂરે છે. અરે શિલ્પીઓને ઓરસમાંથી જેટલી કોતરણી પડે તેના ભારોભાર સોનું આપતા. આનું પરિણામ શું આવ્યું ? શિલ્પ શાસ્ત્રીઓ અને સ્થાપત્યકારોએ મંદિરની ગૌરવવંતી કળામાં પોતાની કળા પ્રત્યેની ભાવના રેડી, પરંતુ વસમી વીસમી સદીના શ્રીમંતો કે જેના દેહના એકેએક અણુમાં મુડીવાદના આવરણો જડાયા છે. તેને નથી પડી કળાની કિંમત કરવાની કે નથી પડી સાહિત્યનો ઉદ્ધાર કરવાની. એ તો પોતાનું મનસ્વિપણું વધારે તેજસ્વી અને સચોટ કેમ બને એજ પ્રકારની ભાવનાને વાંચ્છી રહ્યા છે. હું પૂછું છું કે આજના કયા જૈન શ્રીમંતે, જૈન સાહિત્ય અને જૈન સંસ્કૃતિના વિકાસઅર્થે પોતાનો જીવનકાળ સમર્પ્યો છે ? તેઓ તો કેવળ લક્ષ્મીના ગુલામો બની જૈન સાહિત્ય કે જૈન સંસ્કૃતિનું ગમે તે થાય તેની લેશ માત્ર પરવા કર્યા વિના પૈસા પાછળ ઘેલા બન્યા છે. આમ સંગીન આર્થિકશક્તિ હોવા છતાં પણ જૈન સાહિત્ય પ્રત્યે પોતાની ફરજ બજાવવામાં નિષ્ફળ નિવડી એ શ્રીમંતો સમાજને કલંક તેમજ ભારરૂપ થઇ પડ્યા છે, આજે જો તેમને ઝગડા લડવા હો તો તેમાં જરાય પાછા નહિ પડે. આમ તેમની વિલીન થતી શક્તિ જોઇ ખેદ ઉત્પન્ન થાય એટલુંજ નહિ પરંતુ સમાજ તેમજ રાષ્ટ્રને માટે પણ શરમનો વિષય પણ ગણી શકાય.

લોક સાહિત્યના મોંઘા અભિલાષ આપણે પ્રજાવાદ પામી શક્યો નથી, તેનું કારણ શ્રીમંતોની તુમાખીજ કહી શકાય, શિષ્ટ અને સંસ્કારી સાહિત્ય હું પ્રથમ ભાગમાં જણાવી ગયો તેમ ભાષા શાસ્ત્રી, અક્ષર શાસ્ત્રી અને શબ્દ શાસ્ત્રીઓએ જ રચ્યું છે. આ વર્ગ શ્રીમંતો સાથે નીકટ પરીચયમાં આવતો હોઇ કેટલાક શ્રીમંતોની સહાયથી આ વર્ગનું સર્જીત શ્રેયાર્થી સાહિત્યમાં પ્રજા જીવનનું સાચુ ચિત્ર આલેખી શક્યો નથી તેનું કારણ તેને સામાન્ય અને દલીત પ્રજા વચ્ચે રહી જીવનનો મહામૂલો આદર્શ આલેખવાનો અવનવો અવસર તેને સાંપડ્યો નથી. જ્યારે લોક સાહિત્ય લોક જીવનની સાચી છાયાનુંજ દીગ્દર્શન કરાવે છે. લોક સાહિત્યકારનો મોટો સમુહ પ્રસ્તુત વર્ગમાંથી પરિણમ્યો છે આથી તેમના સર્જેલા સાહિત્યના ગદ્ય પદ્યનાં વિષયમાં લોક જીવનનું સાચું ચીત્ર આલેખાયું છે જ્યારે એક પ્રખર સાહીત્યકારની ચીવાર કલમમાં એ વસ્તુ પરિણમતી નથી, અરે લોક કવીઓએ તો લોક જીવનના મોંઘા અભિલાષો સરજાવતા અનેક રસો હૃદયોને હસતાં કર્યાં છે અને હસતાને રડાવ્યા છે પરંતુ પ્રખર સાહિત્યકારમાં હું હજુ સાચાં ચિત્રો-લેખન જોઇ શક્યો નથી પણ અફસોસ એટલો જ છે કે એવા લોક કવી કે સાહિત્યકારોને જોઇએ તેટલો આદર મળતો નથી અને આદરના અભાવે કરીને. હજુ કેટલુંક સાહિત્ય ચીમળાઇ જાય છે. અને જે સાહિત્ય કેક લોક કવીઓ કે સાહિત્યકારોના હૈયે જન્મી હૈયે મરે છે, તેની સર્વ જવાબદારી આપણા શ્રીમંતોમાં રહેલી ઘૃણાત્મક દ્રષ્ટિ જ ગણી શકાય. જેઓએ હજુ સુધી લોક

# धर्मों में भिन्नता.

धर्मोंमें भिन्नता होसकती है या नहीं–इस प्रश्नका उत्तर देनेके पहिले संक्षेप में यह विचार करलेना उचित है कि धर्म क्या है? और उसकी आवश्यकता क्यों हुई? किस कार्य के लिये धर्मकी आवश्यकता हुई धर्मोंकी भिन्नता उसकार्यमें साधक है या बाधक? यदि बाधक है तो वह भिन्नता नष्ट की जा सकती है या नहीं? अथवा उसकी बाधकता का लोप किया जा सकता है या नहीं?

साधारण लोगोंकी मान्यता यह है कि धर्म परलोक के लिये है यह बात मानी जा सकती है कि धर्मसे परलोक सुधरता है, परन्तु धर्मोंकी उत्पत्ति लौकिक आवश्यकता का ही फल है। पारलौकिक फल तो उसका आनुषङ्गिक फल है। जैन धर्मके अनुसार जिस समय यहां भोगभूमिथी अर्थात् युगलियोंका युग था उस समय यहां पर कोई भी धर्म नहींथा –यहाँतक कि जैनधर्म भी नहीं था! इसका कारण यही है कि उस समय मनुष्य को कोइ लौकिक कष्ट नहीथा! उस समय साम्यवाद इतने व्यापक रूपमें था कि प्राकृतिक दृष्टिसे भी लोगोंमें कोइ विषमता नहीं थी। जैनशास्त्र कहते हैं कि उस समय स्त्री पुरुषोंके शरीरकी तुलना में भी विषमता नहीं थी, उस समय कोई राजा या अफसर नहींथा, वैयक्तिक सम्पत्ति नहीं थी, अत्याचार अनाचार आदि नहीं था, स्वामी सेवकका भेद न था! जैनशास्त्र उस कालको पहिला आरा या सबसे अच्छा काल कहते हैं और कहते हैं कि उस समय यहां कोइ धर्म नहींथा। जैनशास्त्रोंके इस वर्णन के पोषणमें आज हम ऐतिहासिक प्रमाण भलेही न देसकें परन्तु उससे इतना तो मालूम होता है कि जैन धर्मके संस्थापक प्रवर्तक और संचालक जिसे सबसे अच्छा काल कहते हैं वह काल धर्म रहित था, श्रीमानों और गुरुओंके बोझसे रहित था। जैनधर्मके अनुसार जब यह काल नष्ट हो गया तब राजा श्रीमान् आदि पैदा हुए, कष्ट बढे। उसके बाद अनेक धर्म पैदा हुए। इससे यह बात सिद्ध होती है कि जबतक समाजमें विषमता पैदा नहीं होती, समाज दुःखी नहीं होता, तब तक कोइ धर्म पैदा नहीं होता। धर्मकी उत्पत्ति दुःख को दूर करनेके लिये ही हुई। गीता का यह प्रसिद्ध श्लोक भी इस बातका समर्थक है:–

यदा यदाहि धर्मस्य ग्लानि र्भवति भारत।
अभ्युत्थानमधर्मस्य तदात्मानम् सृजाम्यहम्॥

ईश्वरको अगर हम धर्म प्रवर्तक मानेतो इसका यही अर्थ है कि दुःखको दूर करने के लिये ईश्वरका या धर्मका अवतार होता है। महात्मा बुद्धने संसारको दुःखसे छुडानेके लिये एक धर्म संस्थाको जन्म दिया। महात्मा ईसा, महा पुरुष मुहम्मद आदि, संसारके सभी धर्म संस्थापकोंने दुःखी समाजके दुःखको दूर करनेके लिये धर्मसंस्थापना की है और अपना जीवन अर्पण किया है।

धर्म सुखके लिये इस सर्वसम्मत बातको सिद्ध करनेके लिये अधिक प्रमाणदेनेकी तो जरूरत ही नहीं है किन्तु साथही उपयुक्त वक्तव्यसे यह बातभी सिद्ध होती है कि धर्म, समाज के ऐहिक (वर्तमानके) दुःखोंको दूर करनेके लिये पैदा होता है।

धर्मकी आवश्यकता क्योंहुई–जब हमें यह बात मालूम होगइ तब, धर्म क्या है, इसके समझनेमें कठीनाई नहीं रहजाती! क्योंकि धर्म जब दुःख दूर करनेके लिये है तबजिन कार्यों से दुःख दूर हो सकता है वे कार्य धर्म कहलाये। जब सभी धर्म दुःख दूर करनेके लिये है, तब उनमें परस्पर विरोधता होनाही न चाहिये उनमें जो भिन्नता होगी वह तात्त्विक भिन्नता न होगी, किन्तु उनके व्यवहारिक रूपोंकी भिन्नता होगी, इतना ही नहीं किन्तु व्यावहारिक रूपों के बाह्य कारणोंकी भिन्नता होगी। —अपूर्ण.

---

સાહિત્યને જોઈતો આવકાર આપ્યો નથી. કોઈ ભોજક કે કોઈ નવો જીવ રચી લાવેલો તેની કળાની કદર કરવામાં આવશે નહિ. પરંતુ તેને અવગણવામાં આવશે આવા પ્રસંગે ઉપસ્થીત થતાં અનેકગણું લોક–સાહિત્ય દટાઈ જાય છે, અને તેથી તે સાહિત્યમાં રહેલી વિશિષ્ટતાનો સામાન્ય પ્રજાને લાભ મળી શકતો નથી. કોઈ પૂછશે કે આવું જૈન સાહિત્ય ક્યાં આવ્યું? કેટલુંક જૈન સાહિત્ય એવું છે કે જેને જૈન તેમ જ જૈનેતર પ્રજા પણ ગાય છે તેમ જ વાંચે છે. આનંદઘનજીના પદો તેમ જ વીરવિજયજી, યશોવિજયજીના સ્તવનો તેમ જ સઝાયો એવાં છે કે જેમાંથી લોક–સાહિત્યમાં એક નવો જ રસ દાખલ કરી શકાય. એટલું જ નહિ પરંતુ ભારતની સંસ્કૃતિની પુનર્રચના માટે કેટલાંક જવલંત દૃષ્ટાંતો પણ સંપ્રાપ્ત કરી શકાય. જો કે આ સ્તવન અને સઝાયોમાંનું કેટલુંક સાહિત્ય જૈન જૈનેતર સમાજમાં પણ ગવાય છે પરંતુ સમાજ પાસે નથી લોક–સાહિત્યકાર કે નથી તેવા સાહિત્યકારોને આશ્રયદાતાઓ, જો આ બન્ને વસ્તુ સાંપડે તો ભારતીય સંસ્કૃતિના ઇતિહાસમાં સુંદર સોહી ઉમેરનાર જૈન સાહિત્ય સાહિત્યની આલમમાં અનોખું અમરત્વ ભોગવે અને જૈન સાહિત્યમાં રહેલું વિશિષ્ટ જગતની પ્રજા પણ જાણશે.


## વિદ્વાનોને ખુશ ખબર.

### (ન્યાયનો અપૂર્વ ગ્રંથ)

જેની ઘણા સમયથી રાહ જોવાઈ રહી હતી અને જે કલકત્તા, મુંબઈ અને બીજી અનેક યુનિવર્સિટીના ગ્રેજ્યુએટના કોર્સમાં ન્યાય પ્રથમામાં, અને એજ્યુકેશન બોર્ડમાં દાખલ થયેલ છે, તે ન્યાયનો અદ્વિતીય ગ્રંથ "प्रमाणनयतत्त्वालोक" (પ્રમાણનયતત્ત્વાલોકાલંકાર) કે જેને ન્યાયશાસ્ત્રના ધુરંધર વિદ્વાન વાદિદેવસૂરિએ બનાવેલ છે. તે સરલ અને સુંદર બાલબોધિની નામની તદ્દન નવી અપ્રસિદ્ધ ટીકા સાથે થોડા સમયમાં બહાર પડશે. આ ગ્રંથને ન્યાય–કાવ્યતીર્થ, તર્કાલંકાર મુનિરાજશ્રી હિમાંશુવિજયજીએ એડીટ કરેલ છે અને જેમાં નોટ, પાઠાંતર, અનુક્રમણિકા આદિ આપી પ્રસ્તાવનામાં ગ્રંથ, ગ્રંથકાર અને જૈન ન્યાયના વિષયમાં સારો પ્રકાશ પાડ્યો છે. અકાનીશ રતાશી સુંદર કાગળમાં, કાઉન સોળપેજી સાઈઝમાં લગભગ સત્તાવીસ ફરમા દળદાર ગ્રંથની કિંમત માત્ર રૂ. ૦–૧૪–૦ રાખવામાં આવી છે. પોસ્ટેજ અલગ.

મળવાનું ઠેકાણું:—

મેસર્સ એમ. એમ. એન્ડ કું. મુ. પાલીતાણા (કાઠીઆવાડ)

શ્રીવિજયધર્મસૂરિ ગ્રંથમાળા છોટા સરાફા ઉજ્જૈન (માળવા)


Printed by Lalji Harsey Lalan at Mahendra Printing Press, Gaya Building Masjid Bunder Road Bombay, 3. and Published by Shivlal Jhaverchand Sanghvi for Jain Yuvak Sangh. at 26-30, Dhanji Street Bombay, 3.

યુવક પરિષદ્‌ની આવશ્યકતા (૨)

Reg. No. B. 2917
*Tele. Add.* 'Yuvaksangh'

# પ્રબુદ્ધ જૈન.

સમાજ, ધર્મ અને રાષ્ટ્રની સેવા બજાવતું નૂતનયુગનું જૈન સાપ્તાહિક.



| | | |
|---|---|---|
| છુટક નકલ ૧ આનો<br>વાર્ષિક રૂા. ૨-૮-૦ | શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર.<br>તંત્રી:-ચન્દ્રકાન્ત વી. સુતરીયા. | વર્ષ ૨ જું, અંક ૧૨ મો.<br>શનીવાર તા. ૧૪-૧-૧૯૩૩. |



## શ્રી મુંબઈ જૈન યુવક સંઘ.

### સામાન્ય સભા.

સર યુલર

બ્હેનો અને ભાઈઓ,

વિ. વિ. સાથે વિજ્ઞપ્તિ કે મજકુર સભાની એક મીટીંગ તા. ૨૨-૧-૩૩ રવિવારના રોજ રાત્રીના આઠ વાગે (સ્ટા. ટા.) શ્રી સંઘની ઓફીસમાં નીચેનું કાર્ય કરવા મળશે. તે પ્રસંગે વખતસર જરૂર પધારશો.

૧ કાર્યવાહક સમિતિએ પાસ કરેલ ઓડીટ થએલ હિસાબ તથા રિપોર્ટ પાસ કરવા.
૨. ઉમેદવાર પત્રો ઉપરથી, કાર્યવાહક સમિતિ, મંત્રીઓ અને ઓડીટરોની ચુંટણી કરવા.
૩ આપણા સંઘના ધારાધોરણમાં સુધારો વધારો સુચવતો ભાઈ મનસુખલાલ હીરાલાલ લાલનનો ખરડો રજુ કરવામાં આવશે.

લી૦ સેવકો.
મંત્રીઓ.

તા. ક:-સંઘના સભ્યનું તથા "પ્રબુદ્ધ જૈન"નું જેઓએ લવાજમ ન ભર્યું હોય તેઓ સાથે લેતા આવવા મહેરબાની કરે.

ઓડીટ થએલા ચોપડા શ્રી સંઘના સભ્ય માટે જોવાને ઓફીસમાં ખુલ્લા છે.

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સભ્યોને અગત્યની સૂચના

શ્રીમતી
શ્રીમાન્

વિ. માં વિજ્ઞપ્તિ કે મજકુર સંઘની તા. ૮-૧-૩૩ ના રોજ મળેલ કાર્યવાહક સમિતિએ ચાલુ સાલના વહીવટ માટે નવી કાર્યવાહક સમિતિની ચુંટણી કરવાનું ધોરણ ઉમેદવાર-પત્રપર નક્કી કર્યું છે ને તે લેવાની છેવટની તારિખ ૨૨-૧-૩૩ નક્કી કરી છે, તેથી આપને ઉમેદવારી કરવી હોય તો નીચે મુજબ પત્ર ભરીને મુકરર કરેલ મુદત પહેલાં મોકલી આપશો. અને જેઓ આપના યુવક સંઘના સભ્ય હોય તેવા કોઈપણ ભાઈની ટેકો આપનાર તરીકે પત્રકમાં સહી કરાવશો.

લી સેવકો.

### ઉમેદવાર પત્ર.

મુંબઈ તા. - -૧૯૩૩

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મંત્રીઓ જોગ,

મુંબઈ

વિ. માં હું નીચે સહી કરનાર શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો સભ્ય છું. અને કાર્યવાહક સમિતિની નવી ચુંટણીમાં મારી ઉમેદવારી જાહેર કરું છું તેની નોંધ લેશો.

લી.

ટેકો આપનાર સભ્યની સહી

ઉમેદવારી કરનાર સભ્ય શ્રી જૈન યુવક સંઘના સભ્ય છે અને તેઓને હું ટેકો આપું છું.

લી૦

पुरिसा ! सच्चमेव समभिजाणाहि ।
सच्चस्स आणाए से उवट्ठिए मेहावी मारं तरइ ॥

હે મનુષ્યો ! સત્યને જ બરાબર સમજો. સત્યની આજ્ઞા પર ખડો થનાર બુદ્ધિવાન્ મૃત્યુને તરી જાય છે.

( આચારાંગ સૂત્ર)


# પ્રબુદ્ધ જૈન.

શનીવાર તા૦ ૧૪-૧-૩૩.


## યુવક પરિષદ્‌ની આવશ્યકતા.

(૨)

ગતાંકમાં યુવક પરિષદ્‌ની આવશ્યકતા શા માટે છે, તે આપણે વિચારી જોયું, હવે ક્યાં ભરવી, કઇ રીતે ભરવી વગેરે પ્રશ્નો આજે વિચારી જોઇએ.

પ્રથમ તો યુવક પરિષદ્ એવા સ્થાનમાં ભરવી જોઇએ કે જ્યાં સ્વતંત્ર વાતાવરણ હોય, કાર્યવાહકો ઉત્સાહી હોય, સેવાભાવી, શાસન અને સમાજોન્નતિના પિપાસુ હોવા જોઇએ. મુંબઇ આ બાબત માટે કેન્દ્ર છે. દુનીયાની દરેક પ્રવૃત્તિના પડઘા પહેલાં અહિં જ પડે છે, અહિંથીજ વિવિધ પ્રવૃત્તિનાં રૂપમાં તે હિન્દુસ્તાનના દરેક વિભાગમાં ફરી વળે છે. યુવક શક્તિનું મૂર્તિમંત સ્વરૂપ જોવું હોય તો અહિંથીજ મળી શકશે. આ યુવક શક્તિનો સદુપયોગ કરવાનો કોઇ ભાવનાશાળી નિશ્ચય કરી આગેવાની લે તો જરૂર તે સમાજ અને શાસન માટે આશીર્વાદરૂપ થઇ પડે, હેમાં જરાએ શંકા નથી. મુંબઇને આંગણે અનેક વખત આવી પરિષદો ભરાઇ છે, હેનાં યુવકોને એ બાબતનો સંપૂર્ણ અનુભવ છે. જો કે પરિષદોમાં કોઇક વખત આપણી દૃષ્ટિએ નિષ્ફળતા સાંપડે છે, પરંતુ પ્રમાણિક ઉદ્દેશથી જે કાર્ય કરવામાં આવે છે તે કદિ નિષ્ફળ નિવડતુંજ નથી. આપણે ફરી વાર શા માટે પ્રયત્ન ન કરવો ?

બીજે નંબર વડોદરા અમારી દૃષ્ટિ સમક્ષ તરવરે છે વડોદરા એ દરેક બાબતમાં ગુજરાતની મોખરે છે, સામાજીક અને રાજકીય, બન્ને સુધારાઓમાં મોખરેજ રહે છે, ત્યાંના યુવકોમાં શક્તિ છે, ઉત્સાહ છે, જોમ અને કાંઇ કરવાની તમન્ના છે, વડોદરા જો ધારે તો સમગ્ર જૈન સમાજના યુવકોનું એ સંમેલન કરી શકે, મુનિરાજ શ્રી ન્યાયવિજયજી મહારાજ જો આ બાબત માટે નિશ્ચય કરે તો કંઇ અશક્ય નથી.

ત્રીજે નંબરે ખંભાત આવે છે જો કે અહિં નવા અને જુના બન્નેનું સમાન બળ છે. પરંતુ સમાજના ઇતિહાસમાં ખંભાતનું સ્થાન કંઇ ઉતરતું નથી. પ્રસિદ્ધ જૈન પુરીઓમાં પણ ખંભાતનું સ્થાન અપૂર્વ છે. ભૂતકાળમાં અનેક વખત સમાજના અધિષ્ઠાતાઓએ અહિંથીજ પ્રેરણા મેળવી સમાજની સ્થિતિમાં ફેરફારો કર્યાં છે. ધર્મ, સમાજ અને રાષ્ટ્ર, દરેક માટે અહિંથી આપણે ખૂબ પ્રેરણાઓ મળી છે. આજે તે કાં પહેલ ન કરે ? ત્યાં પણ ઉત્સાહી અને આત્મભોગી યુવાનોનું અસ્તિત્વ જરૂર છે, "ચોકસી" જેવા જો વિચાર કરે તો જરૂર આ લાભ મેળવી શકે. ખંભાત એટલે નવી અને જુની બન્ને સંસ્કૃતિઓનું કેન્દ્ર. અહિંના વાતાવરણમાં જો વિચારણા ચાલશે, જો રાહ નક્કી થશે તે સર્વમાન્ય થશે કારણ કે ત્યાં પ્રત્યાઘાતી બળનું પણ અસ્તિત્વ છે.

ચોથે નંબરે ઉજ્જૈન આવે છે, આર્યાવર્તનું આ પુરાણું નગર હજુ પણ વિદ્યા અને કાન્તિનું કેન્દ્ર છે, હિન્દુ સંસ્કૃતિમાં આ નગરનું અનોખું સ્થાન છે, હેને પવિત્ર તીર્થ પણ માનવામાં આવ્યું છે. દર બાર વરસે અહિં એક મેળો ભરાય છે, જહેને કુંભનો મેળો એ નામથી ઓળખવામાં આવે છે, આ મેળામાં બહારથી એટલે કે હિન્દુસ્તાનના જુદાં જુદાં સ્થળેથી લગભગ દશથી બાર લાખ માણસ ભેગું થાય છે, હેમાં અનેક સાધુઓ પણ આવે છે, આ બધાને સીધું સ્ટેટ પુરૂં પાડે છે, એટલે ગ્વાલીયર સ્ટેટને આ મેળાને અંગે લગભગ પંદરથી વીશ લાખનું ખર્ચ કરવું પડે છે. આ શિરસ્તો ચંદ્રગુપ્ત મહારાજાના વખતથી ચાલ્યો આવે છે, ને ત્યાં દરેક ધર્મના કેમ્પો પડે છે, આ પ્રસંગનો લાભ લેવા ખાસ કરીને વ્યાખ્યાતૃ ચુડામણિ શાસનદીપક મુનિરાજ શ્રી વિદ્યાવિજયજી મહારાજ ઉપર દૃષ્ટિ ઠરે છે. હેમનામાં ઉત્સાહ છે, સમાજ અને ધર્મને ઉન્નત બનાવવાની ભાવના છે, ભૂતકાળમાં યુવકોને અનેક વખત પ્રેરણા આપી છે, તેઓ જો ધારે તો આ પ્રસંગનો લાભ જૈન સમાજને જરૂર મેળવી આપે કારણ કે ગ્વાલીયરની મહારાણી સાહેબ તથા ત્યાંની ગવર્નમેન્ટમાં હેમની પૂરેપૂરી લાગવગ છે એટલે પુરતી સગવડ સાથે આપણે ત્યાં સારામાં સારો સ્વતંત્ર જૈન કેમ્પ ઉભો કરી શકીએ, જો કે ગુજરાતીઓ માટે આ સ્થળ દૂર જરૂર છે પણ ઉજ્જૈન એ ઐતિહાસિક દૃષ્ટિએ ખાસુંજ મહત્વનું શહેર છે, વળી કુંભનો મેળો છે, અનેક પુરાણા સ્થાનો ઉજ્જૈનમાં જોવા જેવાં છે, ત્યાંના ખંડિયેરો આજે પણ કાળનો પડઘો ઝીલતાં શૌર્ય અને જાહોજલાલીનું મૂર્તિમંત સ્વરૂપ ખડું કરે છે. આપણે ત્યાં પણ ઉજ્જૈન તીર્થ તરીકે મનાયું છે. અવંતી પાર્શ્વનાથનું એ ધામ છે, સિદ્ધસેન દિવાકર જેવા મહર્ષિઓએ વિક્રમ જેવા પ્રતાપી રાજાઓને અહિંથીજ પ્રતિબોધિત કર્યા હતા, એટલે આ સ્થાન પણ કંઇ જેવું તેવું નથી. વળી મુનિરાજ શ્રી વિદ્યાવિજયજીનો પણ આપણે પૂરેપૂરો લાભ લઇ શકીએ. માળવાના યુવકોમાં અગર મુનિશ્રી આ બાબત પ્રેરણા રેડે તો જરૂર સમાજને આવશ્યકીય લાભ થાય.

આ ચાર સ્થળો શિવાય મારવાડનો ગોડવાડ પ્રાંત પણ અગર ધારે તો આ કાર્ય હાથમાં લઇ શકે, ત્યાં અનેક સુધારાઓને અવકાશ છે, ત્યાં પણ અમુક કાર્યકર્તાઓ છે કે જેઓ આવું સંમેલન ઇચ્છે છે. ખાસ કરીને સોહનલાલજી અને પુખરાજજી ઇચ્છે તો હેમને માટે આ કાર્ય ઘણુંજ સરળતા ભર્યું છે. આ બધાં સ્થાનો યુવક પરિષદ્ માટે અનુકૂળ છે, આવા કાર્યો જો સ્થાનિક યુવકો હાથમાં લે તો ખર્ચ માટે તો ચિંતાજ ન હોય, કારણ કે સ્વાગત સમિતિમાંથી ખર્ચ ઉભો થઇ શકે છે. જોઇએ છીએ આટલા સ્થાનોમાંથી યુવક પરિષદ્ ભરવા કોણ પહેલ કરે છે ?


### ચોપડીઓ આવી ગઇ છે.

પજુસણ વ્યાખ્યાન માળાની ચોપડીઓ છપાઇને આવી ગઇ છે. ગ્રાહકોએ યુવક સંઘની ઓફીસમાંથી લઇ જવા મહેરબાની કરવી.

# પા....ટ....ણુ....નો....પ....ત્ર.

જૈન સમાજની હસ્તી, કીર્તિ વિ૦ જે કહો તે તેના જૈન મંદિરો અને જ્ઞાન મંદિરો છે, એમ કહીએ તો ખોટું નથી. આ બન્ને મંદિરોમાં જૈન મંદિરોમાં પૈસાની દ્રષ્ટિએ શહેરની સ્થિતિ સારી ગણાય, ત્યારે ગામડાની સ્થિતિ ઘણે ભાગે સારી ન ગણાય. જ્ઞાન મંદિરોની સ્થિતિ શહેર કે ગામડે કોઈ સ્થળે સમાજને શોભાવે તેવી તો નહિજ. જ્ઞાન મંદિરોમાં આપણું પાટણ અગ્રસ્થાન ભોગવે છે. અહિં ઘણાજ કિમ્મતી અને બેનમુન જ્ઞાન ભંડારો છે. તે જૈન સમાજ તો શું પણ જૈનેતરો અરે પાશ્ચાત્ય વિદ્વાનો પણ જાણે છે.

પેરીસમાં રહેતા ડૉ. સીલ્વનલેવી જૈન સાહિત્યના અભ્યાસી ગણાય છે, તેમને જૈન સાહિત્ય માટે માન છે, એટલે પાટણના જ્ઞાનભંડારો અંગે માન હોય તેમાં નવાઈ શી? તેમણે પેરીસમાં નામદાર ગાયકવાડ સરકારની લીધેલ મુલાકાતમાં સાહિત્યની વાતચીત કરેલી એટલે તેમાં પાટણના ભંડારો અંગે પણ વાત થઈ હોય તો બનવાજોગ છે.

નામદાર ગાયકવાડ સરકાર સાહિત્યના રસિયા અને કિંમત આંકનારા રાજવી છે, એટલે એમને સાહિત્યના ફેલાવા અંગે એમના રાજ્યમાં અનેક સગવડો કરી છે, પછી તેમનીજ હકુમતના શહેરમાં બેનમુન પુસ્તકોના ભંડારો હોય તે જોવાની કે તપાસવા ઈચ્છા થાય એ બનવાજોગ છે, એટલે તે તપાસી તેમ આજસુધી પ્રગટ થવા ન હોય તેવા અગત્યના હસ્તલેખિત પુસ્તકો પ્રગટ કરવાને તેઓએ શ્રી ભટ્ટાચાર્ય, પંડિત શ્રી લાલચંદભાઈ, શ્રી ભટ્ટ સાહેબ, રા. રા. મહાસુખભાઈ વિગેરેની એક કમીટિ નીમી. આ કમીટિએ પાટણ પધારીને તા૦ ૪-૧-૩૩ ના રોજ સાગરના ઉપાશ્રયમાં બિરાજતા શ્રી પ્રવર્તકજી કાન્તિવિજયજી મહારાજની મુલાકાત લીધી. અને તેઓની સાથે વાટાઘાટ બાદ મુનિરાજ શ્રી ચતુરવિજયજી તથા મુનિરાજ શ્રી પુન્યવિજયજી તેમ નગરશેઠ કેશવલાલ ભાઈ, રા. વિદ્યાધિકારી અને રા. વહિવટદાર સાહેબ વિગેરે મંડળી જ્ઞાન ભંડારો જોવા નીકળી.

પહેલે દિવસે એટલે તા૦ ૪-૧-૩૩ ના રોજ વખતજીની શેરી અને સંઘવીના પાડાના જ્ઞાન ભંડારોનું નિરીક્ષણ કર્યું, જે ભંડારો માટે શ્રી પ્રવર્તક કાન્તિવિજયજીના પ્રયાસથી તેના ઉધ્ધારનું કામ ચાલુ થઈ કબાટો તૈયાર થઈ ગયાં છે. લાકડાના ડબ્બાઓનું કામ ચાલુ છે એટલે ટુંક વખતમાં તે ભંડારો કંઈક વ્યવસ્થિત થઈ જશે એમ લાગે છે.

બીજે દિવસે ઝવેરીવાડામાં શ્રી વાડી પાર્શ્વનાથજીના દહેરાસરજીનો ભંડાર અને તેની વ્યવસ્થા જોઈ. સાથે ભૂતકાળમાં લાકડ કામની ઉત્તમ કારીગરીથી શોભતા દહેરાસરની જગ્યાએ પાષાણમય ભભકાદાર મંદિરમાં પ્રાચિન પાષાણ પરિગ્રહ અને પ્રતિમાઓ જોઈ હર્ષ થયો, પરંતુ જુના મંદિરના લાકડ કામના બેનમુન કળામય નમુનાઓનો સંગ્રહ ન જોતાં ખેદ થયો. જેને કળાની કિંમત નથી, કારીગરીની પિછાણ નથી, તેવાઓ તેનો સંગ્રહ કરે કે પૈસા ઉપજાવી લે? આપણી કમનશીબી છે કે તેવા કળામય મંદિરોના વિભાગો સાચવવાની કાળજીવાળા અથવા તેની કિંમત આંકનારા ઘણા ઓછા છે.

વાડી પાર્શ્વનાથનો ભંડાર જોયા પછી ફોફળીઆવાડામાં ચોકસીની શેરીનો ભંડાર જોયો, મકાનમાં શરદીનો ભાગ વિશેષ અને પુસ્તક સાચવવાની કાળજી ઓછી એટલે કમીટીએ સ્થળ બદલવાની સૂચના કરી. ખેતરવસીના પાડામાં ભંડાર જોવા ઉપડ્યા.

આ ભંડારમાં લગભગ પોણોસો તાડપત્ર ઉપર લખાએલ કિંમતી પુસ્તકો સાધ્વીના ઉપાશ્રયમાં એક કબાટમાં અંદર પડેલાં જોયાં. સંઘ સોસાયટીના ઝઘડા અંગે પુસ્તકોનું લીસ્ટ જોવા ન મળી શક્યું એટલે થોડાક પુસ્તકોના બંધનો છોડી જોયાં તો કેટલાક પુસ્તકોમાં ઉધેઈએ ઘર કરી ખરાબી કરી છે જ્યાં ખેતરવસીના પાડામાં આવેલ ઉપાશ્રયનાં ઉદ્ધાર શ્રી ધર્મવિજયજીએ તેમના અને તેમની સાધ્વીઓના ઉપાશ્રયમાં પોતાના નામની તકતીઓ મારવામાં જેટલી કાળજી અને ચોકસાઈ બતાવી છે, તેટલી ચોકસાઈ આ બેનમુન ગ્રંથ માટે બતાવી હોત તો જેની કિંમત પણ આંકી શકાય નહિં તેવા રત્નમય ગ્રંથોની આ સ્થિતિ થાત નહિં. પુસ્તકોની આ સ્થિતિ સંઘ સોસાયટીના ઝઘડાએ નથી કરી. પરંતુ સાધુ અને શ્રાવકોની બેકાળજી. કહો-કમ અક્કલ કહો; ગમે તેમ પણ તે પુસ્તકોના ઉદ્ધારની જેમ બને તેમ તાત્કાલીક જરૂર છે. જો ઢીલ થશે તો ભુકો થઈ જવા સંભવ છે. એટલે તેના વહીવટકર્તાઓનો અથવા જે સાધુની સત્તા હોય તેમને વિનવિએ છીએ કે આ પુસ્તકોનો જલદી ઉદ્ધાર કરે.

અઘોરના સાગરના ઉપાશ્રયનો નાનો ભંડાર જોયો. મહારાજશ્રીની દેખરેખથી સાચવણી સારી છે. પરંતુ ચોમાસામાં ઉપાશ્રયનાં છાપરામાંથી પાણી પડતું હોવાથી પુસ્તકોના કબાટને નુકશાન પહોંચે છે. તો ઉપાશ્રયના સંચાલકો આ બાબત કાળજી રાખશે. નાના ભંડારને નીહાળી, ભાભાના પાડે આવેલ જ્ઞાન ભંડારને જોયો. ત્યાં હસ્તલેખીત પ્રતો સારા પ્રમાણમાં છે. પણ અવ્યવસ્થીતતાને લીધે વ્યવસ્થિત કરવાની જરૂર છે.

આ પ્રમાણે પાટણના જ્ઞાન ભંડારોનું નિરીક્ષણ કરી કમીટિએ જે સૂચનાઓ કરી તેમાંની મુખ્ય સૂચના એ હતી કે "દશ પંદર હજાર ખર્ચી એક નાનકડું જ્ઞાન મંદિર બાંધી પાટણના તમામ ભંડારોનો તેમાં સંગ્રહ કરી સ્ટીલના કબાટોમાં લાકડાના ડબ્બાઓ અંદર પુસ્તકો રાખી કેન્દ્ર બનાવવામાં આવે તો તે માટે જોઈતી સલાહ, સૂચના અને જરૂર પડે તો તે આવીને જાતે કામ કરી જવાની પંડિતજી અને ભટ્ટાચાર્યે ખુશી બતાવી.

જેવી રીતે પાટણ જ્ઞાન ભંડારો માટે પ્રખ્યાત છે. તેવીજ રીતે લક્ષ્મી ભંડારો માટે એટલે ધનિકો માટે પણ જાણીતું છે. અને તેમાં પણ આપણો સમાજ અગ્રસ્થાન ભોગવે છે. છતાં લક્ષ્મી નંદનો! બેપરવાહ છે અથવા અણસમજ જ્ઞાનની કિમ્મત નથી. નહિ તો પાટણમાં દશ પંદર હજાર શું? લાખના ખર્ચે તમામ સગવડવાળું સુંદર જ્ઞાન મંદિર ઉભું થઈ જાય. ઉજમણાં માંડીને, સંઘો કાઢીને, બે ટંક મીસ્ટાન્ન ઉડાડીને, નવકારસી કરીને, લાખોના ખર્ચ કરનારાઓ જ્ઞાન મંદિરની મહત્તા વિચારશે? જે વખતે જ્ઞાન ભંડારોનાં અનેક કિમ્મતિ ગ્રંથો ઉધઈના ભોગ બની ભુકો બની જવાથી નદીમાં પધરાવતા, તે વખતે તે ભંડારોના ઉદ્ધાર માટે પ્રવર્તક શ્રી કાન્તિવિજયજી મહારાજ પાટણ રહીને પુસ્તકોની સુધારણા કરી ઉદ્ધાર અર્થે અવારનવાર ઉપદેશો આપ્યાજ કરે છે. ત્યારે પાટણમાં ચોમાસાં રહીને ઉપાશ્રયો ગજવનારા બીજાઓ ધ્યાન લેશે, એ કેવી નવાઈ? પાટણના લક્ષ્મીનંદનોને અને પાટણ આવતા મુનિરાજોને વિનવિએ છીએ કે પાટણના જ્ઞાન ભંડારો માટે ધ્યાન આપી અને પાટણના આંગણે નમુનેદાર જ્ઞાનમંદિર ઉભું કરીદે, નહિંતો જે સ્થિતિ છે તે કાયમ રહેશે, અગર તેમાં બગાડો થશે તો, પુસ્તકો રહ્યાં છે તે નષ્ટ થઈ જશે. તો આપણા જૈનોને રડવાનું રહેશે- પડશે.

## અમદાવાદના.......અવનવા.

(૧) આણંદજી કલ્યાણજીની પેઢીનાં જે નોકરોનો પગાર વધુ પડતો હતો, તેમના ઉપર કાપકુપની કાતર ચાલી છે. કેટલાક ફાલતુ નોકરોને કમી કરવા માટે પેઢી ગંભીર પણે વિચાર કરી રહેલ છે એમ લાગે છે. (૨) માજી સરકારી વકીલ રા. બ. મણીલાલ ભગુભાઈ ઝવેરી પંચત્વ પામ્યા છે. (૩) રૂઢીચુસ્ત પક્ષની નાની છાવણીઓએ આત્મ વિસર્જન કરવા માંડયું છે. (૪) રા. કાન્તિલાલ સવચંદે સ્વ. બુધ્ધિસાગરજીએ મહુડીથી કરેલ વિહારના સંબંધમાં જે આક્ષેપો કર્યા હતા તે આક્ષેપોના સંબંધમાં એક જાહેર ખુલાસો બહાર પાડી કેટલેક અંશે નમતું આપ્યુ છે. (૫) પોલ પત્રિકાના ભાવિ પ્રકાશનના ભણકાર માત્રથી રૂઢીચુસ્ત વર્ગને ભગ્ન વજ્ર સમો પ્રચંડ આઘાત થયો છે. (૬) સ્વ. શેઠ લાલભાઈ દલપતભાઈના માતુશ્રી ધર્માત્મા શેઠાણી ગંગાબાઈનું સ્વાસ્થ્ય બગડયું છે. (૭) મુનિ મહારાજ શ્રી ચંદ્રવિજયજી પધાર્યા છે. (૮) આણંદજી કલ્યાણજીની પેઢીની પ્રોગ્રેસ ખાતેની કમીટિ દેરા વિગેરેનું ગેરવહિવટ ચલાવે છે, અને દેરાસર વિગેરેનો હિસાબ બહાર પાડતી નથી, એ વાતની પોતાને જાણ હોવા છતાં પેઢી તે સંબંધમાં કેમ અખાડા કરે છે એ સમજાતું નથી. (૯) ખાદી તેમજ અસ્પૃસ્યતા નિવારણની તરફેણનો જે ઉપદેશ મુનિશ્રી જીનચંદજી આપતા હતા, તે કેટલાક ભાઈઓને ન રૂચ્યાથી મુનિઓને હાલ તુરત અમદાવાદ છોડવું પડયું છે. (૧૦) રૂઢીચુસ્ત પત્રોના એક લેખકને લીલું નાળીએર મલ્યું છે, અને કહીવાજી એક બીજા લેખકની શોધમાં પડયા છે. (૧૧) ધોળકા વ્યાયામ મંડળના યુવકોએ શુદ ચતુર્થીને દિને શ્રી મગનલાલ આશારામ ઝવેરીના પ્રમુખપદે મળેલી સભા સમક્ષ વ્યાયામના અત્યંત મોહક પ્રયોગો કરી બતાવ્યા હતા. (૧૨) શેઠ મણીલાલ સાકળચંદની કાપડની દુકાનનો બહિષ્કાર ઉઠાવવા માટે એ ભાઈઓની મિરપણ થઈ છે. (૧૩) શ્રી મોહનલાલ મગનલાલ ઝવેરી ટીકાવાળા એક ભવ્યપ્રતિમા ગિરિરાજ શ્રી સિધ્ધગિરી ઉપર પધરાવવા જનારે છે. (૧૪) માંથી કારાવાસ સંવત્સરી દીનની ઉજવણી નિમિત્તે જે ભાઈઓની ધરપકડ થઈ હતી તેમને છોડી મૂકવામાં આવ્યા છે. (૧૫) એમ. વાડીલાલની કંપનીનાં સ્વાતંત્ર્ય શહીદ ભગતસિંહનાં ફોટાવાળા કાર્ડો જપ્ત થયાં છે. (૧૬) મોહનસૂરિનું આગમન થાય તો તેમનું કાળા વાવટાઓથી સ્વાગત કરવાનો વિચાર કેટલાક ભાઈઓના મનમાં અત્યારથીજ ઘુંજી રહ્યો છે. (૧૭) બે ભાઈઓને સટ્ટો ખેલવા માટે દરેકને એક અઠવાડીયાની કેદ અને પચ્ચી રૂપીઆ દંડ. દંડ ન ભરે તો અઠવાડીયાંની વધુ કેદની સજા ફરમાવેલ છે. (૧૮) શ્રી દયાપ્રચારીણી મહાસભાના ઉપદેશકોએ જેતપુર, પાવી, બોડેલી, આદિ ગામોમાં કરેલું પ્રચારકાર્ય અત્યંત પ્રશંસનીય નિવડયું છે. જાંબુઘોડા રાજ્યમાં પ્રચારકાર્ય થવાની વકી છે. (૧૯) અમદાવાદ કેન્દ્રરૂપ હોવાથી તેમજ અમદાવાદનું વાતાવરણ દિન પ્રતિદિન સુંદર અને દરેક રીતે અનુકૂળ થતું જતું હોવાથી અમદાવાદના યુવકોના અગ્રગણ્ય કાર્યકરોએ યુવક પરિષદનું અધિવેશન અમદાવાદમાં ભરવાની બાબત સત્વર ઉપાડી લેવાની અત્યંત આવશ્યકતા છે. યુવક સંઘ અને યુથ લીગના નેતાઓ આ દિશામાં કંઇ પહેલ કરે એ સર્વથા ઇચ્છવા યોગ્ય છે. (૨૦) આ વખતે અપાએલા ઉપધાનોનો ખર્ચ લગભગ લાખ સવાલાખનો અંદાજવામાં આવ્યો છે. આટલી મોટી રકમનું આંધળુ ખર્ચનારાઓને કોઇ સ્કુલ કે કોઇ સારી લાયબ્રેરી સ્થાપવા કે ભોજનશાળા બોર્ડીંગ આદિને મદદ કરવાનો વિચાર સરખોયે ન આવ્યો એ જ્ઞાન વિષયક બાબતોમાં ઉપધાન કરનાર તેમજ કરાવનારાઓની એકંદર મનોદશા કેવી વિચિત્ર હોય છે તે પ્રતિતી કરાવે છે. જ્ઞાન પ્રત્યે આવી ભયંકર ઉપેક્ષાવૃત્તિ હોય એ જેવું તેવું શોચનીય નથી. (૨૧) પોતે ફરીયાદ માંડવા કે પિતા કે કોઇ બીજા આપ્ત ફરીયાદ મંડાવવાની જયાબેને સાફ ના પાડવાથી જયાબેનના પિતા વિષે ભોંગે પાણી ફર્યા છે, વળી ફરીયાદ માંડવા માટે પોતે તત્પર હોવાનું જયાબેનના પિતાએ એક દૈનિક પત્રમાં એકાદ માસ ઉપર પ્રગટ કર્યું હતું. તે તેમના રાગવાળાઓને એક ખોટી ધમકી રૂપ હતું એમ સ્પષ્ટરીતે જણાયું છે. જયાબેનની ચોક્કસ મનોવેધક પ્રતિકૃતિ (ફોટો) જેથી ફરીયાદ કરનારનો પરાજય થાય તે હાલ એક સુયોગ્ય સ્થળે છે. અને થોડા વખતમાં બહાર પડશે એવી વાત જાહેર આવી છે. (૨૨) રામવિજયાદિ સાધુઓ અને કહીવાજી વિગેરે સોસાયટીના કાર્યકરો વચ્ચે થોડા દિવસ ઉપર પાલીતાણામાં જે ચિઠ્ઠી થઈ હતી. તેને પરિણામે રામવિજયાદિ કોઇ નવો દાવ ખેલવા માંગે છે. એમ જણાય છે. (૨૩) સુધારકમાંથી રૂઢીચુસ્ત બનેલા કહીવાને ધર્મવીર મહાસુખભાઇ જેવાના પ્રશ્નોના જવાબ આપવાનું અત્યંત મુશ્કેલ થઇ પડવાથી, પોતે એક ભીખારી માણસ છે. એટલે સૈનીકને ખુલાસા કરવાનું કે જવાબ આપવાનું નજ હોય. એમ લૈખણે જણાવ્યું છે એમ કહી બતાવે છે કે કહીવાજી સૈનીકનો સ્વાંગ છોડી હવે થોડા દિવસમાં ચતુર્થ સ્વરૂપ ધારણ કરનાર છે !' ધન્ય છે કહીવાને.

ખબરપત્રી

## સ્વીકાર અને સમાલોચના.

**શ્રી પ્રશ્નોત્તર પ્રકાશ**:—દ્વિતીય ભાગ, લેખક મુનિશ્રી સાગરચંદજી મહારાજ, પ્રકાશક ગોકળદાસ મંગળદાસ લુહારની પોળ અમદાવાદ પોસ્ટ ખર્ચની એક આનાની ટીકીટ બીડવાથી ઉપરોક્ત ટ્રેકટ મોકલી દેવામાં આવે છે. આમાં સુખલાલ ખુબચંદ નામના કોઈ માણસે તા૦ ૨૩-૫-૩૨ ના વીરશાસનમાં મુનિશ્રી સાગરચંદજીને પચીસ પ્રશ્નો પુછયા હતા તેના આમાં ઉત્તરો છે.

**શ્રી નડિઆદ હિન્દુ અનાથાશ્રમ**:—નો વાર્ષિક રિપોર્ટ સં. ૧૯૮૭ ની સાલનો અમને અવલોકનાર્થે મળ્યો છે. આજના સમયમાં કે જયારે હિન્દુ સંસાર અનેક બદીઓથી સળગી રહ્યો છે ત્યારે આવા આશ્રમો આશીર્વાદ સમાન નીવડયા છે, આવા આશ્રમોને પોષવા એ જનતાની ફરજ છે, રિપોર્ટ જોતાં સંસ્થા સારી પ્રગતિ કરી રહી છે તે બદલ તેના કાર્યકર્તાઓને ધન્યવાદ.

**વીર વિભૂતિ**—મૂળ લેખક ન્યાયતીર્થ મુનિશ્રી ન્યાયવિજયજી. અને અંગ્રેજી ભાષાન્તર કર્તા. બી. ભટ્ટાચાર્ય એમ. એ. પી. એચ. ડી. રાજરતન ડીરેકટર ઓરીએન્ટલ ઈન્સ્ટયુટ વરોડા પ્રકાશક શ્રી જૈન યુવક સંઘ વડોદરા મુળ લેખક મુનિરાજ શ્રી ન્યાયતીર્થ ન્યાયવિજયજી મહારાજે સત્તાવન શ્લોકોમાં વીરવિભૂતિ નામનું નાનું શું અપૂર્વ કાવ્ય રચ્યું હતું તેનું આ ઇંગ્લીશ ભાષાન્તર છે. કોલેજીયનો માટે આ ઘણુંજ ઉપયોગી છે.

# જર્મનીથી પત્ર ચોથો.

બોન (જર્મની) તા૦ ૨૯-૧૨-૩૨

પ્રિય ભાઇ!

ગયા વખતે નેપલ્સ પહોંચ્યા સુધીનું વર્ણન લખી પત્ર બંધ વાળ્યો હતો. અમે નેપલ્સ સવારમાં પહોંચ્યા હતા. પણ જ્યાં સુધી ઇટાલીયન સરકારનો પાસપોર્ટ અમલદાર અમને ગામમાં જવાની રજા ન આપે ત્યાં સુધી અમારાથી શહેરમાં પગ દેવાય તેમ ન હોતું. અમારો પ્રાંત-પ્રવેશ અનુજ્ઞાવિધિ પૂરો થયો ત્યારે સાડા આઠ ઉપર વાગ્યા હતા. નેપલ્સ કે જેના ઇતિહાસ વિષે અનેક પુસ્તકો અને લેખો વાંચેલા તે જોવાને મન તલસી રહેલું. વિસુવિસ, પોંપાઇ, નવું ફાસીસ્ટ-(Fascist) વિગેરેને ઝીણવટથી જોવાની દરેક યાત્રિકની મહત્વાકાંક્ષા હોય છે, તેથી જે થોડા ક્ષણોમાં જેટલું વધારે નિરિક્ષણ કરી શકાય તેટલું કરવા અમે પ્રવેશ-અનુજ્ઞા મળ્યે સ્ટીમરમાંથી દોડવા માંડ્યું. અમે આઠથી દશ જણા સાથે જનાર હતા. સ્ટીમરપરથી નીચે ઉતર્યાં એટલે કેટલાય ભોમિયાઓએ ઉત્સાહભેર અમને વધાવ્યા, તેમની અતિ ઓછી માગ, તેમનું અતિ મહત્કાર્ય, જોવાની અનેક વસ્તુઓ, ટુંક સમયમાં સર્વ જ્ઞાન આપવાની શક્તિ વિગેરે વિગેરે ભાષણોના વાક્યોએ જે લગભગ કોઇ વકતાની યાદ આપતા હતા. અમને કંઇ ખાસ અસર કરી નહિ. કારણ કે અમને તરતજ જણાયું કે આ ગૃહસ્થ જણાના અમારા યજમાનો આગળ જણાવી ગયો છું તે વેપારીઓ કરતાં પ્રમાણિકતામાં બહુ ચડી જાય તેવા ન હતા.

અમે મોટર કરી. દરેકમાં પાંચ પાંચ જણા બેસી પોંપાઇ તરફ સીધાવ્યા. શરૂઆતમાં અમારી મોટર ઠીક ઠીક ચાલવા લાગી. પણ એવું સાધારણ બને છે, કે જ્યારે આપણે કોઇ વસ્તુઓ માટે પહેલાંથી અનેક ચિત્રવિચિત્ર તરંગો બાંધી રાખીએ. તેજ વસ્તુ પ્રાપ્ત કરતાં આપણને વધારેમાં વધારે વિઘ્ન નડે છે. મોટરના મશીનને કંઇક થયું, અને રસ્તામાં એક હોટેલ કે જેની અગાસી ઉપરથી વિસુવિઅસના દર્શન થઇ શકતાં, ત્યાં આગળ આવીને અટકી, બીજી મોટર ન મળે ત્યાં સુધી આગળ વધવું અસંભવીત હતું, અને મોટર રહેજે મળે એવી આશાજ નહોતી. મોટર ડ્રાઇવરે મશીન સુધારવાના અનેક પ્રયત્નો કર્યા, લગભગ અડધા કલાક પછી અમારી વિહ્વળતા વધી પડી, અમારા ક્ષોભમાં આગે કંઇક સાધન મેળવવાના અમોઘ પ્રયત્નો કરવા માંડ્યાં. પૂછતાં પૂછતાં ખબર મળી કે હોટેલમાં એક ટેલીફોન છે. અમારામાના એક જણે જઇને મેનેજરને અમારી કફોડી સ્થિતિ મુશ્કેલીથી સમજાવી. મેનેજરે પોંપાઇ નેપલ્સ કરતાં નજીક હોવાથી કોઇ ટેક્ષીવાળાને ફોન કર્યો. અમારા કમનશીબે તેજ વખતે ફોન પણ બગડેલો હતો. ટેલીફોનથી નિરાશ થઇને અમે બહાર આવ્યા. અમારી મોટરની હજી સુત સ્થિતિ હતી. ડ્રાઇવર પ્રયત્ન થઇ કલાકમાં હવા ફુંકારતો હતો. લગભગ દોઢેક કલાક હોટેલમાં બેઠા હોઇશું. ત્યાં સ્ટીમરમાંના એક ઉતારૂની મોટર ત્યાં આવી. અમે તેમને પોંપાઇ પહોંચીને અમારા માટે એક ટેક્ષી મોકલવા વિનંતિ કરી, તેઓ થોડીવાર માટે હોટેલમાં વિશ્રાંતિ કરવા ગયા. અમે પણ બહાર એક એક આનો ફ્પ મંગાવી અમારી મોટરના સામે નિરાશ દ્રષ્ટિએ બેઠા.

દૂર વિસુવિઅસ ધ્રૂમરેખિત તળેટી ઉપર વધેલો જણાતો હતો. ધુમાડાનું ચિન્હ માત્ર ન હોતું. માત્ર તાપને લીધે જરા તેના ઉપર ઝાંખાશ વળી હતી. આજ વિસુવિઅસે લગભગ બે હજાર વર્ષ ઉપર એક મહાનગરની સંસ્કૃતિનો વિનાશ કર્યો હતો. પણ અત્યારે તેનો કંઇ ઉત્તાપ જણાતો ન હતો. કોણ કહી શકે કે તેને એક વખત મનુષ્ય પ્રાણની ભૂખ લાગી હતી? સૂતેલા સિંહને જોઇને જેવી પ્રતિમાનો આભાસ થાય તેવીજ કેટલીક લાગણીઓ આ મહાગિરીને જોઇને થતી હતી.

"મોટર સારી થઇ ગઇ છે" અમારામાંના એક સાથી કે જે મોટરની તહેનાતમાં અત્યાર સુધી ઉભેલા, તેણે આવીને કહ્યું, અમે અમારા ટેબલ ઉપરથી એકદમ કુદ્યા, લગભગ શીકારીના હાથથી છુટેલા હરણની માફક, અમને કોઇને ઉપર જણાવેલ ઉતારૂને મોટર માટે ના કહેવાની પણ સુઝ પડી નહિ.

મોટરે અમને પોંપાઇ આણ્યા, અમે ઉપર ગયા. જલદી જલદી જોવા માંડ્યું. પણ મને ઉતાવળ કરવામાં ઠીક ના પડવા માંડ્યું, તેથી મેં પાછળ રહી જવાની દરકાર કર્યાં વિના જરા ધીરે ધીરે નિરિક્ષણ કરવા માંડ્યું.

શહેરની રચના અને મકાનો મારા મનમાં ખાસ રસ નહોતાં ઉત્પન્ન કરતાં, પણ તેમને જોઇને તેમના એક વખતના જીવનને લગતા કલ્પના તરંગો મને આ સમયે તે આડા, સીધા રસ્તાઓ ઉપર સ્થિર કરી રાખતા. લગભગ આખું શહેર ખોદી શોધવામાં આવ્યું છે. પ્રાયઃ સંપૂર્ણ રચના હજી જેવી હશે તેવીજ દેખાય છે. તેથી એક રીતે અનેક જીંદગીઓનો નાશ કરવા છતાં વિસુવિઅસે ઉપકાર પણ કર્યો છે. પ્રાચિન સંસ્કૃતિ વિષયક શોધોમાં મોટો ભાગ કલ્પના અને બહુજ ભાગજ સ્પષ્ટ હકીકત હોય છે. પોંપાઇ વિષયક શોધમાં મોટો ભાગ હકીકત અને થોડો ભાગજ કલ્પના છે. અને તેથી કેટલાંક બીજાં સુંદર તર સંશોધનો કરતાં, પ્રાચિન સંસ્કૃતિ વિષયક સ્મારકોમાં તેનું સ્થાન અદ્વિતીય છે. મને પોંપાઇના રસ્તાઓ અને મકાનો કોઇ આધુનિક પ્રવૃત્તિના જેટલાંજ જીવંત લાગ્યાં. પોંપાઇ છોડવાનું મન ન થયું, પણ છોડયા વિના છૂટકો નહોતો. સ્ટીમર ચાર વાગે ઉપડવાની હોવાને વખતસર પાછા ફરવું પડ્યું. મોટરની દુર્ભાગ્ય ઘટનાના લીધે નેપલ્સના એક રસ્તા સિવાય વધારે ન જોઇ શક્યો.

આખો દિવસ અને રાત મન પોંપાઇના વિચારોમાં ભાગ રહ્યું. સમુદ્રમાં તરંગ-ગરતી તો લગભગ હંમેશ થતી હશે, પણ તેની જ્યાં સુધી તે આપણા પોતાના જીવન પ્રવાહને સ્પર્શ ન કરે ત્યાં સુધી કોણ નોંધ લે છે? મારૂં પણ એમજ થયું, જ્યાં સુધી પોંપાઇ નહોતું જોયું ત્યાં સુધી તેના વિષયક ભાગ્યેજ વિચારો આવતા. વળી એક વખત અમુક વસ્તુ આપણા જીવનનાં પરિચયમાં આવે છે, ત્યારે શા માટે તે અમુક ચોક્કસ સ્થાન લઇ લેતું હશે? કોઇ પ્રેમપાત્રની માફક તે દિવસે તો પોંપાઇ મનઃ પ્રદેશમાંથી ખસ્યુંજ નહિ. આગળ વધતી સ્ટીમરના અગ્ર ભાગમાંથી હું દૂર અંકાતા પોંપાઇ અને વિસુવિઅસની દિશામાં બદ્ધ દ્રષ્ટિએ જોઇ રહ્યો.

બીજે દિવસ પ્રભાતે જીનોવા આવવાનું હતું. જીનોવા આવવાની સાથે અમારા સમુદ્ર પ્રવાસનો અંત થવાનો હતો. જ્યારે ઘણી વખત સમુદ્રમાં હતા ત્યારે ભૂમિ ઉપર ઉતરવાનું મન અનેકવાર થઇ આવતું. તેમ જ્યાં જળયાત્રા શેષ થશે, એ વિચારે હૃદય જરા ખિન્ન થયું, કારણ કે જળયાત્રાના અવસાન સાથે અનેક કુદરતી દ્રશ્યોનો અંત થવાનો હતો. હવે જલાકાશ રંગ્રત કરતું પ્રભાતકિર્ણ વારિસમૂહ ઉપર દીવેલાં ખાલી જ્યોત્સ્ના અને સમુદ્ર તરંગોનું અનવરતખેલન ફરી ક્યારે જોવા મળવાનું?

લી૦ શાંતિ.

# જૈન મંદિરોમાં શ્રાવકોદ્વારા-પૂજાતાં શિવલિંગો.

## શ્રાવકોએ હવે સાવધાન રહેવાની અગત્ય.

મુનિરાજશ્રી જયન્તવિજયજી મહારાજ.

-તા૦ ૧૨-૧૧-૩૨ ના અંકથી ચાલુ-

(૭) જૈન મંદિરની અંદર જ, તેના કંપાઉંડમાં જ અથવા જોડાજોડ શિવલિંગો છે તેને માટે ઉપરના થોડા દાખલા ટાંકયા છે. બાકી શ્રાવકોએ હિંદુઓના મુખ્ય મુખ્ય દેવોનાં અને જાણ્યા અજાણ્યા નાના મોટા અને હલકા દેવ-દેવીઓનાં મંદિરો, દેરીઓ વિગેરે બંધાવ્યા છે તેની વિગત લખવા બેસીએ તો આખું એક પુસ્તક લખાય તેમ છે.

મહામાત્ય વસ્તુપાલ-તેજપાલ વિગેરેએ પોતાની તથા જૈન ધર્મની ઉદારતા જણાવવાને માટે, કીર્તિને માટે, સાર્વજનિક પ્રેમ અને સૌજન્યતાને ખાતર અન્ય ધર્મનાં દેવળો બંધાવ્યાં, સમરાવ્યાં તેમાં મદદ કરી તે એક જુદી વાત છે.

અને અન્ય ધર્મની શ્રદ્ધાથી, અજ્ઞાનતાથી, અંધશ્રદ્ધાથી કે આર્થિક લાલચથી તેમ કરવું એ બીજી વાત છે. છતાં પણ જૈન મંદિરો અને તેના કંપાઉન્ડની બહાર અન્ય ધર્મીઓનાં મંદિરો, દેહરીઓ વિગેરે બંધાવે કે મૂર્તિઓ વિગેરે સ્થાપન કરે તો તે ઘણીની ખુશીની વાત છે. તેમ કરવાથી લાભ કે નુકશાન જે થાય તે બંધાવનાર કે સ્થાપન કરનાર ધણીને જ થાય છે. તેની સાથે સકલ જૈન સંઘને કંઇ લાગતું વળગતું નથી. પણ ખાસ જૈનમંદિરોની અંદર જ અન્ય ધર્મી દેવ-દેવીઓની દહેરીઓ કરાવવી કે મૂર્તિઓ બેસાડવી, તેમાં પરિણામે જૈન પ્રજાને-જૈન સંઘને ખુબ આપત્તિ સહન કરવી પડે છે અને આગળ ઉપર વધારે સહન કરવી પડશે. માટે આ જમાનાના અનુસારે જે જે ગામનાં જૈન મંદિરો કે તીર્થોમાં અન્ય ધર્મી દેવ-દેવીઓનાં મોટાં કે નાનાં સ્થાનો, ગોખલાઓ કે મૂર્તિઓ હોય તે ગામના સંઘો આગેવાનો સાવધાન થઇ પહેલેથીજ સાવચેત થઇ સાવચેતીથી શાંતિપૂર્વક તે બાબતનો યોગ્ય નિકાલ લાવશે, તો ભવિષ્યમાં જૈન સંઘને આબૂ તથા શત્રુંજય વિગેરે સ્થાનો જેવો કડવો અનુભવ આપણે કરવો નહિ પડે.

અંતમાં પૂજ્ય મુનિરાજો, જૈન કોન્ફ-સના ઉપદેશકો, પ્રસિદ્ધ વક્તાઓ અને પ્રચાર કાર્ય કરનારાઓ આગેવાનો-શ્રુતકો વિગેરે પોતાના પ્રવાસ-દરમ્યાન આ વિષય ઉપર પુરતું ધ્યાન આપીને જ્યાં જ્યાં આવી વસ્તુસ્થિતિ જોવામાં આવે, ત્યાં ત્યાંના આગેવાનોને ભારપૂર્વક ચેતવણી આપીને પહેલાંથી જ સુવ્યવસ્થા કરાવવા લક્ષમાં લેશે તો ભવિષ્ય માટે તે ઘણું જ લાભદાયક થઇ પડશે.

"સર્વ દેવ સાચા" આવી શ્રદ્ધા રાખનારા મારવાડી શ્રાવકોએ એક વાત અવશ્ય યાદ રાખવી જોઇએ કે-**ઉપર પ્રમાણેની શ્રદ્ધા રાખવાથી આલોક સંબંધી કે પરલોક સંબંધી કલ્યાણ થવાનું નથી** જ્યાં સુધી એક ધર્મ અને એક દેવ ઉપર સંપૂર્ણ શ્રદ્ધા રાખવામાં ન આવે ત્યાં સુધી કોઇ પણ કાર્યની સિદ્ધિ થતી નથી. તમારી સુખ સંપત્તિને પૂરવાવાળા મિથ્યાત્વી દેવો છે, જૈન ધર્મમાં એવાં કોઇ દેવ-દેવીઓ નથી, એમ તમો માનતા હો તો તે મોટી ભૂલ છે. જૈનધર્મમાં પોતાના ભક્તોને ઇચ્છિત સુખ દેવાવાળા એક એકથી સવાયા અનેક દેવ-દેવીઓ છે. માટે ચિન્તામણિ રત્ન સમાન જૈનધર્મ પ્રાપ્ત કરવા છતાં આમ જ્યાં ત્યાં ભટકવા-ભટકવાથી ઉભય ભ્રષ્ટ થવાશે. "**न मिल्या राम, न भया काम**" એવી દશા થશે. માટે "**ધોબીનો કુતરો ઘરનો હિ તેમ ઘાટનો નહિ.**" એવી દશા ન થવા દેતાં કલ્પવૃક્ષ સમાન પ્રાપ્ત થએલા પોતાના જૈન ધર્મને જ વળગી રહેવા સાથે તેમાંના કોઇ પણ એક દેવની સંપૂર્ણ શ્રદ્ધાપૂર્વક આરાધના કરશો તો ઇચ્છિત ફલ પ્રાપ્તિ જરૂર મેળવી શકશો.

**इतिशम्.**

## શ્રીમહારાષ્ટ્રીય જૈન વિદ્યાભુવન જુન્નેર

### તુરતમાં ખોલવાની ઉમેદ છે.

સંવત ૧૯૮૯ ના માગશર શુદી ૧૪ ને રોજ અત્રેના શાહ પોપટલાલ છગનલાલના બાળકોના શુભ લગ્ન જૈન વિધિથી થયાં હતાં તે વખતે જૈન અને જૈનેતરની સારી મેદની વચ્ચે અત્રેની પાઠશાળાના માસ્તર સાહેબ ભગવાનદાસભાઇએ ભુવનની ખાસ આવશ્યકતા છે એવા રૂપમાં નીચેના સારાંશનું ભાષણ આપ્યું હતું.

આધુનિક જાગૃતિના યુગમાં-સર્વ કેળવણી દ્વારાએ પ્રગતિ સાધવાના સુંદર પ્રયત્નો સેવાઇ રહ્યા છે, કેળવણીની મહત્વતા વધી છે, આજે કેળવણી એટલે વિદ્યાભ્યાસ નહિ પણ કેળવણી એટલે સર્વાંગીવિકાસ, તેમજ વિદ્યાભ્યાસ સાથે, માનસિક, શારિરિક, આધ્યાત્મિક, નૈતિક તેમ ઔદ્યોગીક કેળવણીની અગત્યતા સર્વાનુમતે સ્વીકારવામાં આવી છે. આવી કેળવણી મનુષ્યને ખરો મનુષ્ય બનાવે છે.

જુન્નેર અને તેની આસપાસનાં ગામડામાં સુકેળવણીના અભાવે ઘણા જૈન વિદ્યાર્થીઓની જીંદગી બરબાદ થાય છે તેથી દરેકજનનું હૃદય પીગળ્યા વગર રહેતું નથી, આવી દયાજનક સ્થિતિ દૂર કરવા એક સ્વતંત્ર સ્કૂલ સાથે ભુવન ૩૦ વિદ્યાર્થીથી ઘણા થોડા વખતમાં ખોલવા નક્કી કર્યું છે. ઉદ્દેશ-જૈન કોમમાં-ધાર્મિક, વ્યવહારિક અને નૈતિક કેળવણીનો પ્રચાર કરવો. શિક્ષણ યોજના-પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ એટલે મરાઠી પહેલા ધોરણથી ઇંગ્રેજી સાત ધોરણ સુધી હાલની આમાલક પદ્ધતિ અનુસાર વ્યાપારિક, વ્યવહારિક, ઔદ્યોગિક, વ્યાયામ, સંગીત અને જૈન ધર્મનું ઉચ્ચ જ્ઞાન ખાસ તે તે વિષયોના વિદ્વાન, અનુભવી અને સેવાભાવી શિક્ષકો રોકી ચાલુ કરવાની તૈયારી છે. અનેક સાક્ષરો પૂજ્ય મુનિ મહારાજો અને કેળવણીકારોની ભુવન શરૂ કરવાની સહાનુભૂતિ આવી ગઇ છે. સલાહકાર મંડળના સભ્યો બનાવવા વિનંતિપત્રો લખવા શરૂ કર્યા છે, વ્યવસ્થા, ધારાધોરણ, ફંડની યોજના ઘડાઇ ચૂકી છે. જે ગ્રંથમાં બહાર થઇ છે.

## ચર્ચા પત્ર.

આ ચર્ચાપત્રમાં આવતી હકીકત સાથે અમે સંમત છીએ તેમ કોઇએ માની લેવું નહિ.

આમાં આવતી ચર્ચાઓ સંબંધી બન્ને બાજુઓને યોગ્ય સ્થાન આપવામાં આવશે. —તંત્રી.

## શીહોરની જૈન જ્ઞાતિઓમાં કલહનો દાવાનળ.

### આચાર્ય નેમિસુરિજીએ સમાધાન કરાવવાની જરૂર.

શીહોરમાં ઉપવાનની જંગી મેદનીમાં ગઇ માગશર શુદ ૭ ને દિને ચંદુલાલ નામના એક ઓશવાળ છોકરા ઉપર "બાબુ" નામના એક વીશાશ્રીમાળી યુવકે ચપ્પુથી હિંસક હુમલો કર્યો હતો, અને એ હુમલાને પરિણામે ચંદુલાલનું એક દિવસ બાદ મૃત્યુ થયું, એ બિના સુવિદિત છે. આ હુમલાને લગતો કેસ કોર્ટની દેવડીએ ચડી ચુકયો છે. એ વાત પણ જગજાહેર છે. આ પ્રાણઘાતક હુમલા બાદ ઓશવાળ અને વીશાશ્રીમાળી જ્ઞાતિઓમાં કલહનો દાવાનળ જાગ્યો છે. આ કલહથી બન્ને જ્ઞાતિઓના હિતને દિનપ્રતિદિન જબર નુકશાન પહોંચે છે. તેથી કલહની શાન્તિ થવાની અનિવાર્ય આવશ્યક છે.

આચાર્ય નેમિસુરીશ્વરજી જેઓ હાલ એક પ્રતિષ્ઠા નિમિત્તે પાલીતાણા આતે બિરાજે છે, તે ધારે તો આ કલહનું નિવારણ કરી શકે તેમ છે. આચાર્યશ્રીની પ્રતિભા અને તટસ્થ વૃત્તિ સુવિખ્યાત છે. અને તેથી તેમનું વજન ઘણું પડી શકે એ દેખીતું છે. ખરી રીતે જોતાં કલહનું નિવારણ મોહનસુરિએ કરવું જોઇતું હતું, પણ તેમણે તો બાબાડંબરમાં તણાઇને શીહોરનો સત્વર ત્યાગ કર્યો, અને તેઓ પાલીતાણે જઇ વસ્યા છે.

બન્ને જ્ઞાતિઓ વચ્ચે સમાધાન થાય તે માટે ધૈર્ય અને હિંમતથી તેમણે કોઇ ઉચિત માર્ગ લેવો જોઇતો હતો. અને જરૂર જણાયે આગ્રહ કરવાની પણ તેમને જરૂર હતી. પણ સુરિજીતો પોતાનું કર્તવ્ય ચુકયા છે. અને તેથી નેમિસુરીશ્વરજીને બન્ને જ્ઞાતિઓ વચ્ચે સમાધાન કરાવવાનું કર્તવ્ય કરવાનું રહે છે.

---

સ્થાનિક સભ્યો પોતાની સલાહનો, જાત મહેનતનો, સુવિચારોનો સારો ફાળો આપે છે, ને તુરતમાં ભુવન બંધાય તેવી ઉત્કંઠા ધરાવે છે. વિદ્યાર્થીઓના વાલીને પોતાના બાળકોને મોકલવા વિનંતિ કરવામાં આવે છે. અંતિમ નિવેદન, આપણા સમાજની ધાર્મિક, માનસિક શારીરિક ઉન્નતિ ચાહો છો? આપણા સમાજના બાળકો ભવિષ્યના શહેરી બને એમ આપ ઇચ્છો છો? આપ જૈન કોમની આર્થિક અવનતિ અને અજ્ઞાન નિવારણ આકાંક્ષા ધરાવો છો? તો તમોએ આરંભેલાકાર્યમાં જેમ અત્રે ભરાયેલ ૧૩ મી જૈન કોન્ફરન્સના દરેક કાર્યો સફળ કરવા આશ્રમમાં જે જે સેવા બજાવી છે, તે અત્યુત્તમ છે, તેટલીજ બલકે તેથી વધારે સેવા અમારી આશ્રમમાં રહી, અમને દરેક કાર્યમાં પ્રોત્સાહન આપી, દરેક બાબતની સલાહ આપતા રહેશો, અને સક્રિય સહાનુભૂતિ, નિર્દોષ સલાહ, પ્રેમાં દોલન અને વિશુદ્ધ નિશ્ચયે આ કાર્યને અપનાવશે એ છે.

છેવટે શેઠ તાલુકાના શાહ બાલુભાઇ મગનલાલ અને અમેના શાહ પોપટલાલ છગનલાલ જુન્નેરકર બન્ને તરફથી સંસ્થાની શરૂઆત કરવા રૂ. ૫૧) એકાવન આપ્યા હતા. છેવટે પાન, ગુલાબ છાંટી મેળાવડો વિસર્જન થયો હતો.

આચાર્ય વર્ય શ્રી નેમિસુરીશ્વરજી શીહોરની બન્ને જ્ઞાતિઓમાં સમાધાન થવાની સત્વર જરૂર છે. એમ સમજી સમાધાન થાય તે માટે તુરત પગલાં લે તો કેવું સારૂં? શીહોરની બન્ને જ્ઞાતિઓ વચ્ચે જે ભારે વૈમનસ્ય ઉત્પન્ન થયું છે. તે દૂર કરવાની સર્વથા ઇષ્ટ છે. હાલ અશાન્તિવાળા વાતાવરણને કારણે બન્ને જ્ઞાતિવાળાઓ, ધાર્મિક ક્રિયાઓ, જમણવારો, વિગેરેમાં એક બીજાથી તદ્દન અલગ રહે છે. જે બીલકુલ ઇચ્છવા યોગ્ય નથી. આથી આચાર્યશ્રી સમાજના ભલા માટે બન્ને જ્ઞાતિઓમાં સમાધાન કરાવવાની બાબત ઉપર ખાસ લક્ષ આપશે. એવી મારી તેમને નમ્ર પ્રાર્થના છે. એક બીજી વાત: કેસ કોર્ટે ચડયા પછી વીસાશ્રીમાળી ભાઇઓ ખુબ દોડાદોડી કરી રહ્યા છે. આમ છતાં ભાસ્કરરાવ જેવા સજ્જનિષ્ઠ સેશન્સજજ્જ હોવાથી ન્યાય સારી રીતે જળવાશે: તેમાં શક શાનો હોય?

લી. સંઘ સેવક

વીશાશ્રીમાળી જૈન યુવક.

---

## પાલીતાણામાં ચાલતી પતીતદશા.

જગમશહુર મોહનસુરિની વાડીબાઇ નામે એક અનુરાગી ભક્તાણી સાધ્વી હાલ પાલીતાણામાં હોવાથી પાલીતાણે આવી રહેલ છે, અને તે હરિભાઇની ધર્મશાળામાં ઉતરેલ છે. તેના સગાઓએ આવી તેને પાછી લાવવા ઘણુંએ સમજાવ્યું પણ તેમાં તેઓ નિષ્ફળ નીવડેલ છે. મોહનલાલ સુરિજી પોતાના સંઘાડાના કલ્યાણશ્રી નામે એક સાધ્વી, તેમજ બીજાઓ મારફત મજકુર વાડીબાઇને દીક્ષા અપાવવા, તેમજ દીક્ષાબાદ પોતાની સાથે રાખવાનો મનોરથ સેવી રહ્યા છે. એમ કહેવાય છે દીક્ષા વિગેરે નિમિત્તે ૫-૧૦ હજારનું પાણી કરાવવાનો સુરિજીનો નિરધાર હોય એમ પણ કહેવાય છે. આ બધી વાતોની સત્યાસત્યતા વિષે ઘણો ઉહાપોહ થતાં વાડીબાઇ અને કેટલીક સાધ્વીઓને હરિભાઇની ધર્મશાળામાંથી કાઢી મુકવા માટે એ ધર્મશાળાના કાર્યકરો વિચાર કરી રહ્યા છે આનું શું પરિણામ આવે છે તે જોવાનું રહે છે.

જૈન કંપનીવાળા મી. જયંતિલાલ કુંવરજી પણ પાલીતાણામાં ચાલતી પતીત દશાનું ભાન કરાવી રહ્યા છે. તેઓ છોકરાઓના સંસર્ગ ન છોડવા લાડુ ખવરાવવા વિગેરે બહાને છોકરાઓને બ્રહ્મચર્ય પણ લઇ જાય છે. કોઇવાર સંકડામાં આવી જાય તો પોતાની ભુલો કબુલ કરી દે છે. બાગતા વગેરેઓની આંખો હજુ કેમ ખુલતી નથી? ગુપ્તચર.

---

## સ્વ. નગીનદાસ સ્મારક ફંડમાં મળેલી ભેટની નોંધ.

| | | |
|---|---|---|
| ૫-૦-૦ | શાહ | કુંવરજી ભીખાજી વલસાડ. |
| ૫-૦-૦ | ,, | સાકરચંદ ભીમજી ,, |
| ૫-૦-૦ | ,, | લલ્લુભાઇ દુર્લભદાસ ,, |
| ૫-૦-૦ | ,, | ગુલાબભાઇ દેવચંદ ,, |
| ૫-૦-૦ | ,, | ટેકચંદ ભાણજી ,, |
| ૫-૦-૦ | ,, | સાંકળભાઇ ગુલાબચંદ ,, |
| ૫-૦-૦ | ,, | નાથાલાલ ખુબચંદ ,, |
| ૫-૦-૦ | ,, | મગનલાલ ખુબચંદ ,, |
| ૫-૦-૦ | ,, | ભુદરજી ભગવાનજી ,, |
| ૫-૦-૦ | ,, | મેઘાજી તારાજી ,, |
| ૫-૦-૦ | ,, | દુર્લભ રૂપાજી ,, |
| ૫-૦-૦ | ,, | નેમચંદ જવેરચંદ હ. ડાહ્યાભાઇ વલસાડ. |

# અખિલ ભારતવર્ષીય પોરવાલ સમ્મેલન અપીલપર સમ્મતિ.

गत १५-११-३२ को समाज सुधारक हितैषी, श्री. समरथमलजी सिंघीजीने पोरवाल महा सम्मेलन भरनेके लिये एक निवेदन प्रगट किया है, उस विषयमें हम नीचे लिखे सही करनेवाले बडे मानपूर्वक अपनाते हुए साथ २ अपनी सम्पत्ति प्रगट करते है।

पोरवाल महा सम्मेलन यह शब्द "श्वेताम्बर जैन" पत्रके अंकमें पढते ही बडी प्रसन्नता हुई। इस समाज का अबतक कोइ सम्मेलन ही नहीं हुआथा। आज हमारे उत्साही नव युवकोंने सम्मेलनकी आवश्यकता बताते हुए जो निवेदन किया है वह मानो समाजके अन्धकार को दूर करनेकी किरण निकली है।

पोरवाल भाइयो! कृपाकर आप इसकी ओर ध्यान दें, गतांकमें आपने सिंघीजीका निवेदन पढा होगा, उसमें अपने से अपील की है, उन्होंने कितनी बातो पर ध्यान खींचा है. उसपर ध्यान देना जरुरी है। तमाम पोरवालभाई अपने २ गांवकी सहीसे, अपनी सम्मति वर्तमान पत्रोंमें प्रगटकरें।

हमारी सम्मति यह है कि, "पोरवाल सम्मेलन" जल्दी मिलना चाहिये। मिलना कहां? तो उत्तरमें मालुम हो, स्थल पवित्र भूमि बामणवाडजीमें ईडा रोपे और चैत्र मासमें तिथि मुकरर करे तो, अति सुभीता है। एक वक्त भगवान महावीर देवने इस स्थल पर विहारकर भूमि पवित्र कीथी, इसीसे हम आज तक इस जगहको पवित्र तीर्थ मानते आये है, और भगवान महावीरका जन्म इस चैत्र मासमें ही हुआथा, और तीन लोकके अन्धकारमें प्रकाश चमक उठा था, इन्हीं चिरस्मरणीय पवित्र दिनोंमें अन्धकार भगानेको प्रकाशरुपी प्रस्ताव बहार पडे तो, समाज बचसके, जिसमें सन्देह नहीं। हाअतो हम अपने भाइयोंसे यह निवेदन करते है कि तुरत ही अपने २ ग्रामके तमाम सज्जनोंकी सही लेकर उपरोक्त महाशयजी के निवेदन की मान पूर्वक पुष्टि करें, यही हमारी आग्रह पूर्वक विनति है।

शा. मंछालाल हंसराजजी, रेलेम्दर.
,, शंकरलाल मनरुपजी, बराबा.
,, वर्धेचन्द पनाजी, ,,
,, चमनलाल रुपाजी, ,,
,, कपुरचन्द मनरुपजी, बाघाल
,, केसरीमल पन्नाजी, ,,
,, फूलचन्द चांदाजी, बरलुट
,, रघुनाथजी रतनचन्द, ,,
,, एल. देवीचन्द जैनी, करनूल
,, एल. डी. जैनी कालन्द्री
,, वेचीचंद कपूराजी ,,
,, केसरीमल हिन्दूजी, पालिव
,, सरेमल पूनाजी अगवरी
,, सवलमल दानाजी, वेलोंगरी
,, शंकरलाल हिन्दूजी, ,,
,, परदीचंद पूनाजी, कलापरा
,, शोकलचंद पूनाजी, सिआणी
,, पुनमचंद पन्नाजी, मनोरा

" आवश्यकता "

श्री श्वेताम्बर जैन कन्या पाठशाला मु. गुडाबालोतरा (मारवाड) के वास्ते एक सुयोग्य अध्यापिका कि जो जैन मूर्ती पूजक हो व उनकी उम्र कमसे कम २५-३० वर्षकी हो, विचारशील हो। जो हिन्दि, गणीत, व धार्मिक विषयमें पंच प्रतिक्रमण, जीवविचार, एवं सीना, पोना, गूंथना, आदि उद्योगीक विषयकी जानकर हो, आगे किस जगह पढाती थी सो भी लिखे, वेतन योग्यतानुसार दिया जायगा।

शाह एस. डी. पोरवाल, अमरोत्रा मुहाग
संचालक श्री सेवा समिति नव युवक मण्डल
मु. पो. गुडाबालोतरा, स्टेशन एरणपुरा रोड (मारवाड)

# વિદ્વાનોને ખુશ ખબર.

## ( ન્યાયનો અપૂર્વ ગ્રંથ )

જેની લાંબા સમયથી રાહ જોવાઇ રહી હતી અને જે કલકત્તા, મુંબાઇ અને બીજી અનેક યુનિવર્સિટીના ગ્રેજ્યુએટના કોર્સમાં ન્યાય પ્રથમામાં, અને એજ્યુકેશન બોર્ડમાં દાખલ થએલ છે, તે ન્યાયનો અદ્વિતીય ગ્રંથ "प्रमाणनयतत्त्वालोक" (પ્રમાણનયતત્ત્વાલોકાલંકાર) કે જેને ન્યાયશાસ્ત્રના ધુરંધર વિદ્વાન વાદિદેવસૂરિએ બનાવેલ છે. તે સરલ અને સુંદર બાલબોધિની નામની તદ્દન નવી અપ્રસિદ્ધ ટીકા સાથે થોડા સમયમાં બહાર પડશે. આ ગ્રંથને ન્યાય-કાવ્યતીર્થ, તર્કાલંકાર મુનિરાજશ્રી હિમાંશુવિજયજીએ એડીટ કરેલ છે અને જેમાં નોટ, પાઠાંતર, અનુક્રમણિકા આદિ આપી પ્રસ્તાવનામાં ગ્રંથ, ગ્રંથકાર અને જૈન ન્યાયના વિષયમાં સારો પ્રકાશ પાડ્યો છે. આટલીશ રતલી સુંદર કાગળમાં, ક્રાઉન સોળપેજી સાઇઝમાં લગભગ ૩૦૦ પાનાનો થશે. પૂરતા ફળદાર ગ્રંથની કિંમત માત્ર રૂ. ૦-૧૪-૦ રાખવામાં આવી છે. પોસ્ટેજ અલગ.

મળવાનું ઠેકાણું:—

મેસર્સ એ. એમ. એન્ડ કું. મુ. પાલીતાણા. (કાઠીઆવાડ)

શ્રીવિજયધર્મસૂરિગ્રંથમાળા છોટા સરાફા ઉજ્જૈન (માળવા)

Printed by Lalji Harsey Lalan at Mahendra Printing Press, Gaya Building Masjid Bunder Road Bombay, 3, and Published by Shivlal Jhaverchand Sanghvi for Jain Yuvak Sangh, at 26-30, Dhanji Street Bombay, 3.

Reg. No. B. 2917
*Tele. Add.* 'Yuvaksangh'

# પ્રબુદ્ધ જૈન.

સમાજ, ધર્મ અને રાષ્ટ્રની સેવા બજાવતું નૂતનયુગનું જૈન સાપ્તાહિક.

| | | |
|---|---|---|
| છુટક નકલ ૧ આનો<br>વાર્ષિક રૂા. ૨-૮-૦ | શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર.<br>તંત્રીઃ-ચન્દ્રકાન્ત વી. સુતરીયા. | વર્ષ ૨ જું, અંક ૧૩ મો.<br>શનીવાર તા. ૨૧-૧-૧૯૩૩. |

## આઝાદીના દુશ્મનોની અવદશા.

"તુસબ"

"સમુદ્રનાં નીર સ્વતંત્રપણે વહેતાં હતાં, આનંદની છોળો ઉડતી. ઉલ્લાસની ઉર્મિ ઉછળતી. ત્યાં મુક્તિ અને પ્રેમના ઉછાળા હતા. એ નિર્બંધ આઝાદી! પરદેશી ખડકે સમુદ્રના પ્રદેશમાં પગરણ કર્યાં. સ્વતંત્ર વ્હેણને ખાળવા, માર્ગ પ્રતિબંધ કરવા, ત્હેણે જડ સત્તા જમાવી. નીરની આઝાદ પ્રકૃતિ ગુલામી સાંખી કેમ શકે? એ ક્ષુદ્ર ગુલામી સ્હામે ઝઝુમવા સમુદ્રમાં બળવો પ્રજળી ઉઠયો. પ્રકોપ ફાટયો. ક્રાન્તિની ઝડીઓ ઝરવા લાગી બંડખોર નીર ખડક ઉપર ધસી આવ્યાં. સંગીનના બળે ખડકે ત્હેમને પાછળ હડસેલ્યા, કેટલાંક પડયાં, કેટલાંક ઘવાયાં. અફળાયાં, ઝીંકાયાં, પાછળ હઠયાં, પ્રથમ પ્રયાસમાં પાછીપાની કરવી પડી, પીછે હઠ થઇ, પરંતુ આઝાદીની લગની નહિ ઓલવી; ખડકને એ યુદ્ધમાં ઘા વાગ્યા કેટલાક લૂલા થયા. કેટલાકને ઉઝરડા પડયા, આઝાદીનો જુવાળ પાછો ચઢયો. સમુદ્રનાં નીરે જન્મસિદ્ધ મુક્તિ માટે ફરી પાછો પ્રચંડતાથી ધસારો કર્યો. ખડકના સાંધા ઢીલા પડયા. પાયો હલવા લાગ્યો, ને કડડ ભૂસ કરતો નીચે તૂટી પડયો. આજે એ સ્વતંત્રતાનો શત્રુ સમુદ્રના કાંઠે લોકના પગવતી કચડાય છે. જગતલોક કહે છે કે એ દરીયાની ઝીણી રેતી. સમુદ્રનીર અટ્ટહાસ્ય કરે છે. આઝાદીના સર્વ દુશ્મનોની આ વલે!"

આઝાદીના દુશ્મનોને સમુદ્ર પણ પડકારે છે કે ત્હમારી સ્થિતિ મ્હારી મર્યાદામાં જે સ્થાન રેતી ભોગવે છે. ત્હેના કરતાં પણ બુરી થશે, સમાજની આઝાદી સ્હામે જેમણે અનેક વખત મોરચા માંડયા છે, સુધારકો સામાં જ્હેમણે અનેક વખત કાંટાઓ વેર્યાં છે. એટલું જ નહિં પણ સમાજની ઉન્નતિનાં પ્રમાણિક ઉદ્દેશથી જ્હેમણે પ્રયત્ન કર્યો છે. ત્હેમને અંગત ભાંડવામાં પણ મણા રાખી નથી. એવા એ મદાંધ અધિષ્ઠાતાઓ સમુદ્રના મૂક પડકારને પણ નહિં સમજે? જડ પ્રકૃતિ પોતાનું કાર્ય કર્યે જ જાય છે, અનંત કાળના વ્હેણ સાથે કઇંક મદાંધોને પ્રકૃતિ હડપ કરી ગઇ છે, એ નગ્ન સત્ય સ્હમજાતું નથી? એજ ગગન, એજ પૃથ્વી, અને એજ સૂર્ય ચંદ્ર. એ પલટાતા નથી, સમય પલટાય છે, ત્હેની જોડે માનવ પ્રકૃતિપણ પલટાય છે, આ પલટા સ્વાભાવિક છે, તે કોઇથી એ રોકાતા નથી. ત્હેમાં અનંત શક્તિ ભરેલી હોય છે, ત્હેની સ્હામે થવાની જે જે હામ ભીડે છે, ત્હેનો નાશ થયે જ છૂટકો છે. ભૂતકાળનો ઇતિહાસ એ બાબતની સાક્ષી પૂરે છે. વર્તમાન કાળ ચક્ષુ સમીપ જ છે. અને ભવિષ્ય કાળ એજ ઇતિહાસનું પુનરાવર્તન કરશે.

पुरिसा ! सच्चमेव समभिजाणाहि ।
सच्चस्स आणाए से उवट्ठिए मेहावी मारं तरइ ॥

હે મનુષ્યો ! સત્યને જ બરાબર સમજો. સત્યની આજ્ઞા પર ખડો થનાર બુદ્ધિવાન્ મૃત્યુને તરી જાય છે.

( આચારાંગ સૂત્ર)


# પ્રબુદ્ધ જૈન.

શનીવાર તા૦ ૨૧-૧-૩૩.


## કેસરીયાજી પ્રકરણ.

જગતમાં જે નિર્બળ હોય છે, તેને જીવવાનો પણ હક્ક નથી. જ્યાં ત્યાં તે હડધૂત થાય છે, આજે વીસમી સદી જેવા કાયદાનાં હક્ક શાસન હોવા છતાં પણ કાયદો બળવાનના પક્ષમાં ઉભો રહે છે, નિર્બળને તે જરાયે રક્ષણ આપતો નથી. જૈન સમાજ આજે નિર્બળ બન્યો છે, તેનાં અંગો શિથિલ બન્યાં છે. અંદરો અંદરની તકરારોને લઇને તેની રહી સહી શક્તિ પણ ક્ષીણ થઇ રહી છે, તે સ્થિતિનો લાભ લેવા આજે ઇતર સમાજ તરફથી પ્રયત્નો થઇ રહ્યા છે, કેસરીયાજી પ્રકરણ તેનો જીવતો જાગતો પુરાવો છે.

કેસરીયાજી તીર્થ આપણામાં પ્રાચીન મનાય છે, આપણાજ વડવાઓનું એ પુરાણી જાહોજલાલીનું અવશેષ છે, મેવાડની પુનિતભૂમિ ઉપર એ તીર્થની આજે હજારો વર્ષ થયાં સ્થાપના થઇ છે, અને અત્યાર સુધી એ આપણુંજ તીર્થ મનાતું આવ્યું છે, અત્યાર સુધી આપણી સ્વતંત્ર સત્તા એ તીર્થ ઉપર હતી. પરંતુ આપણી નિર્બળતાનો લાભ લઇ જેને આપણે આશ્રય આપ્યો એ પંડ્યાઓ તે તીર્થ પચાવવા તત્પર થઇ રહ્યા છે. પ્રથમ ભંડારમાંથી ધન, દેવદ્રવ્ય લેવાની યુક્તિ રચી અને તેમાં આપણી બેદરકારીથી ફાવ્યા, એટલે આખુંયે તીર્થ જૈનોનું નથી પણ અમારૂં છે, એટલે વૈષ્ણવોનું છે, ભાગવતમાં વર્ણવેલ આઠમો અવતાર શ્રી ઋષભદેવજી છે, તે આજ છે, માટે આ તીર્થ જૈનોનું બીલકુલ નથી. માત્ર વૈષ્ણવ તીર્થ છે, આના ઉપર જૈન સંઘની બીલકુલ માલીકી નથી. આવા પ્રકારનો દાવો દાખલ કર્યો છે. તેમજ ભંડારમાંથી દ્રવ્ય લેવાનું તથા બોલીની આવકમાંથી હિસ્સો લેવાનું તો ચાલુ કરી દીધું છે. એમ વર્તમાનપત્રો વાંચવાથી માલમ પડી આવે છે. આવાં તો અનેક તીર્થો માટે આપણે લડીએ છીએ, અત્યાર સુધી તો દિગંબરો આપણા તીર્થમાં હસ્તક્ષેપ કરતા હતા. હવે વૈષ્ણવો પણ કરવા લાગ્યા, અને આવતી કાલે આરીતે દુનીયા આપણામાં પાણી નહિં હોય તો પચાવી જશે. આપણે ત્યાં બાહ્ય કરીને દેવ મંદિરના પુજારી તરીકે બ્રાહ્મણોની પસંદગી પસંદગી કરીએ છીએ અને મંદિરમાં પુજા વગેરે આ લોકોજ કરે છે, બ્રાહ્મણો શીવમતાનુયાયી તેમજ બીજા દેવી દેવતાઓને માનતા હોવાથી તેઓ આપણા વિશ્વાસનો લાભ લઇ શીવના લીંગને કે બીજા અજાતજ દેવી દેવતાની આપણા મંદિરમાં સ્થાપના કરી દે છે, વખત જતાં આપણા લોકો પણ અજ્ઞાનતાને વશ થઇ તેવા દેવી દેવતાઓને પુજે છે, આમ અમુક સમય વ્યતીત થયા પછી આ લોકો મંદિરના માલિક બની જાય છે. પરિણામે મહાદેવજીના લિંગ અને બીજા દેવી દેવતાનો હવાલો આપી પોતાની માલેકી સિધ્ધ કરે છે. એ બાબતમાં મુનિરાજ શ્રી જયન્તવિજયજી મહારાજે "જૈન મંદિરમાં પુજાતાં શીવલીંગો" એ મથાળા નીચે ખૂબ લખ્યું છે, આ બાબતમાં જો આપણે ધ્યાન નહિ આપીએ તો આપણે માટે ભવિષ્ય બહુ ખરાબ છે, એમ સમજવું પડે. આમ આવાં મહાતીર્થ ઉપર ધાડ આવે છતાં પણ આપણી કલેશાત્મક પ્રવૃત્તિ બંધ ન પડે. અયોગ્ય દીક્ષા બંધ ન થાય, સંઘ સત્તાની અવગણનાજ કરાય. આપણી બધી શક્તિ આમાંજ વેડફાય તો આપણે સમજવુંજ રહ્યું કે આપણો નાશ નજીકજ છે. ભવિષ્યના ઇતિહાસકારો કહેશે કે જૈન સમાજ ગુણનો પુજારી મટી વ્યક્તિનો પુજારી બન્યો, તેથી તેનો નાશ થયો. શું એ સ્થિતિ આપણે ઉપસ્થિત કરવા માંગીએ છીએ ?

આપણે જીવનના ભોગે પણ કેસરીયાજી તીર્થ બચાવવુંજ રહ્યું. આજે કેસરીયાજી ઉપર ધાડ આવી હોય તો તેમાં કેવળ પંડ્યાઓનોજ હાથ નથી. પરંતુ તેની પાછળ કોઇ જબરજસ્ત શક્તિ કામ કરી રહી છે, સંભળાય છે કે ના. વાઇસરોય જ્યારે ઉદેપુર પધાર્યા ત્યારે લગભગ આઠ નવ લાખ રૂપીઆનો ધુમાડો કર્યો હતો. સ્ટેટ પાસે તો પૈસા ન હતા, પરંતુ કેસરીયાજીના ભંડારમાંથી ચાર લાખ રૂપીઆ લેવામાં આવ્યા છે, જો આ બાબત સાચી હોય તો જૈનોને પૂછ્યા સિવાય એક દમડી પણ લેવાનો રાજ્યને હક્ક નથી. શું આ બાબતને ગૌણ બનાવવા તો એ બધી ધમાધમ નથીને ! શા માટે આ બાબતમાં સત્તાવાર ખબર આપણી આણંદજી કલ્યાણજીની પેઢી તરફથી બહાર પાડવામાં આવતી નથી. આણંદજી કલ્યાણજીની પેઢીએ હવે પોતાનું મૌન તોડવુંજ જોઇએ. તીર્થો ઉપર જ્યારે ધાડ આવતી હોય, સમાજની જ્યારે અંદરો અંદર કલહના લીધે છિન્નભિન્ન સ્થિતિ હોય ત્યારે એવી મોભાદાર સંસ્થા મૌન સેવે, એમાં પણ કંઇ અર્થસૂચક જરૂર છે. પણ એટલો ખ્યાલ રાખવો જરૂરી છે, કે કોઇ પણ તીર્થ ઉપર ધાડ આવે તો તે બાબતમાં લોકમત કેળવી નાખવાની અનિવાર્ય આવશ્યકતા છે, કાયદાની બાબતમાં આપણા સમાજમાં વકીલો બેરીસ્ટરો અને સોલીસીટરોનો તોટો નથી. તેમણે કાયદાની દ્રષ્ટિએ કેસરીયાજી માટે લડવું જોઇએ, લક્ષ્મીનંદનોએ લક્ષ્મીનો ભોગ આપવો રહ્યો અને યુવકોએ આત્મભોગ આપવાને માટે કટિબધ્ધ થઇ જવું જોઇએ. સમગ્ર સમાજનું કેન્દ્ર આજે કેસરીયાજી બનવું જોઇએ. યાદ રાખવું જોઇએ કે અત્યારે આપણે કશો પ્રયત્ન નહિ કરીએ તો આપણા હાથમાં આપણા પૂર્વજોનો જે વારસો છે, કળાના જે બેનમુન ખજાનાઓ છે તે લુંટાઇ જશે, બરબાદ થઇ જશે. શું આ સ્થિતિ આપણે સાખવીજ છે ? જો ન સાખવી હોય તો આજેજ કમર કસો. આપણા સ્થાવર અને જંગમ બન્ને તીર્થ ઉપર ધાડ આવી રહી છે, સ્થાવર તીર્થ ઉપર જૈનેતરો અને જંગમ તીર્થ ઉપર ખુદ સાધુતાના વેષધારી કેટલાક લેભાગુ વર્ગનો જુલ્મ ગુજારી રહ્યા છે, આ બન્નેનો સામનો આપણે કરવો જોઇએ. શું હજુ પણ સાગના વગવાળાઓ મૌન સેવશે? કેસરીયાજી માટે આટલું તો જરૂર કરવું જોઇએ:—

સાધુઓએ કલહ અને કંકાસને તિલાંજલી આપી સ્થળે સ્થળે કેસરીયાજી માટે લોકમત કેળવવો, અને ગામેગામના સંઘો દ્વારા ઠરાવ કરાવી વાઇસરોય અને ઉદેપુરના રાણા ઉપર એ ઠરાવની નકલ મોકલી. સમાજની દરેક સંસ્થાઓએ ઠરાવો કરી ઉપરોક્ત બન્ને સ્થળે મોકલી આપવા.. યુવકોએ જરૂર પડે તો આત્મભોગ આપવાની તૈયારી કરી રાખવી. શું આ આશા વધારે પડતી છે ?

# શાસ્ત્ર અને શસ્ત્ર વચ્ચે શો ફેર?

"સુખલાલ"

હિન્દુસ્તાનમાં શાસ્ત્રને ઉત્પન્નકરનાર, તેને સાચવનાર, વિકસાવનાર, અને તે દ્વારા શક્ય હોય તેવી બધી પ્રગતિ કરનાર જે વર્ગ તે બ્રાહ્મણ તરીકે મુખ્ય પણે જાણીતો છે. એજરીતે શસ્ત્રરાખનાર, વાપરનાર, જે વર્ગ તે મુખ્યપણે ક્ષત્રીય તરીકે જાણીતો છે. શરૂઆતમાં બ્રાહ્મણ વર્ગનું કાર્ય શાસ્ત્રદ્વારા લોકરક્ષા એટલે સમાજ રક્ષા કરવાનું હતું. શાસ્ત્રદ્વારા સમાજ રક્ષણ અને શસ્ત્રદ્વારા સમાજ રક્ષણ એ બન્ને રક્ષણ છતાં તેનું સ્વરૂપ મૂળમાં જુદું હતું. શાસ્ત્રમૂર્તિ બ્રાહ્મણ જ્યારે કોઇને બચાવવા માગે ત્યારે તેના ઉપર શાસ્ત્રનો પ્રયોગ કરે, એટલે તેને હિતબુદ્ધિથી, ઉદારતાથી અને સાચા પ્રેમથી વસ્તુસ્થિતિ સમજાવે. ખાસકરીને તે પેલા આડે રસ્તે જનારાને કદાચ બચાવીજ લે, અને તેમ કરવામાં સફળ ન થાય તો પણ તે પોતાની જાતને તો ઉન્નત સ્થિતિમાં સાચવી રાખેજ. એટલે શાસ્ત્રનું કાર્ય મુખ્યપણે વધ્યાને બચાવવાનુંજ રહેતું. સાથે સાથે પોતાને પણ બચાવી લેવાનું બની આવતું. અને જો કદાચ તેમ ન બને તો પોતાનું અનિષ્ટ થાય તેવો ઉદ્દેશતો નજ રહે. શસ્ત્રમૂર્તિ ક્ષત્રીય જો કોઇના આક્રમણથી પોતાની જાતને બચાવવાનો હોય તો તે શસ્ત્રદ્વારા પેલા આક્રમણ કરીને મારીને અગર હરાવીનેજ નિર્બળને બચાવીશકે, એટલે શસ્ત્ર રક્ષણમાં એકની રક્ષા કરવા જતાં મોટે ભાગે બીજાનો નાશ સંભવે છે. એટલે કે સામાના ભોગેજ આત્મરક્ષા કે પરરક્ષા સંભવે છે. આટલા તફાવતને લીધેજ શાસ્ત્રનો અર્થ એવો કે શાસનકરી એટલે સમજાવીને કોઇને બચાવવાની શક્તિને જે ધરાવે તે શાસ્ત્ર, અને બીજાને હણી એકને બચાવવાની શક્તિ જેમાં હોય તે શસ્ત્ર આ તફાવત સાત્વિક અને રાજસ પ્રકૃતિના તફાવતનું સૂચક છે. એ તફાવત હોવા છતાં બ્રાહ્મણ અને ક્ષત્રિય પ્રકૃતિ જ્યાં સુધી પોતાના સમાજ રક્ષાના ધ્યેયને યથાર્થપણે વફાદાર રહી ત્યાંસુધી તે બન્ને પ્રકૃતિએ પોતાની મર્યાદા પ્રમાણે નિઃસ્વાર્થપણે કામ બજાવ્યા કર્યું, અને શસ્ત્રને શાસ્ત્રનો મોભો સચવાઇ રહ્યો.

પણ વખતજતાં એ શાસ્ત્રદ્વારા પ્રાપ્ત થએલ પ્રતિષ્ઠાના ફળો આસ્વાદવાની ક્ષુદ્રવૃત્તિ જન્મી. પરિણામે ધીરે ધીરે સાત્વિક અને રાજસ પ્રકૃતિનું સ્થાન તામસ પ્રકૃતિએ લીધું, અથવા તેમાં તામસપણું દાખલ થયું, અને એવી સ્થિતિ આવી કે શાસ્ત્રમૂર્તિ વર્ગ શાસ્ત્રજીવી બની ગયો અને શસ્ત્રમૂર્તિ વર્ગ શસ્ત્રજીવી બની ગયો. એટલે કે બન્નેનું મુખ્ય ધ્યેય રક્ષણ મટી આજીવીકા પૂરતું થઇ ગયું.

શાસ્ત્ર અને શસ્ત્રદ્વારા મુખ્યપણે આજીવીકા સાધવી, પોતાની ભોગવાસના પૂરી કરવી એવી વૃત્તિ જન્મતાંજ શાસ્ત્રજીવી બ્રાહ્મણવર્ગમાં તડાં પડ્યાં, એક બીજાની અદેખાઇ કરવા લાગ્યા. ભક્તો, અનુયાયીઓ, અને શિષ્યો કે જેમને અજ્ઞાન અને કુસંસ્કારથી બચાવી લેવાનું પવિત્ર કામ બ્રાહ્મણ વર્ગને સોંપાએલું હતું તેઓને તે રીતે બચાવવાને બદલે પેલો શાસ્ત્રજીવી વર્ગ પોતાના હાથમાં પકડેલા ભક્તો અને ભોળાવર્ગની સેવા શક્તિનો અને તેઓ પોતાના લાભમાં વધારેમાં વધારે ઉપયોગ કરવાની હરીફાઇમાં પડ્યો. એટલે શીકારીની પેઠે એક શાસ્ત્રજીવી પોતાની શાસ્ત્ર જાળમાં અને તેઓ વધારેમાં વધારે અનુયાયીઓને બાંધી રાખવા બીજા શાસ્ત્રજીવી સાથે વિવિધ રીતે કુસ્તીમાં ઉતરવા લાગ્યો, અને આચાર્ય સિદ્ધસેન કહે છે તેમ એક માંસના ટુકડા માટે લડનાર બે શ્વાનોમાં કદાચિત્ મૈત્રી સંભવ પણ બે સગાભાઇ શાસ્ત્રજીવી એટલે વાદી હોય તો તેમાં મૈત્રીનો કદિ સંભવ નથી હોતો. એ સ્થિતિ સમાજમાં આવીને ઉભી રહી. બીજી બાજુ શસ્ત્રમૂર્તિ વર્ગ પણ શસ્ત્રજીવી થઇ ગયો હતો. એટલે તેમાં પણ ભોગ વૈભવની હરીફાઇ અને કર્તવ્યચ્યુતિ દાખલ થઇ હતી, તેથી અનાથ અગર આધીન પ્રજાવર્ગનું પાલન કરવામાં પોતાની શક્તિ રોકવાને બદલે એ વર્ગ સત્તા અને મહત્તા વધારવાની પાછળ આતુર થયો. પરિણામે એક શસ્ત્રજીવી અને બીજા શસ્ત્રજીવી વચ્ચે કોઇ અનાથ અગર નિર્બળની રક્ષાને કારણે નહિં પણ અંગત દ્વેષ અને વેરને કારણે યુદ્ધ શરૂ થયાં અને એ યુદ્ધાગ્નિમાં જે લાખો અને કરોડોની રક્ષાને વાસ્તે તે વર્ગો સરજાયા હતા અગર જેઓની રક્ષાને નિમિત્તે તે વર્ગને આટલું ગૌરવ પ્રાપ્ત થયું હતું તેજ લાખો અને કરોડો લોકો હોમાયા. આ રીતે આપણા આર્યાવર્તનો ઇતિહાસ, શાસ્ત્ર અને શસ્ત્ર બન્ને દ્વારા વિશેષ કલુષિત થયો અને પોતાની પવિત્રતા અખંડ રાખી ન શક્યો. એજ કારણ છે કે આ દેશમાં લાખો નહિ પણ કરોડો શાસ્ત્રજીવી વર્ગની વ્યક્તિઓ હોવા છતાં અજ્ઞાન અને વિખવાદનો પાર નથી. એટલુંજ નહિ પણ ઉલટું એ વર્ગે અજ્ઞાન અને વિખવાદ વધારવામાં કે પોષવામાં પણ **નાનો-સુનો** ભાગ નથી ભજવ્યો. શૂદ્ર અને સ્ત્રીવર્ગને તો જ્ઞાનના અનધિકારી ગણી તે વર્ગે તેમની પાસેથી માત્ર સેવાજ લીધી છે. પણ ક્ષત્રિય અને વૈશ્યવર્ગ જેમને જ્ઞાનના અધિકારી ગણ્યા હતા તેમનામાંથી પણ અજ્ઞાન દૂર કરવાનો પેલા શાસ્ત્રજીવી વર્ગે પોતાનાથી શક્ય હોય તેવો કોઇ વ્યવસ્થિત પ્રયત્ન વ્યાપક રીતે કર્યો નથી. શસ્ત્રજીવી વર્ગ પણ અંદરો અંદરની અદેખાઇ, ભોગવિલાસ અને કલેશને પરિણામે પરરાષ્ટ્રના આક્રમણથી પોતાના દેશને બચાવી ન શક્યો અને ઉલટું પોતે પણ ગુલામ થયો. પૂર્વજોએ હાથમાં શાસ્ત્ર કે શસ્ત્ર લેતી વખતે જે ધ્યેય રાખેલું તે ધ્યેયથી તેમની સંતતિ ચ્યુત થતાંજ તેનું અનિષ્ટ પરિણામ એ સંતતિ અને એ સમાજ ઉપર આવ્યું. શાસ્ત્રજીવી વર્ગ એટલોબધો નબળો અને પેટભરૂ થઇ ગયો કે તે પૈસા અને સત્તા માટે સત્ય વેચવા લાગ્યો. તે શસ્ત્રજીવી રાજા મહારાજાઓની ખુશામત કરે, અને મોટપ માને. શસ્ત્રજીવી વર્ગપણ કર્તવ્યપાલનને બદલે દાન દક્ષિણા આપીનેજ પેલા ખુશામતી વર્ગદ્વારા પોતાની ખ્યાતિ સાચવી રાખવાનો પ્રયત્ન કરવા લાગ્યો. આમ બન્ને વર્ગની બુદ્ધિ અને સત્તાના તેજમાં બીજા આશ્રિત લોકો અંધારે ગયા અને ઉલટો આખો સમાજ નિર્બળ થઇ ગયો.

આપણે આજેપણ મોટે ભાગે જોઇએ છીએ કે કોઇ ઉપનિષદ્ અને ગીતા વાંચી, તે શાસ્ત્રો વાંચી પાછળ હિસાબ મૂકે છે: દક્ષિણામાં કેટલું ઉત્પન્ન થયું. સંવાદમાં આગળ

# અ મ દા વા દ ના........ અ વ ન વા.

(૧) શા. કેશવલાલ તારાચંદ સોમાણીને ચળવળને અંગે બે માસની સજા થઈ છે. (૨) પોતાનું જબરૂં દેવું ચુકવવાથી દીક્ષા લેનાર રામપાર્ટીના એક સાધુ થોડા સમયમાં દીક્ષાનો પરિશ્રમ કરનાર છે. મજકુર સાધુએ છેલ્લા બે ત્રણ માસમાં રામટોળીને પણ ચગડોળે ચડાવી છે, એ ખાસ નોંધવા જેવું છે. (૩) સાધુઓના પ્રપંચો અને ધાંધલો એોછાં થાય, એમાં જેમના સ્વાર્થને મોટું નુકશાન પહોંચે છે, એવા ૨-૩ રૂઢીચુસ્ત ગૃહસ્થોની દોરવણીથી ચૈત્ર માસની ઓળીના દિવસો દરમ્યાન તાલધ્વજગીરીની છત્રછાયામાં કંઈક ખટપટ થવાની છે. સમાજે ચેતવું જોઈએ. (૪) મારવાડના કેટલાક મંદિરોના જીર્ણોદ્ધાર માટે આર્થિક મદદ મેળવવા માટે આણંદજી કલ્યાણજીની પેઢી તરફથી સ્તુત્ય પ્રયાસ થઈ રહ્યો છે. (૫) વીશા શ્રીમાળી દવાખાનાનો ગયા મહિનામાં ચાર હજાર દરદીઓએ લાભ લીધો હતો. (૬) એક છોકરીને જૈન ગૃહસ્થ જોડે પરણાવવાના આરોપસર શા. સાકરચંદ ધરમચંદની ધરપકડ થઈ છે. (૭) ઉપરોક્ત નિમિત્તેજ જેમણે સાધુવેષ જાળવી રાખ્યો છે, એવા કેટલાક સાધુઓ દીક્ષા છોડતાં સામાન્ય આર્થિક સહાય મળી શકે તો દીક્ષાને તિલાંજલી આપવા તત્પર છે એવી બાબત બહાર આવી છે. (૮) શ્રી દયાપ્રેમાશ્રિણી મહાસભાના પ્રયત્નથી મારવાડના કેટલાક ઠાકોરોએ પોતપોતાના પ્રદેશમાં જીવહિંસા બંધ કરાવી છે. (૯) નાગજી ભુધરની પોળમાં ઉત્સવ ઉજવાઈ ગયો. (૧૦) અનેક કાલિમાયુક્ત કલંક કથાવાળા મોહનસૂરિ અમદાવાદ આવતાં અચકાતા હોય એમ જણાય છે. (૧૧) શ્રીમતિ નિર્મળા બેન જાદુભાઈએ નરોડામાં તા૦ ૧૧ મીએ થયેલ હરિજન પ્રસંગે અસ્પૃશ્યતા નિવારણની તરફેણમાં પ્રસંગોચિત સુંદર ભાષણ આપ્યું હતું. (૧૨) જે મહારાજો વર્ષોથી અમદાવાદમાં પડયા પાથર્યા રહે છે તેમણે વિહાર કરવાની જરૂર છે. (૧૩) ઉપાધ્યાયજી શ્રી કનકવિજયજીને સિદ્ધિસૂરિએ વરઘોડો કરતે વદ સાતમના રોજ આચાર્ય પદ્વી અપાઈ હતી. વાતચીત કરતાં પોતાના પક્ષમાં એક આચાર્ય વધારવાના ઉદ્દેશથી આ પદ્વીપ્રદાન થયું હોય એમ જણાય છે. (૧૪) રાષ્ટ્ર હિતૈષી નગરશેઠ શેઠ અંબાલાલ સારાભાઈ અને કસ્તુરભાઈ લાલભાઈએ અસ્પૃશ્યતા નિવારણ સંઘને પાંચ પાંચ હજાર રૂપીઆ આપી અનુકરણીય ને પ્રશંસનીય દાખલો બેસાડયો છે. (૧૫) સમેતશિખર સ્પેશ્યલ તા૦ ૧૮ મીની રાત્રે ઉપડી ગઈ. યાત્રિકોની સંખ્યા લગભગ સાડાત્રણસો જેટલી થઈ છે. (૧૬) બે ભાઈઓને સટ્ટો રમવા બદલ દશ દશ રૂપીઆનો દંડ થયો છે. (૧૭) સુધારકવીર શ્રી વીરચંદભાઈ ગોકળભાઈ ભગતનું સ્વાસ્થ્ય સુધારા ઉપર છે. (૧૮) ધર્મેન્દ્ર સોસાયટીમાં કેટલાક વધુ સભ્યોએ રાજીનામાં આપ્યાં છે. (૧૯) જયાશ્રીને સંસારી બનાવવા કેટલાક આપ્તજનો વગેરે પ્રયત્ન કરી રહ્યા છે. કેટલાંક વિશિષ્ઠ કારણોને લઈને જયાશ્રી સાધુ વેશમાંજ રહેવાનું પસંદ કરે છે કે પુનઃ સંસારમાં પ્રવિષ્ઠ થાય છે તે જોવાનું રહે છે. (૨૦) અસ્પૃશ્યતા નિવારણનો ખરડો ધારાસભામાં રજુ કરવા દેવા માટે જે શીલ માલેકોએ નામદાર વાઇસરોયને વિનતિ કરી છે તેમાં શેઠ અંબાલાલ સારાભાઈ સામેલ થયા છે. જ્યારે કેટલાક મીલ માલેકોએ ખરડો ધારાસભામાં રજુ ન કરવા દેવાની નામ૦ વાઇસરોયને અરજ પણ કરી છે. (૨૧) શા. મગાભાઈ મણીભાઈની દુકાનનો બહિષ્કાર પોકારવા માટે બે ભાઈઓની ધરપકડ થઈ છે. (૨૨) મણીભાઈ સાકળચંદના પેર બહિષ્કારના પોકારો કરવા માટે બે ભાઈઓ પકડાયા છે. (૨૩) વીરચંદ દીપચંદ લાઇબ્રેરીનો વહીવટ સુધરે એ ઉદ્દેશથી ટ્રસ્ટીઓ જોઓ મુંબઈ રહે છે. તેમને વસ્તુસ્થિતિથી વાકેફ કરવાની લાગતા વળગતાઓને અત્યંત જરૂર છે. (૨૪) મોહનસૂરિને અમદાવાદમાં સ્થાન ન મળે તેમ હોવાથી તેઓ પાટણ જવા માટે ખુબ પ્રયત્ન કરી રહ્યા છે, પરિણામ શું આવે છે તે જોવાનું રહે છે. (૨૫) રામપાર્ટીએ પોતાની ઉમેદ પાર પાડવા ચૈત્ર માસની ઓળી માટે તળાજાની પસંદગી કરી છે. શ્રી વિજયનેમિસૂરિને આગળ કરી એ પાર્ટી પોતાના દાવ ખેલી શકે તે પહેલાં સમાજને પરિસ્થિતિથી જાગૃત થવાની અત્યંત આવશ્યકતા છે. (૨૬) સોસાયટીની લગભગ બધી પ્રવૃત્તિઓ બંધ પડી ગયાથી પ્રવૃત્તિઓ આગળ ધપાવવા માટે રામવિજયના આગ્રહપૂર્વક પત્રો આવવા લાગ્યા છે. હવે આગળ વધવાનું મુશ્કેલ છે એવો જવાબ અપાઈ ગયો છે. કઠીઆ અને બાબુપંચાલાલ ઉપરજ સોસાયટીની હવે બધી આશાઓ અવલંબી રહી છે.

અમરપથી.

---

જાંચનાર બ્રાહ્મણની દૃષ્ટિ માત્ર દક્ષિણા તરફ હોય છે. અભ્યાસના બધો શ્લોકો ઉચ્ચારે જાય છે, અને આંખ કોણે દક્ષિણા મૂકી અને કોણે ન મૂકી એ જોવા તરફ ફર્યા કરે છે.

દુર્ગાસપ્તશતીનો પાઠ કરનાર મોટે ભાગે દક્ષિણા આપનાર માટે કરે છે. ગાયત્રીના જપો પણ દક્ષિણા દેનાર માટે થાય છે. એક યજમાન પાસેથી દક્ષિણા મેળવવા શાસ્ત્રજીવી વર્ગની અને એક યજમાનને ત્યાંથી સીધુ મેળવવા તે વર્ગની અંદરો અંદર જે મારામારી થાય છે તેને એક ટુકડા માટે લડતા બે શ્વાનો સાથે સરખાવી શકાય. જમીનના એક નજીવા ટુકડા માટે પણ બે શાસ્ત્રજીવીઓ હવે કોર્ટે એજરીતે લડે છે. વિશેષ શું? શાસ્ત્રજીવી વર્ગમાં જે સ્વાર્થ અને સંકુચીતપણાનો દોષ દાખલ થયો તેની અસર બૌદ્ધ અને જૈનના ત્યાગી ગણાતા ભિક્ષુક વર્ગ ઉપર પણ થઈ. આ બે વર્ગમાં અંદરો અંદર કુસંપ અને વિરોધ દાખલ થઈ ન અટકતાં તે તેના પેટા ભેદોમાં પણ દાખલ થયો. દિગંબર જૈન ભિક્ષુ શ્વેતામ્બર ભિક્ષુને અને શ્વેતામ્બર ભિક્ષુ દિગંબરને હલકી દૃષ્ટિથી જોવા લાગ્યો. ઉદારતાને બદલે બન્નેમાં સંકુચીતતા વધવા અને પોષવા લાગી, અંતે એક શ્વેતામ્બર ભિક્ષુ વર્ગમાં પણ શાસ્ત્રને નામે ખૂબ વિરોધ અને તડ જન્મ્યાં અને આધ્યાત્મિક ગણાતા તેમજ આધ્યાત્મિક તરિકે પૂજાતાં શાસ્ત્રોનો ઉપયોગ એક યા તો બીજી રીતે દ્રવ્ય ઉત્પન્ન કરવામાં, વિરોધ સાથે કદાગ્રહ વધારવામાં અને પોત પોતાની અંગત દુકાનો ચલાવવામાં થવા લાગ્યો. આ રીતે શાસ્ત્રે શસ્ત્રનું સ્થાન લીધું. અને તે પણ ખરી રીતે તો શુદ્ધ શસ્ત્રનું નહીં પણ ઝેરી શસ્ત્રનું સ્થાન લીધું. તેથી જ આજે જો ક્લેશ કંકાસનાં બીજ વધારે દેખાતાં હોય, અગર વધારે વ્યાપકરીતે ક્લેશ, કંકાસ, ફેલાવવાની શક્યતા દેખાતી હોય તો તે ત્યાગી કહેવાતા ઓનાં શાસ્ત્રજીવી વર્ગમાંજ છે, અને એની અસર જ્યાં ત્યાં આખા સમાજ ઉપર વ્યાપેલી છે.

"પર્યુષણ વ્યાખ્યાન માળામાંથી"

# દીક્ષા અને તેનું શાસ્ત્ર.

લેખક:—
કેશવલાલ મંગળચંદ શાહ.

"कारणिआ चउत्थीवि अज्जकालएहिं पवत्तिआ। कहं पुण? उज्जेणीए णगरीए बलमित्त भाणुमित्तारायाणो। तेसिं भाइणेज्जो अज्जकालओ णिव्विसतो कतो। सो पइट्ठाणं आगतो तत्थ सात-वाहणो राया सावगो। तेण समण पूयणछणो पवत्तितो अंतेउरं च भणितं–अट्ठमिमादिसु उववासकाउं अमावसाए उववासं काउं इति पाठांतरं पारणए साहूणभिक्खं दातुं पारिज्जाह। अन्नया पज्जोसमणा दिवसे आसण्णे आगते अज्जकालएण सालवाहणो भणितो–भद्दवतो! जोण्हस्स पंचमीए पज्जोसवणास्स रण्णा भणितो तद्दिवसं मम इंदो अणुजातव्वो होहितितेण पज्जुवासिताणि चेतियाणि साहुणो य भविस्संति चिकातुंतो छट्ठीए पज्जोसवणं भवतु। आयारिएण भणितं न वट्टति अतिक्कमेतु। रण्णा भणियं तो चउत्थीए भवतु। आयरियण भणितं–एवं होउत्ति–चउत्थीए कता पज्जोसवणा। एवं चउत्थी विजाता कारणिता (दशाचूर्णि पत्र ४५)

—શ્રી કાલિકાચાર્યે કારણસર ચોથ પણ કરી છે. કેવી રીતે? ઉજ્જયની નગરીમાં બલમિત્ર અને ભાનુમિત્ર નામના રાજાઓ છે. તેમનો ભાણેજ કાલકાચાર્ય ભાણેજ હતો. જેને હદપાર કર્યો તે ત્યાંથી પ્રતિષ્ઠાનપુર આવ્યા. ત્યાંના શાલિવાહન રાજા શ્રાવક છે. તેણે સાધુપૂજાનો મહોત્સવ ચાલુ કર્યો. પોતાના અંતઃપુરને કહ્યું કે–આઠમી આદિ દિવસે ઉપવાસ કરીને–'અમાસને દિવસે ઉપવાસ કરીને' એવો પાઠાંતર છે–પારણાને દિવસે સાધુઓને ભિક્ષા આપીને પારણું કરજો. એક દિવસે પજુસણ નજીક આવ્યાં ત્યારે કાલકાચાર્યે શાલિવાહન રાજાને કહ્યું કે–ભાદરવા શુદિ પાંચમે પજુસણ છે, રાજાએ કહ્યું–તે દિવસે મારે ઇંદ્ર પૂજવાનો છે એટલે ચૈત્ય–મંદિર અને સાધુઓની ભક્તિ દર્શન નહિ કરી શકાય માટે છઠના પજુસણ કરો. આચાર્યે કહ્યું–એમ ન થાય. રાજાએ કહ્યું ત્યારે ચોથે થાઓ. એમ કહી ચોથને દિવસે પજુસણ કર્યાં. એ રીતે **કારણસર ચોથ** પણ થઇ.

યાદ રહે કે કેવળ પાંચમના દિવસે રાજાને ઇંદ્રપૂજન કર-વાની હોવાથી રાજાની સગવડ ખાતરજ ચોથ કરી અને સ્પષ્ટ શબ્દોમાં કહીદીધું કે–"**एवं चउत्थी विजाता कारणिता**"એ રીતે કારણસર ચોથ પણ થઇ. એક રાજાની સગવડ ખાતર દિવસ ફરી શકે છે, એ ઉપરથી નથી સમજી શકાતું કે આમાં રાજાની સગવડ સિવાય બીજો કોઇ પણ હેતુ નથી. એટલે આ પરિવર્તન સગવડ માટે જ થયું છે, એમ ના પણ કેમ પાડી શકાય. આ જાતનો બીજો દાખલો પણ શ્રીમદ્ કાલિકાચાર્યનો જ છે. જુઓ અંચલમત દલન પત્ર ૧૭.

**त्रीणि चातुर्मासकानि अपि युगप्रधान श्री कालकसूरिभिः लोकानां संलग्न बृहत्पाक्षिक चातुर्मासिक प्रतिक्रमणद्वय षष्ठतपः करणाशक्ति प्रमादावलोकन पूर्णिमायाश्चतुर्दश्यामाचीर्णानि**"

"યુગપ્રધાન શ્રી કાલિકાચાર્યે ત્રણ ચોમાસીઓ એક સાથે પાક્ષિક અને ચોમાસી પ્રતિક્રમણ તથા છઠ્ઠતપ કરવાની અશક્તિ પ્રમાદ આદિ જોઇને પુનમને બદલે ચૌદશની કરી"

"पज्जोसवणाकप्पो दिवसओ कड्ढिउं नचेव कप्पइ" इत्यादि निशीथ चूर्णि १० उद्देशायुक्त पर्युषणादिनाचतुर्दिने निशा प्रतिक्रमणानन्तरकल्पमार्ग परित्यज्य दिवा श्राद्ध समक्ष वाचनं समहोत्सव चरित्र जागरण मधुर विरुद्ध दुग्धाशनकाद्यनु पगमन माचरणति ॥ अंचलमत दलन पत्र २५.

"કલ્પસૂત્ર દિવસે વાંચવું કલ્પે નહિ" ઇત્યાદિ નિશીથ ચૂર્ણીના દશમા ઉદ્દેશમાં કહેલ, પર્યુષણા દિવસના પહેલા ચાર દિવસમાં રાત્રિના પ્રતિક્રમણ બાદ કલ્પસૂત્ર સાંભળવાની રીતને છોડી અને દિવસે શ્રાવક આગળ વાંચવું, મોરપિંછાં દંડાસણ રાખવા ઇત્યાદિ આગમથી જાણવું.

કલ્પસૂત્ર દિવસે વાંચવાની નિશીથ ચૂર્ણીમાં મનાઇ કરેલી હોવા છતાં લાભાલાભની દૃષ્ટિએ આગમોક્ત નિષેધ વિરૂધ્ધ શ્રાવકો સમક્ષ કલ્પસૂત્ર દિવસે વાંચવાનું કોણ પુર્યાચાર્ય કરાવે છે.

સગવડ અને લાભાલાભની દૃષ્ટિથી પરિવર્તનો અત્યારના કાળમાં ઘણાં કર્યાં છે એ ઉપરથી સ્પષ્ટ રીતે સમજી શકાય છે કે પૂર્વાચાર્યોએ જ્યારે જ્યારે જરૂર પડી ત્યારે ત્યારે આગમોક્ત આદેશ કે નિષેધાત્મક-વિધાનોની વિરૂધ્ધ જઇને વિધાનો કર્યાં છે.

શ્રાવકોથી આગમો વાંચી શકાય નહિ તેવા પાઠ આગમોમાં હોય એમ આપણે સ્વીકારી લઇએ, તો પણ આજે શ્રાવકો આગમો વાંચી શકે તેવી છૂટ આજના આચાર્યો આપે તેમાં લાભ છે કે કેમ? એટલો જ પ્રશ્ન વિચારવાનો રહે છે. કારણ, આજે ભલે આગમો, મૂળ ભાષામાં વાંચનારા શ્રાવકો બહુજ થોડા હોય, પરંતુ આજે જર્મન, ઇંગ્લીશ વિગેરે ભાષામાં આગમોનાં ભાષાંતરો થએલાં છે અને તે જૈન નહિ પણ જૈનેતર ગૃહસ્થો છૂટથી વાંચી શકે તેમ છે, એટલુંજ નહિ પરંતુ વંચાય છે, એટલે આગમપ્રાવિણ્ય પરિભાષાથી જે શંકા સમાધાન શક્ય હોવાના અભાવે કેવીતી રીતે શાસ્ત્રને બદલે હાની છે, એટલે મૂળ ભાષામાંજ શ્રાવકોને વાંચવાની છૂટ આપી. શ્રાવકોને આજના આચાર્યો કે ઉપાધ્યાયો વંચાવતા હોય તો એમાં લાભજ છે. અસ્તુ. આ વિષય અત્રે નહિ હોવાથી મૂળ વિષય ઉપર વિચારીશું તો જણાશે કે જૈન શાસનમાં પરિવર્તનને સ્થાન છે, અને જ્યારે જ્યારે જરૂર જણાઇ ત્યારે ત્યારે પરિવર્તનો થયાં છે એટલે પરિવર્તનો નજ કરી શકાય એ કહેવું તે જૈન દૃષ્ટિથી, જૈન શાસ્ત્રથી વિરૂદ્ધજ છે. અર્થાત્ જૈન શાસ્ત્ર સમયાનુકૂળ પરિવર્તનની શક્યતા સ્વિકારે છે.

(અપૂર્ણ)

## ચોપડીઓ આવી ગઇ છે.

પજુસણ વ્યાખ્યાન માળાની ચોપડીઓ છપાઇને આવી ગઇ છે. ગ્રાહકોએ યુવક સંઘની ઓફીસમાંથી લઇ જવા મહેરબાની કરવી.

# વર્તમાન જૈન દીક્ષા અને તેમાં થવું જોઇતું પરિવર્તન.

લેખકઃ—કાન્તિલાલ ભોગીલાલ શાહ ભાઇ કુસુમવિજયજી.

ભાગવતી દીક્ષા બોધનો નમી જીનને શીકાર
સારાસાર વિવેકમય ટુંક જણાવું સાર.

( આ લેખમાળા લખવાનો ઉદ્દેશ એજ છે કે-શ્રમણ ભગવાન શ્રી મહાવીરની પવિત્ર દીક્ષામાં જે વિકારો ઉત્પન્ન થયા છે અને એને પરિણામે એ પવિત્ર ભાગવતી દીક્ષા પ્રત્યે જનતાના હૃદયમાં જે અણગમો વધતો ચાલ્યો છે, એટલુંજ નહિ પણ એ પવિત્ર પ્રવજ્યા દ્વેષના કારણરૂપ બની ગઇ છે. એ સ્થિતિ નાબુદ થાય, અને સત્ય વસ્તુસ્થિતિ સમજાય એ ઉદ્દેશ આ લેખમાળાનો છે. કોઇ એમ ન માને કે-કોઇને પણ ઉતારી પાડવાનો કે કોઇની પણ અયોગ્ય ટીકા કરવાનો લેશપણ પ્રયાસ છે. આ લેખમાળાદ્વારા એટલુંજ ઇચ્છું છું કે—તેઓ ખરી વસ્તુસ્થિતિથી પરિચિત થાય અને સારાસારની પરીક્ષા કરી આત્મા સાધુના ઉપાસક અને તેમજ સાધુઓ પણ પોતામાં વધી પડેલ ગંભીર શિથિલતાઓ અને દોષોને દૂર કરે અને જૈન સમાજ અત્યારની પરિસ્થિતિથી વાકેફગાર થઇ સુધારણાનો માર્ગ લે. )

**વાસ્તવિક દીક્ષા.**

દીક્ષા એ જીનેશ્વર દેવોએ ફરમાવેલી છે. અને દીક્ષા શબ્દ "દીક્ષ્" ધાતુ ઉપરથી બનેલો છે. સંસ્કૃતમાં "દીક્ષ્" ધાતુનો અર્થ "સર્વ પાપોથી વિરામ" એ છે. જે દીક્ષામાં સર્વપાપોથી વિરામ હોય તેવી દીક્ષાથીજ જૈનશાસન વિજયવંત રહે એમાં કોઇ ઇન્કાર કરી શકે તેમ નથી કારણ કે જૈન શાસનના દીક્ષાપાળવાના નિયમો સર્વોત્તમ છે. જે નિયમો વાંચવાથીજ જૈન શાસન કોઇપણ આત્માને માટે કેવું જીવન જીવવાનો ઉપદેશ આપે છે તે જોઇ શકાય. અને આવું જ જીવન જીવવું જોઇએ એમ કોઇપણ સજ્જન કબુલ્યાવિના નહિ રહે.

**જૈન શાસ્ત્રકારોનો જીવન જીવવાનો ઉપદેશ.**

જૈન શાસ્ત્રકારો દીક્ષિત આત્માઓનાં જીવન ઉપર એટલો અંકુશ મૂકે છે કે કોઇ પણ જીવની હિંસા કરવી નહિ. કોઇને પણ હિંસાનો ઉપદેશ આપવો નહિં અને જેઓ હિંસા કરતા હોય તેઓને ઉચ્ચ માનવા નહિ. એટલુંજ નહિ પણ એ શાસ્ત્રકારો એથી એ આગળ વધીને એટલે સુધી કહે છે કે-કોઇપણ આત્માને દુઃખ થાય તેવું એક પણ કર્મ કરવું નહિ. ને ગમે તેવા પ્રસંગે હાસી આદિથી પણ મૃષાવાદ (અસત્ય) બોલી શકાય નહિ. કોઇને પણ બોલવાનો ઉપદેશ કરીશકાય નહિ. અને મૃષા બોલનારને સારો પણ મનાય નહિ. એજ પ્રમાણે ચોરી, મૈથુન તથા પરિગ્રહને માટે પણ સમજવું. જોકે આ દીક્ષિત આત્માઓ માટે મુખ્ય ઉપદેશ છે. પરંતુ ગ્રહસ્થોને માટે પણ આવું જ જીવન જીવવાની ભાવના રાખવાનો ઉપદેશ કર્યો છે. અને આત્મપ્રગતિના આ કિરણો ધીમે ધીમે જીવનમાં ભરવાં જોઇએ.

**વર્તમાન દીક્ષા સામે વિરોધ.**

આવા ઉચ્ચ જીવનનો કોણ વિરોધ કરી શકે તેમ છે? અત્યારે સુધારકોનો શું દીક્ષા સામે વિરોધ છે? તેઓને શું દીક્ષા વસ્તુ ગમતી નથી? નહિજ. યુવાનો દીક્ષાને બરાબર માને છે. પરંતુ આજના મહત્વકાંક્ષી સાધુઓએ દીક્ષા વસ્તુને તદ્દન મામુલી અને કિંમત વિનાની બનાવી દીધી છે. તેથીજ અત્યારે યુવાનોને તેવી દીક્ષા સામે જાહેર વિરોધ છે. શું અત્યારે યુવાનો શાસ્ત્રને મુકીને વાતો કરે છે? નહિજ. યુવાનો પણ શાસ્ત્રોને સંપૂર્ણ રીતે માને છે. માત્ર યુવાનો ઉપધાન ઉજમણાં જિનપૂજા, અંગરચના વિગેરે અનેક બાબતોમાં જે અણઘટતા વિકારો કે વધારાઓ થયા છે તેમાં શાસ્ત્રાનુસાર સુધારો માગે છે. અને સમયધર્મનો વિચાર કરીએ તો સુધારો આવશ્યક છે.

હવે આપણે મુખ્ય વિષય ઉપર આવીએ કે યુવાનોનો વિરોધ વર્તમાન દીક્ષા પ્રત્યે શા માટે છે?

**દીક્ષા વિકારના દ્રષ્ટાન્તો**

આપણે જાણી ગયા કે-જૈન શાસ્ત્રકારો દીક્ષા લેનાર માટે જીવન પાળવાના ઘણા ઉંચા આદર્શો રજુ કરે છે. એ આદર્શો વર્તમાન દીક્ષાઓમાં સચવાય છે કે નહિ? એ વિચાર હું નીચેના દાખલાઓ ટાંકીને જણાવું છું.

શ્રીમાન દાનસૂરિના સમુદાયમાં રહેતા શ્રી રામવિજયજી જ્યારે અમદાવાદથી પાટણ તરફ વિહાર કરી રહ્યા હતા ત્યારે ખામખામમાં આવતાં એક માણસ રામવિજયજીને મળ્યો. એ માણસે દીક્ષા લેવાની ભાવના વ્યક્ત કરી, રામવિજયજીએ એ માણસ માટે પોતાના ભક્તને પૂરતી ભલામણ કરી અને તે માણસને ચોટલા લઇજવામાં આવ્યો. ત્યાં તેને દીક્ષા આપવામાં આવી, દીક્ષા લીધાને હજુ તો કે ચાર રાતો ગઇ હશે ત્યાં એ માણસ દીક્ષા છોડીને ચાલ્યો ગયો. શા માટે? કારણ એજ કે-દીક્ષાના પવિત્ર ઉદ્દેશો સમજાવવામાં આવતા નથી. લેનારની યોગ્યતાનો ખ્યાલ કરાતો નથી અને કેવળ વેષ મોકલી ઇચ્છાનેજ તૃપ્ત કરવામાં આવે છે. આથી ઉદ્ધાર નથી થતો દીક્ષા લેનારનો કે દીક્ષા આપનારનો. માત્ર જૈન શાસનની હેલણા સિવાય કશું એ પરિણામ નથી આવતું.

( અપૂર્ણ )

---

## ભરૂચના શ્રી સંઘને ચેતવણી?

દેરાસરજીના અયોગ્ય વિચારવંત ટ્રસ્ટીઓ જોગ:

મુનિસુવ્રત સ્વામીના દેરાસરના ચોગાનમાં શેઠ મોરધનદાસ કરસનદાસના મકાનની બારીઓ પડે છે, જે બારીઓ બંધ કરાવવા આગાઉ ઝગડો થયો હતો. અને છેવટે પણ કરીને એવો ઠરાવ થયો છે કે બારીઓ બાબત કંઇ જામીન કરાવી લેવું અથવા સદંતર બંધ કરાવવી. સમજણ કે જો બારીઓ હોય તોજ રાત્રે મળમૂત્ર નાંખવા ઉપયોગ થાય. તો તેનો કરતાં સદંતર બંધ કરાવવી ઠીક. આ સાથે આ બાબતનો નિકાલ કર્યા વગર શેઠજી જમણ જમ્યો હતો, આ બાબ એમને ટોળે ઉજમણું અને ઉત્સવ છે આ વખતે જો શેઠજી આપના સંઘને ઉપરોક્ત બાબતમાં કંઇ કરવા માગશે, તો જરૂર કરી શકશે. આશા છે કે-શેઠજી આ બાબતમાં ધ્યાન કરશે.

—ભરૂચ નિવાસી.

# જર્મન દ્રષ્ટિએ જૈનધર્મ

લેખકઃ
મહાસુખભાઈ ચુનીલાલ-વિસનગર.

જર્મનીના બર્લીન શહેરના પ્રોફેસર હેલ્મુટ ગ્લાઝેનાપ નામના પ્રોફેસરે જર્મન ભાષામાં "જૈનીઝમ્સ" (Jainisums) નામનો ગ્રંથ સન ૧૯૨૫ માં પ્રગટ કરેલો, તે બહુજ ઉપયોગી જણાવાથી સર કીકાભાઈ પ્રેમચંદ રાયચંદની આર્થીક મદદથી ભાવનગરની શ્રી જૈનધર્મ પ્રસારક સભાએ તે ગ્રંથનું ગુજરાતી ભાષાંતર કરાવી "જૈનધર્મ" નામનો પાંચસો પૃષ્ઠનો ગ્રંથ પ્રસિદ્ધ કરેલો છે. તેમાંથી જૈન જનતાને તેમજ જૈનેતરોને પણ ઘણીજ જાણવા જેવી હકીકતો મળી આવતી હોવાથી તે વાંચકો આગળ રજુ કરૂં છું, લેખકે સાત અધ્યાયમાં તેનો સમાવેશ કરેલ છે. પહેલામાં ભૂમિકા, બીજામાં ઇતિહાસ, ત્રીજામાં ગ્રંથો, ચોથામાં સિદ્ધાંત, પાંચમામાં સંઘ, છઠ્ઠામાં કર્મકાંડ અને સાતમામાં સમાપ્તિ. આ ગ્રંથ લખવામાં લેખકને મળેલી મદદનાં સંબંધમાં આભાર પ્રદર્શિત કરતાં શરૂઆતમાં તે લખે છે કેઃ—

હિન્દુ અને બૌદ્ધ ધર્મની તુલનામાં ભારત વર્ષમાં જન્મ પામેલા ત્રીજા ધર્મ "જૈન ધર્મ" વિષે પશ્ચિમમાં લોકોએ તેટલું ધ્યાન નથી આપ્યું, જો કે એ ધર્મે ગંગા ભૂમિનાં ઇતિહાસ, સાહિત્ય તથા કલા ઉપર કાંઇ ઓછો પ્રભાવ નથી પાડ્યો, અને તેના વિશિષ્ટ વિચારો અને આચારો વિષે ધર્મ શોધકોને બહુ મહત્વનો રસ પડે એમ છે. આ પુસ્તક એ ખામી દૂર કરવાની અને વર્તમાન જૈન ધર્મ વિષે સારી રીતે સાચી હકીકતોનું યથાશક્ય સંપૂર્ણ ચિત્ર આપવાની ઇચ્છા રાખે છે. મારા આ કાર્યમાં મને જૈન સંઘના પ્રસિદ્ધ પુરૂષોની સહાયતા મળી છે, તેમણે મને અનેક ગ્રંથો જોવા આપ્યા છે અને પ્રશ્નોના ઉત્તર આપ્યા છે. એ સહાયતા માટે મારે તેમનો આભાર માનવો ઘટે છે. ધર્મમૂર્તિ શાસ્ત્રવિશારદ જૈનાચાર્ય શ્રી વિજયધર્મસૂરિ, ધર્મમૂર્તિ ઇતિહાસ તત્વમહોદધિ વિજયેન્દ્રસૂરિ, મુનિ હંસવિજયજી, શ્રીયુત એસ. કે. ભંડારી. (ઇન્દોર) શ્રી બનારસીદાસ જૈન (લંડન) શ્રી સંપતરાય જૈન (હરદોઇ) શ્રી છોટાલાલ જૈન (કલકત્તા) શ્રી લક્ષ્મીચંદ જૈન (અલ્હાબાદ) શ્રી સી. એસ. મલ્લીનાથ જૈન (મદ્રાસ) શ્રી પન્નાલાલ જૈન (દીલ્હી) રા. બ. જગમંદરલાલ (ઇંદોર) શ્રી પુરણચંદ નહાર (કલકત્તા) તેમજ અખીલ ભારત જૈન મંડળ (ઇંદોર) રાઇટ ઓનરેબલ મી૦ ચાઠોળીએ અને પ્રોફેસર આર. સીમોને આ પુસ્તક ભલે ભાવે સુધારી આપ્યું છે. પ્રો. કીર્ફેલ. પ્રો. શુબ્રીંગ, પ્રો. એલ. સુઆલીએ, ડૉ. એફ. ડબલ્યુ. થોમસે મને જોઇતી વિગતો આપી છે. ડૉ. ડબલ્યુ. કોન, રાઇટ ઓનરેબલ મી૦ ટ્રોસે, બ્રુકલીન ઇન્સ્ટીટ્યુટ મ્યુઝીયમે, ઇન્ડીયન ઇન્સ્ટીટ્યુટે, માનવ શાસ્ત્ર વિષેના સરકારી મ્યુઝીયમે તથા વિક્ટોરીયા અને આલ્બર્ટ મ્યુઝીયમનાં ભારત વિભાગે પોતાની પાસેના સુંદર સાહિત્યના સંગ્રહમાંથી મને ઉતારા કરી લેવા દીધા છે. મારા પિતાએ જૈન કાવ્યોના ગ્રંથોના ઉતારા આપ્યા છે. એ માટે એ સૌનો આ સ્થળે આભાર માનું છું."

પ્રોફેસર હેલ્મુથ ગ્લાઝેનાપ ગ્રંથના બીજા અધ્યાયમાં ઇતિહાસની નોંધ લેતાં જણાવે છે કેઃ—

"જૈનોના ઇતિહાસ સંબંધી હકીકતો મેળવવા માટે જે સાહિત્યો મળી આવે છે તે આ છેઃ-ગ્રંથો, શિલા લેખો અને સ્થાનો, સ્મરણ મંદિરો, સિક્કાઓ આદિ સંશોધકો-પ્રયોજકો ગ્રંથો બહુ કામમાં આવે એમ છે. જૈનોએ પોતે ધર્મના ઇતિહાસ વિષે ગ્રંથોનું ચાર સળંગ રાખી જવાના પ્રયત્નો કર્યા છે. યુરોપીયનના શાસ્ત્રીય વિવેચનની દ્રષ્ટિએ આ ગ્રંથોનું મહત્વ બેશક જુદુંજ છે × × × જૈન ધર્મનો ઇતિહાસ જૈનોના હાથે જે પુસ્તકોમાં લખાયો છે, તેમાંનો મોટો ભાગ કથામિશ્રિત છે. ઐતિહાસિક હકીકતો વર્ણવાય તેના કરતાં સહાણું વાંચકને એકાદ ઠગાક ધાર્મિક વાંચન આપી શકાય એ હેતુએ એ પુસ્તક છપાયાં હોય એમ એના ઉપર દ્રષ્ટિ નાખતાં જણાઇ આવશે. મારા હાથમાં એવાં અનેક પુસ્તકો આવેલાં છે કે, જેમાંની હકીકતો આજ સુધી શુદ્ધ ઐતિહાસિક મનાતી આવી છે, તેમાં પણ યુરોપીયનની દ્રષ્ટિએ વિચારીએ તો કથા ભાગનો ભોક વધારે છે. અને આ ખામી છતાંએ જૈનોના ઘણા ઇતિહાસ ગ્રંથોમાં મહત્વનું સાહિત્ય ભરેલું છે. અને વિવેચક દ્રષ્ટિ રાખીને વાંચીએ તો તેમાંથી ઉપયોગી અનેક વસ્તુઓ પ્રાપ્ત થાય. × × × અમુક સાધુ સંઘના ગુરૂ પરંપરાના પત્રકમાંથી જેને પટ્ટાવલી કહે છે, તેમાંથી પ્રખ્યાત પુરૂષોના જીવનકાળ વિષેના નિર્ણય કરવા માટેના ઉપયોગી સાધન મળી આવે છે, પણ ત્યાં એ વિશ્વાસ તો વિચારીનેજ મેળવો. કારણ કે લેખકો પોતાને લાગતી ઊણપો પોતાની કલ્પનાએ પૂરી કરે છે. અને એવી રીતે એ લેખકોએ મહાવીર સુધીનો અથવા એમનાથી પૂર્વે થઇ ગયેલા પાર્શ્વનાથ સુધીનો ઇતિહાસ જોડી કાઢ્યો છે. જૈનોના ઇતિહાસ ગ્રંથોમાં આપેલી હકીકતોને આપણે કસોટીએ ચડાવી લેવી જોઇએ, અને બ્રાહ્મણોના, બૌદ્ધોના અને બીજા ગ્રંથોની હકીકતોની સાથે તોળી પારખી લેવી જોઇએ. આ ગ્રંથોની વાસ્તવિકતા પણ બેશક અનેકવાર શંકાશીલ છે. કારણ કે જૈનોના પ્રતિસ્પર્ધી હોવાથી તેમના ઉપર આક્ષેપો અને અપરાધો આરોપવાનાં પ્રયત્નોમાં તેઓ મિત્રો અને પ્રશંસકોની પેઠેજ વારંવાર સત્યથી વિમુખ થઇ ગયા છે.

ગ્રંથોની જેટલી વિપુલ તો નહિં, પણ અનેક રીતે વિશ્વાસપાત્ર માહીતી શિલાલેખોમાંથી મળી આવે છે. અમુક ઘટનાને પ્રસંગે લેખો કોતરવામાં આવેલ હોય છે, ત્યારે આ લેખોને અમુક તારીખ અને સાચી હકીકતો સાથે સંબંધ હોય છે. અને તે હકીકતો પછીના સાહિત્યમાં નોંધાય છે. ઘણાખરા લેખો ધર્મપ્રિય રાજાઓએ કે શેઠ શાહુકારોએ કોતરાવેલા હોય છે, ને તેમાં દેવાલય કે દેવપ્રતિમા કરાવ્યાની ભૂમિદાન કર્યાની કે ન્યાય આપ્યાની હકીકતો નોંધેલી હોય છે. તેમાં આજ્ઞા રાજ્યકર્તા અને તેની પૂર્વેના રાજાઓનાં નામ, દાન આપેલા સાધુના અને તેમનાં ગુરૂઓનાં તથા પૂર્વાચાર્યોનાં નામ, અને તારિખો આપ-ભને ઇતિહાસનું હાડ બાંધવામાં ઘણુંજ ઉપયોગી થાય છે. કારણ કે એવા ઐતિહાસિક સત્ય વિષે ઘણું કરીને શંકા લેવા જેવું

# સમાજકે વીર યુવકોંસે અપીલ.

( लेखकः—श्री भँवरमल सिंघी. )

विश्व के अन्यान्य युवक एक तरफ और जैन नवयुवक दूसरी तरफ! लज्जा कष्ट, क्षोभ, उद्विग्नता सारे अपनी लाल २ आँखें दिखा कर इस जैन समाज को विनाश की प्रबल आँधी में उड़ा ले जाना चाहते हैं। हजारों विधवाएं रो रही हैं। उनके करुण-क्रन्दन से इस जर्जरित समाज का नाश होने वाला है। समाज का शरीर सूख गया है और क्षयरोगसे पीड़ित यह समाज अपने अन्तिम सांस गिन रहा है।

सहस्रों बाल-विधवाओं की हृदय-विदारक आहें इस पापी नर समाज को भस्म कर देनेवाली है। उनके आंसुओं का अवरुद्ध प्रवाह इस बात का संकेत कर रहा है कि जैन जाति शीघ्र ही नष्ट होने वाली है। हजारों अबलाएं पति-वियोग के असह्य शोक से मृतप्राय होकर इस पापी समाज के बनाये हुए ज्वलन्त नर्ककुण्ड में पड़ कर परम यातना से व्यथित होकर उन धुरन्धर 'लड्डू पुजारी' महारथियों और नर-हिंसक दलालों को पग २ पर धिक्कार देती और अपने दारुण प्रलाप से उनके वज्र हृदयों को बेधती हुई मानव यातनाओं को पूरी करती है। वाह रे। समाज। तुझे लज्जा नहीं आती। तेरा पाषाण-हृदय चूर २ नहीं हो जाता!!! हरी वनस्पति और फलाहार में पाप समझने वाले समाज तुझे अबलाओं का-बाल अबलाओं को खा जाने में पाप नहीं होता? पापी पंचो! तुम ही भगवान् महावीर की संतान हो? किस मुहसे-किस नाक से-ऐसा कहते हो? पंचो! अपने को पहचानो! महावीर के पुत्रों को यह अभिनय शोभा देता।। कन्या दलालों! तुम्हें मैं कितनी बार धिक्कार दूं? ऐसे नीच निर्दयी कार्य के लिए तो जड़ लेखनी में भी सामर्थ्य नहीं है। क्या Trade depression को पूरा करनेका यही साधन है? सच कहते हैं तुम तो जानवरों से भी गये बीते हो।

इससे बढ़ कर क्या हो सकता है? अबोध बालिकाओं का बूढ़े नर पिशाच, क्षत वीर्य पुरुषों के साथ-मृत्यु शय्या पर पड़े हुए अत्याचारियों के साथ-ब्याहकर, विधवा हो जाने रांड और पति-भक्तिनी के Titles देकर सत्कार किया जाय। अंधे समाज! कब तक तेरी बलि-वेदी पर अबोध अबलाएं निरपराध अबलाएं-प्राण देती रहेंगी? कल्पना भी भयंकर है।

युवको! इस नग्न पाशविकता को हमारी अधम आंखें देखती है, हमारे निर्लज्ज कान सुनते है। जैन समाज का कितना भयंकर पतन है? युवक शब्द के विद्यमान रहते हुए निर्दोष बहिनें Dumb Driven Cattle की तरह काटदी जावें-यह युवकोंकी भीरुता है। यह अत्याचार की कहानी कभी समाप्त नहीं हो सकती यह असीम है अनन्त अपरिमित है यह करुणा से अधिक कोमल, आह से अधिक दुखमय है!

मैंने आज यह मूक अश्रुपात, अव्यक्त रोदन तथा मूँगे कण्ठों की मर्मभेदी कहानी जहाँ जीवन के प्रत्येक पल में निराशा की निस्तब्ध तरङ्ग उठती है और उठ कर हृदय स्थित सभी लालसाओं को अपने अन्तराल में अन्तर्हित करलेती है—क्यों सुनाई? यह अनन्त, अवर्णनीय, और सीमारहित कहानी क्यों बखानी? इस लिए कि आज पोरवाल कन्या कसाई के बकरे की तरह नष्ट की जा रही है।

याद रखिये! आप नवयुवक है और नवयुवक कहलाने का दावा करते है. आप उन्ही वीरो की संतान है जिन्होंने हँसते २ जाति के उत्थान के लिये प्राण न्योछावर कर दिये थे प्रत्येक स्थान के नवयुवकों का, प्रत्येक जैन संस्था का कर्तव्य है कि ऐसे विवाह को रोकने में सहायता करें.

इस कार्य में समाज के सारे युवकों का साथ देना जरूरी है मारवाड़ के नवयुवकों से और जैन नवयुवक मंडल, गुढ़ा बालोतरा से आशा है कि व इस कार्य में पूरी तरह भाग लेंगे क्योंकि यह कार्य उन्हीं के प्रान्त में हो रहा है.

---

કહ્યું હોતું નથી. આજસુધી થઈ રહેલા વિવિધ પ્રકારના સ્થાનો અને દેવાલયો ઉપર જેમના નિર્માણના કે જીર્ણોદ્ધારના લેખો કોતરેલા હોય તો તે પણ ઐતિહાસિક વિષયને સ્પષ્ટ કરવાને ઘણું કામ આવે. એ લેખ ખાસ ઉપયોગના તો એટલા માટે છે કે ભૂતકાળના માણસોનું, વસ્તુઓનું, અને સ્થિતિનું સાચું ચિત્ર એ આપણી આગે ખડું કરે છે, અને તેથી પ્રાચીનકાળ સંબંધના પુસ્તકો વિગેરેથી આપણને પ્રાપ્ત થએલા જ્ઞાનને સ્પષ્ટ કરી શકયા છે.

છેલ્લા સૈકામાં અનેક સંશોધકોએ, આ કઠણ કાર્ય કરવામાં જે મહેનત કરી છે, તે એકંદર મહત્વનાં પણ, જ્યાંએ જૈનધર્મના ઇતિહાસ સંબંધી કાંઇ નિર્ણીત ચિત્ર દોરી શકાય એટલાં પ્રમાણ હજી મળી શકયાં નથી, તેમાં અનેક સ્થાને અનેક છિદ્રો છે, અનેક અસ્પષ્ટતાઓ છે, એ ધર્મની ઉત્પત્તિ અને તેના આચાર વિચારના વિકાસ સંબંધી જે ચો વાતો આજે અંધકારમાં છે તેના ઉપર પૂર્ણ દષ્ટિએ પ્રકાશ પાડી શકાય કે કેમ એતો ઘણી શંકાનો જ વિષય છે. ત્યારે જૈનધર્મના સ્વરૂપનું ચિત્ર આંકવા આજસુધી જે યત્ન થયા છે, તે હજુ તો વિરલ ઐતિહાસિક ઘટનાઓને, શંકાસ્પદ કથાઓને, અને ઘણા ધાર્મિક તથા સામાજીક કથાઓને એકઠી કરીને ઐતિહાસિક સત્રમાં ગુંથવા પુરતાંજ થયાં છે. તેવીજ રીતે ગયા અનેક સૈકામાં જૈનોએ જે ચડતી પડતી જોઇ છે, તેના ઇતિહાસનું ચિત્ર આંકવાનો આ ગ્રંથમાં જે પ્રયત્ન કર્યો છે, તે પણ તેમના ઇતિહાસનું સંપૂર્ણ ચિત્ર આપવાનો દાવો કરતો નથી.—અપૂર્ણ.

## એ કોણ હતા?

સિહોર (કાઠીઆવાડ)માં ઉપધાન મહોત્સવને શુભનિમિત્તે એક ગરીબ ઓશવાળનો છોકરો ધર્મસ્થાનકમાં ધોળે દિવસે ધવાયો અને મારી ગયો, આને લગતો કેસ હજુ ચાલે છે. દરમીયાન ભાવનગરવાળા શ્રી હરજીવન દીપચંદ અને છોટાલાલ નાનચંદ ઓશવાળોને રમત રમાડવાના અનેકવિધ નવનવા અખતરાઓ અજમાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. આ ભાઇઓ કોઇ રીતે ફાવ્યા નહિ. એટલે ગયા સોમવારે ભાવનગરથી ખાસ મોટર લઇને વોરા ખુશાલભાઇ ખાડગચંદ, દોશી કુંવરજી આણંદજી, શેઠ નાનચંદ કુંવરજી, શેઠ હરજીવન દીપચંદ તથા શાહ ફતેહચંદ ઝવેરભાઇ આવ્યા હતા, તેઓ સિહોરના નગરશેઠ ત્રિભુવનદાસ પરમાણંદદાસને ઘેર ઉતર્યા હતા. તેમણે ત્યાં આવી ખુબ આગમ નિગમની વાતો કરી, પરંતુ કોઇ ભાઇએ એ બંધુઓને જણાવ્યું કે તમારા ઘરમાંજ કલહ છે, પંચ તડ ભાગતું કરવાની તમારી એ પહેલી ફરજ છે, એમ શીખામણ આપી. જતાં જતાં શ. ખુશાલભાઇએ વાતચીતમાં ધણુંએ વાતો કરી. એ વાતચીતનો સાર એ હતો કેઃ—" બેદકારક બનાવ બની ગયો. એ બનાવના દુઃખનું વર્ણન થઇ શકે તેમ નથી. વળી એ બનાવ કોઇ રીતે વિસરી શકાય તેમ નથી. પણ હવે સિહોરમાં પ્રતિષ્ઠીત ધર્મ કાર્યો થવાનાં છે. તો એવાં સારાં કાર્યો માટે વૈમનસ્ય ભુલી જવું જોઇએ. તમારૂં વૈમનસ્ય દૂર થાય તે માટે અમારા જેવાનું આવવું થયું છે. વીશા શ્રીમાળી ભાઇઓએ અંતીમ ક્રિયા વખતે આશ્વાસન રૂપે પણ ભાગ ન લીધો તે ખોટું થયું છે, હવે સંઘની ફરજ એ છે કે ગઇ ગુજરી ભુલી જઇ મરનારના કલ્યાણ માટે સ્મારક થવું જોઇએ." આવતાં કેમે આવી દોડાદોડી અને ધમાલ કરનાર આ ભાઇઓ કોણ હતા. અને તેમનો હેતુ શું છે? એમ કેટલાક ભાઇઓ જાણવા માગે છે. આ બધી ધમાલ કયા પ્રકારનાં સમાધાન માટે હતી, તે વિષે લાગતા વળગતાઓ ખુલાસો કરશે કે?

—જૈન યુવક.

Printed by Lalji Harsey Lalan at Mahendra Printing Press, Gaya Building Masjid Bunder Road Bombay, 3. and Published by Shivlal Jhaverchand Sanghvi for Jain Yuvak Sangh, at 26-30 Dhanji Street Bombay, 3.

સસ્તું સાહિત્ય.

Reg. No. B. 2917
*Tele. Add.* 'Yuvaksangh'

# પ્રબુદ્ધ જૈન.

સમાજ, ધર્મ અને રાષ્ટ્રની સેવા બજાવતું નૂતનયુગનું જૈન સાપ્તાહિક.

છુટક નકલ ૧ આનો
વાર્ષિક રૂા. ૨-૮-૦

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું મુખપત્ર.
તંત્રી:-ચન્દ્રકાન્ત વી. સુતરીયા.

વર્ષ ૨ જું, અંક ૧૪ મો.
શનીવાર તા. ૨૮-૧-૧૯૩૩.

## વડોદરા દીક્ષા સમિતિએ દોરેલી કાયદાની રેખા

દીક્ષા સદંતર બંધ કરવા માટે નહિ પરંતુ કુમળી વયના બાળકોને અપાતી અયોગ્ય દીક્ષા બંધ કરવા માટે કાયદાની અગત્ય છે. માટે સરકારે કરવા ધારેલ આ કાયદાનું નામ "સંન્યાસ દીક્ષા નિયામક નિબંધ" રાખવું.

(૧) "દીક્ષા લેનારની કમીમાં કમી ઉંમર કેટલી હોવી જોઇએ (૨) દીક્ષા લેનારે દીક્ષા લેતાં માબાપ વગેરેની સંમતિ લેવી જોઇએ કે કેમ ? આ બે બાબતો દીક્ષાના પ્રશ્નને અંગે વિચારવાની રહે છે આ માટે કમિટિનો અભિપ્રાય છે કે:—

'કમીમાં કમી જે ઉંમરે છોકરો કે છોકરી પોતાની જાતે કાયદા પ્રમાણે સંમતિ આપી શકતાં હોય તે ઉંમર લક્ષ્યમાં રાખીને વિચાર કરતાં એમ લાગે છે કે ૧૮ વરસ જેટલી નહિ પણ સોળ વરસથી કમી ઉંમરનાને દીક્ષા આપવાનું બંધ કરવામાં આવે તેજ યોગ્ય છે."

(૨) દીક્ષા લેવાની ઇચ્છા કરનાર પુરૂષકે સ્ત્રીએ લગ્ન કરેલ હોય અને સ્ત્રી કે ધણી હયાત હોય તો પોતાની સ્ત્રી કે ધણીની સંમતિ વગર દીક્ષા લેવાને તેને પ્રતિબંધ કરવો એ વ્યાજબી અને તેટલા માટે જોકે ૧૬ વરસ તથા તે ઉપરની વયનો શખ્સ દીક્ષા લેવા લાયક ગણાય છે તો પણ જો તેની સ્ત્રી કે ધણીની સંમતિ ન હોય તો દીક્ષા લેવાનો પ્રતિબંધ થાય તેવી કલમ કાયદામાં હોવી જોઇએ'

(૩)" દીક્ષા લેનાર કોઇપણ શખ્સ દીક્ષા છોડી પાછો સંસારમાં આવે ત્યારે મિલ્કતનો હક્ક તેને ફરીથી મળવો ન જોઇએ."

(૪) "અયોગ્ય દીક્ષા અપાયાના ગુન્હા માટે પ્રથમ ફોજદારી ન્યાયાધીશ વર્ગ ૧ ના આગળ ફરીયાદ રજુ કરવી. અને [અ] અજ્ઞાનને આપેલ દીક્ષા બદલ એક વરસની ગમે તે પ્રકારની કેદ અને રૂ. ૫૦૦ ના દંડ સુધીની શિક્ષા કરવી. જ્યારે [બ] સજ્ઞાન શખ્સે લેખ કરીઆપ્યા સિવાય લીધેલ દીક્ષા અગર તેણે લેખ કરી આપ્યો છે, એવી ખાત્રી કર્યા વગર આપેલી દીક્ષાના ગુન્હા બદલ છ માસ સુધીની આસન કેદની અગર પાંચસો રૂપીઆ સુધીના દંડની શિક્ષા થવી જોઇએ"

## ચોપડીઓ આવી ગઇ છે.

પર્યુષણ વ્યાખ્યાન માળાની ચોપડીઓ છપાઇને આવી ગઇ છે. ગ્રાહકોએ યુવક સંઘની ઓફીસમાંથી લઇ જવા મહેરબાની કરવી.

पुरिसा ! सच्चमेव समभिजाणाहि ।
सच्चस्स आणाए से उवट्ठिए मेहावी मारं तरइ ॥

હે મનુષ્યો! સત્યને જ બરાબર સમજો. સત્યની આજ્ઞા પર ખડો થનાર બુદ્ધિવાન્ મૃત્યુને તરી જાય છે.

(આચારાંગ સૂત્ર)

# પ્રબુદ્ધ જૈન.

શનીવાર તા૦ ૨૮-૧-૩૩

## સસ્તું સાહિત્ય.

કોઇ પણ દેશ, ધર્મ, રાષ્ટ્ર કે સમાજને ઉન્નતિ આપવી હોય, પોતાના સિધ્ધાંતોનો ફેલાવો કરવો હોય તો પ્રચારકો અને સાહિત્ય આ બન્ને વસ્તુની જરૂર છે. જેમ રાજ્ય ચલાવવામાં કલમ અને તલ્વાર એ બન્ને વસ્તુની જરૂર છે, તેમ પોતાના સિદ્ધાંતો ફેલાવવામાં, રાષ્ટ્રની પ્રગતિ કરવામાં, સમાજ અને ધર્મની ઉન્નતિ કરવામાં સસ્તું સાહિત્ય અને તેના પ્રચારકોની અનિવાર્ય આવશ્યકતા છે. યુરોપમાં આજે એટલાં બધાં કાર્ય કરી રહ્યાં છે કે જનતા વિમાસણમાં પડી છે, તેનું મુખ્ય કારણ સાહિત્ય અને પ્રચારકો છે. રશીયા આજે સમગ્ર જગતને ધ્રૂજાવી રહ્યું હોય તો તેના સાહિત્ય અને પ્રચારકોને અંગે. આજે એવો કોઇ દેશ, શાસન કે રાષ્ટ્ર નહિ હોય કે જ્યાં બોલ્શેવીઝમની કડક ટીકા નહિ થતી હોય, જ્યાં પણ ધીમે ધીમે મક્કમ પ્રગતિ એ સાધ્યેજ જાય છે. ગઇ કાલના જર્મનીમાં જ્યાં કોમ્યુનિઝમના નામથી પણ ભડકતા હતા ત્યાં આજે લાખો નહિ બલ્કે કરોડ સુધી એ માન્યતા ધરાવનાર સમૂહ અસ્તિત્વ ધરાવે છે. ફ્રાંસ અને ઇંગ્લાંડ પણ એનાથી બાકાત નથી. ઇટાલીમાં ફેસીસ્ટબળે જો વિજય મેળવ્યો હોય તો તેમાં પણ તેનું સાહિત્ય મુખ્યભૂત છે. સારીયે દુનીયામાં પોતાના વિચાર ફેલાવવાને તદનુસાર સર્જાયેલ સાહિત્ય અજોડ હથીયાર છે. જગતનાં મહાન્ પુરૂષો મહાવીર, ગૌતમબુદ્ધ, મહમ્મદ પયગંબર, ઇસુ, વગેરે એ હથીયારથીજ સમગ્ર જગતમાં આજે વ્યાપક બન્યા છે, છેલ્લે મહાત્માજીએ પણ એજ હથીયારનો ઉપયોગ કરી જગતમાં પોતાની સર્વોપરિતા સિધ્ધ કરી છે. એટલે સાહિત્ય એ પ્રચારકોનું અણમોલું સાધન છે.

આપણે ત્યાં પણ સાહિત્યનો તોટો નથી. અનેક ગ્રંથો આજે જુના ભંડારોમા પવન પણ મેળવી શકતા નથી. સંખ્યાબંધ ગ્રંથો કે જેમાં અપૂર્વ સાહિત્ય ભર્યું છે તે અપ્રસિદ્ધ હસ્તલિખિત પ્રતોમાં દટાયેલ છે, સમયનો જેટલો વ્યય ઝઘડા અને ટંટાઓમાં આપણે કરીએ છીએ એનો થોડો ભાગ પણ આવા સાહિત્યની પાછળ કરીએ તો સાહિત્યનો ઉદ્ધાર શીઘ્ર થાય એમાં જરાયે શક નથી.

થોડા સમયથી આર્ય દેશમાં આવેલા ક્રિશ્ચિયન મીશનો આજે કેવાં વ્યાપક થઇ રહ્યાં છે એ કહેવાની ભાગ્યેજ જરૂર છે. અહિં લગભગ સાડાત્રણથી ચાર કરોડ માણસો ક્રિશ્ચિયન પંથને માનતાં થયાં છે, તેનું મુખ્ય કારણ તેના સાહિત્યનો પ્રચાર છે. ગઇ કાલનો આર્ય સમાજ આજે આશ્ચર્યજનક પ્રગતિ કરી રહ્યો છે. તે પણ તેના પ્રચારકો અને સાહિત્યને આભારી છે, ત્યારે અનાદિકાળથી જે ધર્મ ચાલ્યો આવે છે તે સંકુચિત વૃત્તિવાળા વાડામાં કેમ ગોંધાઇ રહ્યો છે, તેનાં કારણો શોધવાની પણ કોઇએ દરકાર કરી છે? કરોડોની સંખ્યામાં એક વખત જે ધર્મ વ્યાપક હતો તે આજે લાખોની સંખ્યામાં વ્યાપક નથી. ક્યાંથી હોય? આપણને એ બાબતની દરકાર ક્યાં છે? આપણે તો આપસમાં લડવું છે, દીક્ષા અને દેવદ્રવ્યમાં અટવાઇ રહેવું છે, પુરાણા રીતરિવાજ અને રૂઢીઓમાં મસ્તાન બનવું છે. એને બહારની દુનીયાનું ભાન ક્યાંથી હોય? એક એ પણ સમય હતો કે બંગાળ જેવા દેશમાં ગૌતમ ઇંદ્રભૂતિના પચાસ હજાર શિષ્યો અહિંસા મહાધર્મનો વાવટો ફરકાવતા હતા, આજે એ બંગાળમાં જૈનોનું બહાર દેશીય સિવાય જરાયે અસ્તિત્વ નથી. તેનું કારણ આપણા પ્રચારકો અને સાહિત્યનો અભાવ 'એ' છે. આ ઉણપ આપણે શા માટે પૂરવી ન જોઇએ. આપણે ત્યાં વિદ્વાનોનો તોટો નથી. સાધુઓ જો આ કાર્ય ઉપાડી લે, તો ધર્મ અને સમાજ બન્ને બહુ સારી રીતે પ્રગતિ સાધી શકે. મુનિરાજોએ હવે સામાજીક ટંટાઓમાંથી હાથ ઉઠાવી આ બાજુ ધ્યાન આપવાની ખાસ જરૂર છે અને તેમણે આટલું તો કરવુંજ જોઇએ:—

જે જે ગામમાં તેઓ વિચરે ત્યાં જે જે ગ્રંથ ભંડારો હોય તેનું લિસ્ટ બનાવે, તેને વ્યવસ્થિત કરે, જે જે અપ્રસિધ્ધ ગ્રંથો હોય તેને આધુનિક દૃષ્ટિએ એડીટ કરી પ્રસિદ્ધ કરે, આમવર્ગને જે ગ્રંથો ઉપયોગી હોય તેનું ભાષાન્તર કરાવી પ્રગટ કરે અને પાણીનાં મૂલ્યે તેને વેચાવી તેનો પ્રચાર કરે. આધુનિક પદ્ધતિથી જૈન દૃષ્ટિએ પ્રચાર કરવા નવું સાહિત્ય સર્જન કરે, એટલે નોવેલદ્વારા કે સામાન્ય શિષ્ટ સાહિત્યદ્વારા કે જે આમવર્ગ હોંસે હોંસે વાંચે. આટલું જો થશે તો સમાજે સાહિત્ય પ્રત્યે પોતાની ફરજ બજાવી એમ ગણાશે.

## પ્રાસંગિક નોંધ.

### રાષ્ટ્ર હિતૈષી.

અમદાવાદથી એક બંધુ અમને રાષ્ટ્ર હિતૈષીની વ્યાખ્યા પૂછે છે. તેનાં જવાબમાં જણાવવાનું કે જગતમાં એવો કયો કમભાગી મનુષ્ય હશે કે જે પોતાના રાષ્ટ્રનો હિતૈષી નહિ હોય, રાષ્ટ્રનું હિત એટલે આપણા ભાઇ ભાંડું કુટુંબ કબીલાનું હિત દેશનું હિત, કોઇ પણ માણસ આપણા દેશમાં અન્ન અને વસ્ત્ર વગર ન રહેવો જોઇએ એવી મનોદશા ધરાવતો હોય અને દેશ પોતાના પગ ઉપર કેમ ઉભો રહે તેવા પ્રયત્નો તરફ સહાનુભૂતિ ધરાવનાર તેમજ તે બાબતમાં રચનાત્મક કાર્યક્રમમાં સાથ દેનાર હોય તે રાષ્ટ્ર હિતૈષી કહેવાય. કોઇ પણ માણસ પોતે જે બાબતમાં દેશોન્નતિના વિચાર ધરાવતો હોય અને તે કોઇ પણ જાતના અંગત સ્વાર્થ વગર અમલમાં મૂકવાનો પ્રયત્ન કરતો હોય, તેટલા અંશે તે દેશ હિતૈષી કહેવાય. ભલે સર્વાંશે કદાચ દેશ હિતૈષી ન કહેવાય પરંતુ તેથી તે દેશદ્રોહી તો નથી ઠરી શકતો. એટલે દેશ હિતૈષીનું ધોરણ કદાચ આવા કામગારની આગળ લાગે તો તેમાં ખોટું નથી. કોઇને સંપૂર્ણ ભોગ આપવાની તાકાત ન હોય તેવા માણસો સહાનુભૂતિ બતાવીને પણ દેશ પ્રત્યેની ફરજ અદા કરે છે, એથીએ દેશનો દુશ્મન થઇ શકતો નથી. કોઇ અસ્પૃશ્યતા નિવારણમાં માનતા હોય અને તેમાંજ પોતાનો આત્મા રેડે તો એ પણ દેશહિતૈષીજ કહેવાય. અમે ધારીએ છીએ કે આટલો ખુલાસો ઉપરોક્ત બંધુને પૂરતો છે.

# સાચી માનવતા.

—નાનાલાલ દોશી.

ગાંધીજીની તપશ્ચર્યાનાં ફળરૂપે હિન્દના ઇતિહાસમાં માનવ પ્રગતિનું જે નવું પ્રકરણ ઉમેરાયું છે, તે વિષે પ્રબુદ્ધ જૈનના કોલમમાં આજે વધુવાર ચર્ચા કરવા પ્રેરાયો છું. ગાંધીજી કદાચ તેમના ગાંધીવાદના સિદ્ધાંતો માટે કે તેમના નૈતિકબળ માટે હજારો વર્ષ જતાં ભૂલાઇ જાય તો તે માની શકાય, પરંતુ અંત્યજોદ્ધારના ભગીરથ પ્રયાસ માટે તેઓ કદિ નહિ ભૂલાય. તેમણે આ તપથી હિન્દને સામાજીક કે રાજકીય વમળમાંથી બહાર કાઢ્યું છે, તેટલુંજ નહિ પરંતુ સાચી દયા, સાચો પ્રેમ, સાચો પશ્ચાતાપ અને સાચી માનવતા શું છે! તેનો અજોડ પાઠ સમજુજનોને આપ્યો છે, પ્રભુ મહાવીરના જમાનામાં પણ તેમના મતથી વિરૂદ્ધ મનાર હતા, તો ફક્ત માનવીની શક્તિવાળા ગાંધીજી સામે કશો ઉહાપોહ આ વિષયમાં થાય તો તેમાં કશું આશ્ચર્ય થવા જેવું નથી, ગુલામોના વેચાણનો પ્રશ્ન જેટલો મહત્વનો આજથી વર્ષો અગાઉ હતો, તેવોજ આ હિન્દના અંત્યજોનો પ્રશ્ન છે. હિન્દની પ્રજા એકી અવાજે આ પ્રશ્ન વધાવે તો તેણે અત્યારની જગતપર વસતી પ્રજાઓને સમાનતાનો અમુલો પાઠ શીખવ્યો છે તેમ કહેવાશે, કારણ કે આજે દરેક સુધરેલ દેશમાં એક કે બીજા પ્રકારે સામાજીક અસ્પૃશ્યતા ચાલી રહી છે. આપણે એ અસ્પૃશ્યતાને ધાર્મિકરૂપ આપેલ હોવાથી તેનાં મૂળ વધારે દૂર દૂર પ્રસર્યાં હતાં. આ સિવાય બીજી વસ્તુ એ તરી આવે છે કે ખરૂં આત્મબળ હંમેશા વિજયવંત નિવડે છે. જે વસ્તુ હજારો વર્ષનાં શાસ્ત્રાર્થોથી કે અનેક સંપ્રદાયોના પ્રયાસોથી શક્ય ન બની તે એક વ્યવહારૂ અને કુશળ રાજ પુરૂષે પોતાની નૈતિક હિંમતથી સિદ્ધ કરી તે અત્યંત આશ્ચર્યની બીના છે, હિન્દની સંસ્કૃતિમાં આજે ખરો નવયુગ શરૂ થયો છે, તેમ કહેવામાં જરાયે અતિશયોક્તિ નથી. જે વાત વર્તમાન કાળે મગજને ન સમજાતી હોય તે આગામી કાળના ઇતિહાસકારને અને હવેની ઉછરતી પ્રજાને જરૂર સ્પષ્ટ દેખાશે તેમાં શક નથી.

આપણે એવી સ્થિતિએ આવી પહોંચ્યા હતા કે હિન્દુઓ અને દલિતવર્ગના જુદા જુદા વર્ગ પડત, તેટલુંજ નહિ પરંતુ આજે જે જુદી જુદી કોમોના અસ્તિત્વથી રાજદ્વારી કોકડું ગુંચવાયું હતું તેવોજ અઘરો પ્રશ્ન હિન્દની ભવિષ્યની પ્રજાને ઉકેલવાનો રહેત, અને રાષ્ટ્રત્વની ભાવનાને બદલે કોમી ભાવના વધારે વધારે પગપેસારો કરત.

આજે ધર્મ નાયકો આ બાબતથી ભડકતા હોય તો અમને તેમની પરવા નથી, કોઇ તટસ્થ વિચારકને જરૂર લાગશે કે આવી પોપશાહી ચાલશે તેમ નથી. દેવદ્રવ્ય કે દીક્ષા જેવા પ્રશ્નમાં અમે માથું મારીએ તો હજી અમને અજ્ઞાનતાના પડળનો આક્ષેપ સહન કરવાની કંઇક શક્તિ છે, પરંતુ ખુલ્લી આંખે જેમાં અધર્મ જેવી વસ્તુ છે, તે વસ્તુને ધર્મને નામે પોષવાના પ્રયાસો થાય તેમાં અમાનુષીપણાની અવધિ છે. નરી અધમતા છે.

સ્વચ્છ અને સુઘડ મનુષ્યને પછી તે બ્રાહ્મણ હોય કે અંત્યજ તે સૌને ભેદભાવ વિના મંદિર પ્રવેશ કરવાની છૂટ ન હોય ત્યાં તે મંદિર નથી પરંતુ વેપારી અને બ્રાહ્મણ બાવા-ઓનીજ અંગત માલિકી છે. ફક્ત ચાર દિવાલોની બહાર ન જોનાર આ પ્રશ્ન કદિ નહિ સમજી શકે. આજે ગાંધીજીએ કર્યું એટલેજ સાચું છે એમ નથી પરંતુ આ પ્રશ્ન કેટલાયે સમય પહેલાં પુરેપુરો ઉકેલવાની જરૂર હતી. ધાર્મિક મતમતાંતરોથી જે માનસ પર હોય તેજ આ પ્રશ્નનું ખરૂં સ્વરૂપ સમજી શકે, ધર્મો પ્રત્યેની સમતા કેળવીજ આવા ભગીરથ પ્રશ્ન સફળ કરી શકે. આજના ધર્મ નાયકોને હવે અમે અરજ નહિ કરીએ, અમે તો તેમને હવે એમ કહીએ કે શું તો તમે સાચી માનવતા કે સાચો ધર્મ શું છે? તે સમજો. ફક્ત પુસ્તકો અને શાસ્ત્ર, એટલે કે જુનો ઇતિહાસ જુની કથાઓ અને મહાપુરૂષોનાં વ્યાખ્યાનો તેમની આજ્ઞાઓ જે માનવ પ્રગતિમાં બાધકારક ન હોય તેમ અમે માનીએ છીએ તે સમયાનુસાર સમજી અનુયાયીઓને સમજાવો અને આત્મ કલ્યાણ કરતાં કરતાં જન કલ્યાણ ન ભૂલો; નહિ તો કોઇ વ્યક્તિ નહિ, સમાજ કે સંઘ નહિ પરંતુ હંમેશ હંમેશ ઉપસ્થિત થતા સંજોગો એવી સામાજીક અને ધાર્મિક ક્રાંતિ લાવશે કે જેની કલ્પના કરવી અત્યારે મુશ્કેલ નથી. **તમારાં માનસ ખુલ્લાં રાખો, તમારાં જ્ઞાન સંગ્રહો, માનવહિત માટે ખુલ્લાં મૂકો, અને રાગ કે દ્વેષ રહિત પ્રભુનાં દર્શન કરવાની ઇચ્છા ધરાવનારને તમારાં મંદિરોમાં આવકાર આપો, તેમાંજ તમારી ઉદારતા છે, તમારા ધર્મ અને શાસ્ત્રોની મહત્તા છે, તેમાંજ માનવપ્રેમની ભાવનાનો પુરાવો છે.**

# કોનો વાંક?

—મોતીલાલ પેથાપુરી.

જીવનમાં ઘણી મુશ્કેલીઓ તેમજ સંકટો આવે છે, પરંતુ તેવી પરિસ્થિતિમાંથી પાર ઉતરે છે અને હ્રદયમાંજ વિષાદ દબાય છે, તેનું વર્ણન થઇ શકે તેમ નથી. મુશીબતો સામે ઝઝુમતા ઝઝુમતા એ ચિંતાગ્રસ્ત અને ઘણી વખત દુઃખી બને છે. અને મુશ્કેલીઓમાંથી પાર ઉતરવા મધુરાં સ્વપ્નાં સેવે છે, કે ભવિષ્ય કેટલું સુખી, કેટલું આનંદી, અને કેટલું સંતોષી નિવડશે? પરંતુ જ્યારે તે અમલમાં આવે છે, ત્યારે સત્ય વસ્તુનું નિરાકરણ કરે છે, દુઃખની છાયા લય પામે છે, ઉદારતા ઉભરાય છે, અને સત્ય તેમજ નીતિમય કાર્યની પાયા મંડવા રહી તેને પાર ઉતારવાની ઉમેદ રહે છે.

એવી આબાદ સ્થિતિ (કહેવાતા ધર્મી) સુધારકોની થયેલી છે. ધર્માંધ લોકો નાસ્તિક, અધર્મી અને ધર્મને લજવનાર માને છે. ઘણા ખાદી વાપરનારને પાપી માને છે, ઘણા હાલની લડતને તિરસ્કારે છે, અસ્પૃશ્યોને મંદિરોમાં દાખલ કરાવવાનાં શબ્દોનો માત્ર સાંભળી ધર્મોનો નાશ માને છે, વધીને તાળણહાર મરવા સુધી પહોંચે છે, ઘણા આ બાજુ બેદરકાર રહે છે, ઘણા તટસ્થ વૃત્તિ સેવે છે, અને ઘણા ખાટાં પી આવી પાયા મંડવા રહે છે.

પરંતુ તેઓને એ વાત નથી સમજાતી કે અત્યારે આખીયે જૈન પ્રજામાં વિપ્લવનો જ્વાળામુખી ફાટી નિકળ્યો છે. તેઓની

( અનુસંધાન માટે જુઓ પૃ. ૧૦૯ )

# પત્રકારના ખુલાસા કે સત્ય છુપાવવાનાં ફાંફાં!

—કેશવલાલ મંગળચંદ શાહ.

શ્રી સિદ્ધચક્ર પત્રના તંત્રી સિદ્ધચક્ર પત્રના અંક ૬ માં પૃષ્ઠ ૧૪૩ ઉપર તેમજ અંક ૭ માંના પૃષ્ઠ ૧૬૬ ઉપર "પત્રકારના ખુલાસા" એ શિર્ષક હેઠળ પોતાના માનેલા ગુરૂ સાગરાનંદની ઉત્સૂત્ર પ્રરૂપણા ઉપર ઢાંકપીછોડો કરી "સત્ય છુપાવવાનાં ફાંફાં" મારવાનો જે પોકળ પ્રયત્ન કર્યો છે તેથી ખરેખર દુઃખ થાય છે. એટલુંજ નહિ પરંતુ આ રીતે સત્યને છુપાવવાનો પ્રયત્ન કરી જનતાને અસત્યના પંથે ઘસડી જઈ નવીં અસત્યનો પ્રચાર કરવામાંજ તંત્રી મહાશયને શાસન રસીકતા કે ધર્મપ્રેમી પણું પણ જણાતું હોય અને તેમાંજ પોતાની ગૌરવતા દેખાતી હોય તો તેમાં સાચું ધર્મપ્રેમીત્વ નથી, કે નથી ભગવાન્ મહાવીરના શાસન પ્રત્યે પ્રેમ, કે નથી શાસન રસીકતા. પરંતુ કેવળ નર્યો દંભજ છે એમ કહેવામાં જરાયે અતિશયોક્તિ નથી એ સહુ કોઇ સ્વીકારશે.

**સત્ય છુપાવવાનાં ફાંફાં.**

(૧) સિદ્ધચક્ર તા૦ ૧૫-૧૦-૩૨ ના અંક ૧ ના પૃષ્ઠ ૧૩ ઉપર "સાગર સમાધાન" પ્રશ્ન ૪૭-ધર્મબિન્દુમાં દીક્ષા માટે ૭ માસની પરીક્ષા રાખી છે તેનું શું? એ પ્રશ્નના સમાધાનમાં સાગરાનંદે જનતાને શાસ્ત્રનાં નામે આડે રસ્તે દોરવા પોતાની ચેલાકાંક્ષી વૃત્તિને પોષવા શાસ્ત્રોક્ત કથનને ઇરાદાપૂર્વક મચડી નાંખી કેવળ ઉત્સૂત્ર પ્રરૂપણાજ કરી છે. તેથી સાગરનું સમાધાન કપોલ કલ્પિત હોવાથી "સાગરજી સત્ય સ્વીકારશે કે ઉત્સૂત્ર ભાખી કહેવરાવશે?" એ શિર્ષક હેઠળ તા૦ ૪-૧૨-૧૯૩૨ ના જૈન પત્રમાં પૃષ્ઠ ૮૪૫ ઉપર શાસ્ત્રોના આધારો સહ એક લેખ લખી પ્રતિપાદન કરેલું કે "ધર્મબિન્દુ" "પંચવસ્તુ" "ધર્મસંગ્રહ" આદિ શાસ્ત્રોમાં ૭ માસની પરીક્ષા પ્રથમનીજ એટલે કે વડી દીક્ષા પહેલાની દીક્ષા આપતાં અગાઉ લેવાની છે,-નહિ કે સાગરજી કહે છે તેમ વડી દીક્ષા માટે ૭ માસની પરીક્ષા છે. પરંતુ મારો ઉપરનું લેખ જો ખોટો હોય તો સાગરાનંદે મેં આપેલા શાસ્ત્રાધારો ખોટા છે એમ જણાવી આપી, પોતાનું મંતવ્યજ શાસ્ત્રોક્ત છે એ સિદ્ધ કરી આપવું જોઇતું હતું. પરંતુ "એ દિન કહાંસે કે મીંયાં કે પાંઉમેં જુતિયાં!" સાગરાનંદને સાચેજ ગાનનો મદ થયો છે અને એથી એ એમ માને છે કે શાસ્ત્રને નામે ગમે તેમ ફેંકે રાખીશું તો પણ આપણા ભક્તો હાજી-હજુર કહી બ્રહ્મ વાક્ય પ્રમાણુજ કરવાના છે. એટલે ઘંટે રાખવામાંજ આપણે જગતમાં પોતાના ભક્તોની માફક બીજાઓને પણ મૂર્ખ કે અજ્ઞાન સમજી જે આળપંપાળ ચેલે છે તેમાં અપવાદ જતા પોતાના ભક્તોમાં પોતાની પ્રતિષ્ઠા કાયમ રાખવા ખાતર તો ભક્તોના મનનું સમાધાન કરવા સિવાય તંત્રી મહારાજના નામે ખુલાસો કરી ભક્તોને દંભાયો આપી સમાધાન કરી દેવામાં જે હુશિયારી વાપરી પોતાની સાધુતાનું (હતીજ કયાં કે શીકર હોય!) પ્રદર્શન લગાડી, પોતાની છદ્મસ્થતાને પણ લાંછન લગાવી રહ્યા છે, એ અતિ શોચનીય છે. સાગરજી શા માટે પોતાના નામે ખુલાસો નહિ કરતાં પત્રકારના ખુલાસામાં ફાંફાં મારે છે? પોતાને સાચી પ્રતીતીજ હોય તો પછી સાચ ખુલાસો કરવામાં પડદા પાછળ જઈ બીચારા પત્રકારના લેખાસમાં ખુલાસો કરવો સાગરાનંદને માટે ઉચીત નથી, એટલુંજ નહિ પરંતુ દયાને પાત્ર છે. સાગરાનંદ તથા શ્રી૦ પત્રકારને આથી હું આવ્હાન આપું છું કે, તા૦ ૨૭-૧૨-૩૨ ના સિદ્ધચક્રના અંક ૭ ના પૃષ્ઠ ૧૪૩ ઉપર 'પત્રકારના ખુલાસા' એ શિર્ષક નિચે જે ખુલાસો કરવામાં આવ્યો છે કે "ધર્મબિન્દુ-પંચવસ્તુ" વિગેરેમાં પરીક્ષાનો જે કાળ છે તે દીક્ષા અને વડી દીક્ષા વચ્ચેનો છે. અને તે પ્રમાણે દીક્ષા અને વડી દીક્ષા વચ્ચેનોજ પરીક્ષાનો કાળ હોવા વિષેની જાહેરાત પોતપોતાની સહી સાથે બહાર પાડો, કે જેથી જગત્ સન્મુખ સાગરાનંદની ઇરાદાપૂર્વકની શાસ્ત્ર વિરૂદ્ધ ઉત્સૂત્ર પ્રરૂપણાની સાબીતી કરી આપી સાગરાનંદને એમના મૂળ સ્વરૂપમાં રજુ કરવાનો લ્હાવો મ્હારા શીરે આવે. આથી ફરીને પણ પત્રકાર ભાઇને સૂચના કરૂં છું, કે તમો તો સાગરાનંદના હથિયાર છો, એટલે તમારા ગુરૂ સાગરાનંદની સહી સાથે જાહેરાત આપો અને તમારાજ સિદ્ધચક્રમાં પ્રગટ કરો એટલે તમારા સાગરાનંદને ઉત્સૂત્રભાષી સાબીત કરી આપી ઉત્સૂત્રભાષી પ્રત્યેના વ્યવહારનો સાગરાનંદે જે ટ્રેડ કર્યો છે તેને લાયક સાગરાનંદ પોતેજ છે એમ સાબીત કરી આપવાનું સદ્‌ભાગ્ય મને પ્રાપ્ત થાય. માટે ફરીને પણ સૂચવું છું કે તમારા સાગરાનંદની સહીથી પ્રગટ કરાવો કે પરીક્ષાનો કાળ દીક્ષા અને વડી દીક્ષા વચ્ચેનો છે.

(૨) સિદ્ધચક્ર તા૦ ૧૫-૧૦-૩૨ ના પ્રથમ અંકમાં સાગર સમાધાનના પ્રશ્ન-૫૫. ચોમાસાની દીક્ષા માટે કયા શાસ્ત્રમાં વિધાન છે? એના સમાધાનમાં સાગરજી કહે છે કે "ચોમાસાની દીક્ષાનો પાઠ નીશીથચૂર્ણિ ઉદ્દેશો ૧૧ ગા. ૫૬૫." અને વિજયદાનસૂરિ વીરશાસન પત્ર પુસ્તક ૮ અંક ૧૯ પૃષ્ઠ ૨૬૮ ઉપર કહે છે કે "ચોમાસામાં દીક્ષા આપવાની જિનેશ્વર દેવોએ મનાઇ કરી છે" આથી "આમાં સાચું કોણ?" એ મથાળા નીચે તા૦ ૧૮-૧૨-૧૯૩૨ ના જૈન પત્રમાં પૃષ્ઠ ૮૩૩ ઉપર મેં એક લેખ લખેલો; તે ઉપરથી સિદ્ધચક્રના તંત્રી તા૦ ૧૧-૧-૩૩ ના સિદ્ધચક્રના અંક ૭ ના પૃષ્ઠ ૧૬૮ ઉપર પત્રકારના ખુલાસાના શિર્ષક હેઠળ મલીન માન્યતાના અનુક્રમ નં. ૨૪. "વગર કારણે અન્ય ધર્મીને ચોમાસામાં દીક્ષા ન દેવાય એવી માન્યતામાં પરસ્પર મતભેદ પડાવવા મથવું" પત્રકારને હું પુછું છું કે પ્રશ્ન ૫૫ માં પ્રશ્નકારના પ્રશ્નમાં "વગર કારણે અન્ય ધર્મીને ચોમાસામાં દીક્ષા ન અપાય કે અપાય એ કયા શાસ્ત્રમાં છે?" એ જાતનો પ્રશ્ન નથી. સાગરાનંદજીનો જવાબ પણ તે જાતનો નથી કે "વગર કારણે અન્ય ધર્મીને દીક્ષા ચોમાસામાં આપવાનો કે ન આપવાનો પાઠ નીશીથ ચુર્ણિમાં છે." વિજયદાનસૂરિ વીરશાસનમાં એમ નથી લખતા કે "વગર કારણે ચોમાસામાં અન્ય ધર્મીને દીક્ષા ન આપવા શ્રી જિનેશ્વર દેવોએ ફરમાન કરેલું છે." ત્યારે આ જાતની માન્યતા કોની છે? શું વિજયદાનસૂરિની એ જાતની માન્યતા છે કે "વગર કારણે ચોમાસામાં અન્ય ધર્મીને દીક્ષા ન આપી શકાય." અને એ જાતની એ માન્યતા ઉપર જણાવેલ વીરશાસનનાં લેખમાં વિજયદાનસૂરિએ જણાવીજ નથી એ

મેં મારા લેખમાં સાબીત કરી આપેલું છે. તો પછી અહિં જેની હયાતીજ નથી તેની બાબત રજુ કરી સત્ય છુપાવવાના કોઇં મારી સત્ય બતાવનારને આ રીતે ખોટી રીતે મલીન માન્યતાવાળો ઠરાવવામાંજ ભાઇ પત્રકાર તમને તમારા ગુરૂ સાગરાનંદે મહદ્‌પુણ્ય પ્રાપ્તિ બતાવી હશે? ભાઇ આ રીતિજ તમારા શાસન પક્ષમાં પુણ્ય પ્રાપ્તિ થતી હોય તો તૈલોક્ય નવા વસાવવાં પડશે; કારણ કે આ રીતે પુણ્ય કમાવવા માટે તો હરરોજ લાખો માણસો પ્રયત્ન કર્યાજ કરે છે. હવચીતજ કોઇ મળશે કે જે સત્ય તે સત્યજ કહેનારો નીકળશે. એટલે તમારા ગુરૂની બુદ્ધિને મારે ધન્યવાદ કે સત્ય વસ્તુ છુપાવી, સત્ય જણાવનારનેજ મલીન માન્યતાવાળો ચીતરી, જગતમાંથી સત્યનેજ અસત્ય અને અસત્યનેજ સત્ય પ્રસિદ્ધ કરવાનું તમારા ગુરૂશ્રી સાગરાનંદ તથા વિજયદાનસૂરિના અધ્યક્ષતા નીચેના કહેવાતા શાસનપક્ષમાં હોય તો તે તમને મુબારક હો! તંત્રી મહાશયજી! આ રીતે શબ્દ જાળ બીછાવી બિચારા ભોળા અને અજ્ઞાન લોકોને ભ્રમણામાં નાંખી, મારા જેવા ઉપર ખોટા અને પ્રપંચી આક્ષેપો કરવામાં તમારી ધર્મપ્રિયતાજ છે એ જાતનું સર્ટીફીકેટ તમારા ગુરૂ સાગરાનંદ સિવાય બીજો કોઈ નહિજ આપે, એ ફરી ફરીને પણ કહું છું. અને આમાંજ તમે ધર્મ માનતા હો તો માર્ગ ભૂલ્યા છો. એમ કહેવામાં જરાએ અતિશયોક્તિ નથી. તો કોઇ સદ્‌ગુરૂને શોધી તેના આશ્રયે જાઓ. બાકી સાગરાનંદ પાસેથી તમે આનાથી કાંઇ વિશેષ મેળવવાના નથી. કારણ કે શ્રીજીનું જીવનજ એ રીતે વ્યતીત થયું છે. એટલે હજુ ચેતો. નહિતર જેમ તમે જે એક પછી એક ભૂલો સાગરાનંદને આશ્રીને કરી રહ્યા છો એ વધેજ જશે. જુવો! બીજી એક ભૂલ તમારી થઇ છે તે મારી દ્દષ્ટિએ બતાવું છું, પરંતુ તમારી દ્દષ્ટિએ એ ભૂલ નજ હોય તો પછી મારે કાંઇ કહેવાનું રહેતુંજ નથી. કારણ કે એ ભૂલ છે કે નહિ એ આખુયે જગત્ જાણે સમજી શકે તેમ છે એટલે વિશેષ ઉહાપોહ કરવાનું કારણ નથી. મુનિ રામવિજયનો શિષ્ય કુસુમવિજયજી તે હાલના કાન્તિલાલે રામવિજયને કેટલાક પ્રશ્નો પુછેલા, તે જૈન તથા પ્રબુદ્ધ જૈનમાં પ્રગટ થએલા. તે પ્રશ્નો પૈકી પ્રશ્ન ૬ માં આ જાતનું વાક્ય હતું કે "પોતાને માતા પિતા પછી પ્રાણપ્રિય સ્ત્રી હોય કે નહિ?" આ ઉપરથી સિદ્ધચક્રનાં અંક ૭ ના પ્રશ્નકારના ખુલાસામાં મલીન માન્યતાના શિર્ષક હેઠળ અનુક્રમ નં. ૭ "સ્ત્રીને પ્રાણપ્રિય જાહેર કરવી." ભાઇ કાન્તિલાલે સ્ત્રીને પ્રાણપ્રિય કહી એ શું તમારી દ્દષ્ટિએ મલીન માન્યતા છે? એમ તમે હજુ પણ માનતાજ હો તો મારે એક પ્રશ્ન પુછવો પડે છે કે 'સંસારીઓને માતાપિતા પછી સ્ત્રી પ્રાણપ્રિય ન હોય તો શું સ્ત્રીને વીકારોની તૃપ્તિ કરવાનું મશીન માનવું, એ શુદ્ધ માન્યતા કહેવાય?" તંત્રી મહાશયજી! આ જાતની માન્યતા જો તમારી હોય તો આ માન્યતા તમારે સુધારવીજ રહી. હું નથી માનતો કે તમે આ જાતની માન્યતાને શુદ્ધ માન્યતા કહેતાજ હો. છતાં તમારી એજ માન્યતા હોય કે સ્ત્રીને પ્રાણપ્રિય માનવી એ મલીન માન્યતા છે તો તંત્રીજી આવતા અંકમાં ખુલાસો કરશો કે તમે તમારી સ્ત્રીને પ્રાણપ્રિય નહિ માનતાં વિકારોની-તૃપ્તિનું સાધન માત્ર માનો છો કે કેમ? જો જો ભુલતા. તંત્રીજી! જરૂર જાહેર કરજો-જરૂર ખુલાસો કરજો કે આપશ્રી આપશ્રીની સ્ત્રીને કઇ રીતે માનો છો.

તંત્રીજીની કદાચ એ જાતની માન્યતા હોય તો ના પણ ન પાડી શકાય, કારણ કે રતીગુરૂઓમાં સ્ત્રીઓનું સ્થાનજ એથી વિશેષ નથી હોતું. એટલે તંત્રી મહાશયે પણ એ માન્યતાએ આ શબ્દોને મલીન માન્યતા તરીકે ઠરાવી દીધા હોય તો એમાં તંત્રીજીની ભૂલ છે એમ કહી શકાયજ નહિ. કારણ કે એ એ રીતિજ જુવે છે-એ રીતિજ પોષાયા છે અને હજુ એમના ગુરૂ સાગરાનંદ એ રીતિજ ટકવા ઉપદેશ આપી રહ્યા છે, એટલે બિચારા તંત્રીજીનો દોષ પણ નજ કાઢી શકાય.

તંત્રીજીને એક વિનંતિ કરી જઉં છું કે તંત્રીજી તમારા ગુરૂએ આ રીતે સત્ય છુપાવવામાંજ ધર્મ શીખવાડયો હોય તો એમાં નથી તમારૂં કલ્યાણ કે નથી તમારા ગુરૂનું કલ્યાણ. એ મિત્રભાવે સૂચવી આજે વિરમું છું.

(૧૦૭ મા પૃષ્ઠ નું અનુસંધાન)

ધર્મ વેચાવાથી ધર્માચાર્ય મનાવવાની ખબર પાતો મેટરની રીતમાં નવજાત આત્મામાં શ્રી હોમી આગને વધુ તેજવાન બનાવે છે. સમસ્ત પ્રેમ આથી જાગ્રત થઇ છે, તીવ્ર આંદોલનો શરૂ થઇ ચૂક્યાં છે, નવયુવાનોએ સમાજને અંધકારમાંથી પ્રકાશમાં લાવવાનું બીડું ઝડપ્યું છે, કેટલાક યુવાનો અત્યારે હસતે મુખડે ધર્મ વેચનારાઓના વાકપ્રહારો ઝીલી રહ્યા છે, કેટલાક યુવાનો અંધ શ્રદ્ધાળુઓથી તિરસ્કારાય છે, ઘણા સ્વાર્થીઓ પણ નિંદાય છે, છતાં પણ આજનો વીસમી સદીનો યુવક સત્ય અને નીતિથી ચાલવામાં આવાની દરકાર નથી કરતો.

પહેલાના નાયકો તથા ધર્માચાર્યો સમાજમાં સુધારાનું બી રોપવામાં અગ્રગણ્ય પાઠ ભજવતા, ક્રાન્તિના આંદોલનો ફેલાવવામાં પણ તેમના પ્રથમ પગરણ મંડાતા, અને ધર્મનું સત્ય સ્વરૂપ સમજાવી જનતાને ઉન્નતિના માર્ગે દોરતા. હાલની માફક વિલાસી, ધર્મઢોંગી કે સ્વાર્થી ન હતા, આચાર્ય કે પંન્યાસની પદવી ધારણ કરી શ્રીમંતોની હાજી 'હા' કરનાર નહોતા, માનની ખાતર અંદરો અંદર લડી નબળા નહોતા પડતા, ચેલાઓના લોહી ચુસી સાધુપણાનો દાવો નહોતા કરતા, કોઇને બળજબરીથી ભેખધારી કરતા નહોતા થયા, તેમજ સાધુપણાના પવિત્ર પોશાકમાં સ્ત્રી કામ વર્ધક પ્રસંગોને નહોતા પોષતા; તેઓને સ્પષ્ટ સમજાવતા કે શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ **માનવ ધર્મ છે, પ્રભુની સાચી ભક્તિ છે.** જો તમે સાચા ધર્મપ્રેમી હો તો દીન દુઃખીની ખબર લો, જૈન બચ્ચો સિવાતો હોય તેની દરકાર લો, અને મનુષ્ય સેવા માટે તમારૂં સર્વસ્વ અર્પણ કરો. ભાઇ બાંધુ કે પ્રત્યેક આત્માને માટે મરી ફીટવા તૈયાર થાઓ! અને મનુષ્ય પ્રેમી બની આત્માની ઉન્નતિ સાધો.

ત્યારે કહો ભાઇ ક્યાં છે આવા નાયકોની કે ધર્માચાર્યોની કર્તવ્યતા? ક્યાં છે આવાં બલિદાન આપવાની ભાવના? અને ક્યાં છે તેમની મનોવૃત્તિ? જ્યારે આ વસ્તુનો અભાવ હોય, તેમાંનું એક બિન્દુ પણ નજરે ન આવતું હોય ત્યાં હાલનો વિચારક વર્ગ અને સત્ય બુદ્ધિવાળો જ્યારે આવાઓને ન માને તેમાં દોષ કોનો? તે આવા નાયકો અને સાધુઓનો કે સુધારક પક્ષનો?" અને એ તો નાનું બચ્ચું પણ કબૂલ કરશે કે કોમમાં દાવાનળ પેટાવનાર આવા દંભીક નાયકો અને સાધુઓ છે. છતાં એજ નવાઇની વાત છે કે હજુ સુધી સમાજ તેવાઓને પોષી રહી છે-પોષે છે, તેમાં દોષ તેઓનો નથી પણ તેમની અંધશ્રદ્ધાનો છે. હજુ પણ જનતા આંખ ઉઘાડે, આવા સાધુઓ અને નાયકોથી ચેતતી રહે, અને જૈન શાસનની સાથે જૈન કોમની અધોગતિ થઇ રહી છે તેમાંથી બચાવે.

# સાધુતાની શોધમાં.

—લાલચંદ જયચંદ વોરા.

[ મુનિ રામવિજયજી સાથેનાં ટુંક પરિચય પછી ઉપજેલા વિચારો ]

કેટલાએક સાધુઓ આપણી પાસે ધર્મની અને આત્માની મોહક વસ્તુઓ મુકે છે, અને તેમની વાક્‌ચાતુર્યતાથી તેમજ વિદ્વતાથી પોતાનો પ્રભાવ પ્રજા ઉપર પાડતા હોય છે; કેટલાક પોતાની તપશ્ચર્યા અને ઉપવાસાદિ બાહ્ય વ્રત નિયમોથી પોતાની પ્રતિષ્ઠા જાળવી રાખવા પ્રયત્ન કરે છે, અને કેટલાક પોતાની પુરાણી પ્રણાલિકાને વળગી રહેવા માટેજ અનેક ઘાટ ઘડે છે.

મુનિ રામવિજયજી જેવા રૂઢીભક્ત સાધુઓ પોતાના ધર્મ વિષે ગમે તેટલા પ્રમાણિક વિચારો ધરાવતા હોય, પણ જ્યારે સમાજ વ્યવસ્થા, માનવપ્રેમ અને સર્વ ધર્મપ્રતિ સમભાવની વાતો નિકળે ત્યારે તેઓ જરૂર પાછા હઠશે અથવા તો તેઓનું નબળું માનસ બહાર દેખાઈ આવશે.

સાધુ થવું સહેલ છે, પણ સાધુતા પ્રકટવી અને તે નિભાવવી મુશ્કેલ છે. એમ સામાન્ય માણસ પણ સહેજે બોલી ઉઠશે.

આ રૂઢી પરંપરાના સાધુઓ સંસારી જનો ઉપર પોતાનું પાંડિત્ય જરૂર ફેંકે છે પણ તે તિરસ્કારની દૃષ્ટિએ. આ સાધુઓ સંસાર સામે દયાની નજરે નિહાળવા તૈયાર નથી, પણ ધિક્કારની દૃષ્ટિથી જુવે છે અને તેથી સંસારીજનો ઉપર-સંસારીજનોના હૃદય ઉપર કંઈ છાપ પાડી શકતા નથી. સંસાર અસાર છે, તેથી સંસારીજનો તુચ્છ પ્રાણીઓ છે. એ એમની મનોદશાજ ઉચ્ચ-નિચના ભેદો દેખાડે છે અને જનસમાજને સુસાધુ, કુસાધુનું સાચું ભાન થઈ આવે છે, અને એવા સાધુઓની દયા ખાવાનું મન થાય છે. તેઓ વખતો વખત એવા પ્રકારનું ઉપદેશે છે કે 'જુઓ સંસારી, આ મોહ-પાશમાં શા માટે પડી રહ્યા છો? સાધુઓની માફક બહાર નીકળી વંદનીય બનો. મરવાનો ભય તમને કેમ નથી? પરભવમાં તમારૂં શું થશે? વીસ વર્ષનો એકનો એક દીકરો ગુજરી જાય તો કેમ સાંખી લ્યો છો? તો પછી જન્મ-મરણનો ફેરો ટાળવા આ મોહ છોડો અને સાધુ થયા પહેલાં નીતિ-ધર્મની વાતજ ફોકટ છે, કારણ કે તમે દેવ-ગુરૂની પુજાદિ જે કાંઈ કરો છો તે અમુક સંસારી સ્વાર્થ માટે કરો છો. એટલે જ્યાં સુધી સર્વ ત્યાગ (દીક્ષા) ઉપર ન આવો ત્યાં સુધી આત્મધર્મ કેમ પામી શકાય? વગેરે……

આ વિચારો પરથી સ્પષ્ટ પારખી શકાય છે કે, તેઓ સરકારના સિંહાસનપરેથી બધી વાતો કરે છે. માનવ જાત અને સંસારીજનો પ્રત્યે તિરસ્કાર દાખવી, બુદ્ધિનો એક ટુકડો દેવાથી સમાજમાં પરિવર્તન લાવી શકાય તે સંભવીત નથી. સંસાર ભાવને તેઓ નિંદે એ સમજી શકાય છે, પણ સંસારી જનોને તુચ્છ માની પોતાને અનંત જ્ઞાનીના ઉપદેશ આપવાના અધિકારી માની લેવા, ત્યારેજ ભેદભાવના દેખાય છે.

બાહ્ય દૃષ્ટિએ તેઓ બધા સાધુઓ છે, પણ સાધુતાની મૂર્તિઓ નથી. કાઠિઆવાડ-ગુજરાતમાં ઠેર ઠેર શિષ્યોની માગણી અર્થે ભમે છે, પણ એક ઝવ મુઝતો નથી ત્યારે હતાશ થઈ, કોઈવાર પશ્ચિમ સંસ્કૃતિનો દોષ કાઢે છે ને કોઈ વાર મહાત્માજીની સ્વરાજ કે સ્વતંત્રતાની ચળવળ સામે તીરછી નજર ફેંકે છે અને પછી હતાશ થઈ અંદર સમસમે છે. ઘણીવાર શ્રોતાઓને ઠપકો આપી કહે છે કે 'આ તમને બધાને શું થઈ ગયું? તમને આમ કોણે ભરમાવ્યા કે તમે દેવ, ગુરૂ અને શાસ્ત્રોથીજ ભડકતા ભાગો છો અને એ બધા ક્લેશના કારણો માનો છો? શું આવી મહાન વસ્તુઓનો નાશ કરવાથી જગતમાં શાન્તિ ફેલાવાની છે?' વગેરે……

સમાજ તો સાધુતાને ઝંખે છે, દીક્ષા-ભાવનાને પણ ઝીલે છે, પણ જ્યાં નબળું માનસ અને ભયભીત મનોદશા હોય છે, ત્યાં સામે પડઘો પડવો અશક્ય બને છે. મહાત્મા ગાંધી હાકલ પાડે અને લાખો માણસો પોતાના પરિગ્રહો નથી તજતા? દીક્ષા ગ્રહન નથી કરતા? પુરાણી પ્રથાને વળગી રહેનારા રૂઢી ભક્ત સાધુઓ બાહ્યાચાર અને રૂઢીને ધર્મ માની, પોતાને અનુસરવા સહુ કોઈને કહે છે; પણ જે વસ્તુ દેશકાળને અનુકૂળ નથી, ધર્મ-સંસ્થાપન માટે અવ્યવહારૂ છે, ત્યાગ માર્ગમાં 'આ મારૂં એજ સાચું છે' અને સંસારીજનો બધા તુચ્છ-કીચડમાં પડેલાં માનવીઓ છે.' એવી મનોવૃત્તિ શા માટે હોય? આવા રૂઢીભક્ત સાધુઓ પોતાને આસ્તિક કહેવડાવે છે, પણ આ દૃષ્ટિએ તો ખરેખર તેઓજ નાસ્તિક છે કે, જેને માણસ જાત ઉપર શ્રદ્ધા કે સાચો પ્રેમ નથી. સાચા અહિંસકને અમુક વાડા કે મચ્છ નજ હોઈ શકે. અસ્પૃશ્યતાને તે કેમ સાંખી શકે? તેઓ દલીલ કરે છે કે 'અન્ય જાતિઓ કે અસ્પૃશ્ય જાતિનો કોઈ માણસ જૈન ધર્મ સ્વીકારે તે ન તો જૈન મંદિરમાં પ્રવેશી શકે કે ન તો નોકારશીમાં સાથે (એક પંગતે) ભોજન કરી શકે! પણ હા, જો તે ક્રીશ્ચીયન અથવા મુસ્લીમ બને અને એક વાર ધર્મ પરિવર્તન કરે અને પછી જૈન ધર્મ અંગીકાર કરે તો મંદિરમાં આવી શકે. અને ભોજન વ્યવહારમાં તો અનાદિથી આમ ચાલતું આવ્યું છે તે પ્રમાણેજ કરવાનું રહે. બાકી સ્વછંદી માણસો જેમ અત્યારે કરી રહ્યા છે તેમ જો બનવા લાગે તો આપણે શું કરીશું? અને જ્યારે સમાજ બગડી જાય તો પછી જરૂર જૈનોએ એ વિચારવું પડશે.'

આ માનસિક ગુલામીમાં જકડાએલા મનુષ્યોદ્વારા નવસર્જની-સમાજના માનસિક આરોગ્યની શી રીતે આશા રાખી શકાય? જ્યાં સુધી 'જી હા' કરનારા ભેંસાઓ તેમને મળી આવવાના છે, જ્યાં સુધી અજ્ઞાન સમાજ તેમના સન્મુખ નિકળે છે, ત્યાં સુધી તેઓ ખચ્ચેજ. તેઓ મહારાજશાહી કે સાહેબશાહી ચલાવી સમાજને દબાવી તેમનું માનસિક આરોગ્ય ઉંઘી રહ્યા છે, અને અબલિનતાથી ધર્માંધતા વિસ્તારી રહ્યા છે.

જેમ અસ્પૃશ્યતા નિવારણ થાને ગરીબ, અજ્ઞાન અને નબળા જનસમાજમાં ચેતન રેડી તેમને ઉંચે લાવવાનું તેમનું ગજા નથી, તેમજ ખાદી વિષે છે. ખાદી એટલે રેંટીઓ. આ રેંટીઆ અને મીલ બે વસ્તુમાં કઇ વસ્તુ તેમને સાચી લાગે તે જણાવવા તેઓ તૈયાર નથી. અલબત તેઓએ એટલું સ્વીકાર્યું

## ઘોઘારી વીશાશ્રીમાળી જૈનોમાં તડ.

### ઐક્ય માટે હૃદય શુદ્ધિની જરૂર.

ઘોઘારી વીશાશ્રીમાળી જૈન ભાઇઓનો ઘોળ કાઠીઆવાડમાં બહુ વ્યાપક છે, એ ઘોળમાં આશરે ૫૦૦ ગામોનો સમાવેશ થાય છે, ઘોળની એકસંપી વરસો સુધી બહુ સારી રીતે જળવાઈ હતી. આમાં ભાવનગરી ભાઈઓએ બહુસારો ભાગ ભજવ્યો હતો, અને તેથી તેઓ એકસંપી માટે મશહૂર થયા હતા.

પણ ઘણા મુકામે થોડા વર્ષ ઉપર ઘોળનું સમેલન થયું. અને તેમાં એક પોરવાળ ભાઇને ઘોળમાં લેવાના પ્રશ્ન ઉપર મતભેદ પડયો અને પછી ઘોળમાં જે તડાં પડયાં છે, તે હજુ સુધી સંધાયાં નથી. ભાવનગરના જાણીતા નેતા શ્રી જુઠાભાઇ વહોરાએ સંમેલનને અરજી કરનાર પોરવાડ બંધુને ઘોળમાં લેવાના સમર્થનમાં અત્યંત સુંદર ભાષણ આપ્યું હતું. પણ તેમના તે વિચારો સમેલનની બહુમતિને નાપસંદ પડયા હતા. અને સમેલનની થયેલી અરજ આખરે નિષ્ફળ નિવડી હતી, એટલે કે તે નામંજુર થઇ હતી, એક પોરવાડ બંધુને આ પ્રમાણે ઘોળમાં લેવાનો પ્રયત્ન નિરર્થક ગયાથી ભાવનગરના કેટલાક ગૃહસ્થોને જુની ચાલી ફેરવવા માટે પ્રયત્ન કરવાનો વિચાર થયો આથી સમેલનને કરેલી અરજીમાં નિષ્ફળ નિવડેલ પોરવાડ ભાઇને ભાવનગર એકડા રાખવા માગે છે. એમ કહી જો ભાવનગર એ પ્રમાણે ઉપરોક્ત પોરવાડ ભાઇને ભેળા રાખવાનું કરે તો ઘોળના ૧૮ તાલુકાઓનું તે સંબંધમાં શું વલણ છે તે સર્વત્ર ફરી જણાવવાનું સિહોરવાળા શા. મણચંદભાઇ ગોરધનને કહેવામાં આવ્યું. આ ઉપરથી મણચંદભાઇ બધે ગયા અને પાલીતાણાના શેઠ રજા આપતા હોય તો પોતાને કંઈ વાંધો નથી એવો દરેક દરેક તાલુકાનો અભિપ્રાય તેઓ મેળવી શકયા.

આ પછી પાલીતાણાના નગરશેઠના સલાહકાર શા. લક્ષ્મીચંદ બહુભાઇનું મન મનાવી લેવાની જરૂર પડી અને શા. લક્ષ્મીચંદભાઇનું મન મનાવાયું. એટલે ઉપરોક્ત પોરવાડભાઇને ન્યાતમાં લેવા સબંધી ભાવનગરવાળાઓએ બધા તાલુકાને પત્ર લખી મેળવ્યા, આથી તાલુકાઓમાં ખળભળાટ થયો ને પક્ષો પડયા, જે બાદ એવું બન્યું કે શા. મણચંદ ગોરધનને શા. લક્ષ્મીચંદભાઇ સાથે કંઇક આર્થિક કારણે વિરોધ પડયો એટલે પોરવાડ ભાઇને જ્ઞાતિમાં લેવા સંબંધી શા. લક્ષ્મીચંદ બહુ સાથેનો ભાવનગરવાળાનો ખાનગી પત્ર વ્યવહાર બહાર આવતાં જ્ઞાતિમાં બે તડાં પડી ગયાં આ ઉપરથી ઘોઘારી વીશાશ્રીમાળી જ્ઞાતિમાં તડ પડાવવામાં મુખ્યત્વે કોણે ભાગ લીધો છે એ સહજ સમજી શકાશે.

આ પ્રમાણે પક્ષો પડી ગયા પછી સામસામા ખુલ્લા પત્રો તેમજ હેન્ડબીલો ઘણા વખત સુધી બહાર પડયાં હતાં જેથી કલહમાં ઓર વધારો થયો હતો. આ પ્રમાણે કલહ ચાલુ રહે અને જ્ઞાતિ છિન્નભિન્ન સ્થિતિમાં રહે એ કેટલાક સમજુ ભાઇઓને ઇષ્ટ ન લાગવાથી તેમણે એક સંપી માટે ચળવળ શરૂ કરી છે. એ ખુશી થવા જેવું છે. બગડા પાર્ટી (ભાવનગરની લઘુમતિ પાર્ટી)એ પણ એક સોસાઇટીને નામે હેન્ડબીલો બહાર પાડી સમાધાનની વાત આગળ કરી છે. વળી સમાધાનના કહેવાતા ઉદ્દેશથી થોડા દિવસ ઉપર ભાવનગરના નગરશેઠના પ્રમુખપણા નીચે સભા મળી હતી. મજકુર સભામાં એકડાવાળા ભાઇઓ ઓછી સંખ્યામાં આવ્યાથી નગરશેઠે ખુલાસો માંગતાં એક ભાઇએ જણાવ્યું હતું કે અમારી એકતા માટે દિલસાફ ચાલે છે વહાણ લગભગ કીનારા ઉપર આવી પહોંચ્યું છે પણ તેને ડુબાડી દેવા માટે બગડાવાળાઓનો પ્રયત્ન થઇ રહ્યો છે. આમ સ્પષ્ટ વાતો થવાથી ભાવનગરની પ્રતિષ્ઠા ખાતર બંને પક્ષોએ હૃદયશુદ્ધિ કરી તુરત એકસંપી સાધી લેવી જોઇએ એવી સુંદર સલાહ આપી નગરશેઠ ચાલી ગયા હતા.

દરેક જ્ઞાતિબંધુ તડા બંધ કરવાના ઉદ્દેશથી નગરશેઠની સલાહ અનુસાર એકતાને પંથે ચાલે એવી મારી નમ્ર પ્રાર્થના છે

—જ્ઞાતિ શુભેચ્છક.

---

કે રેંટીઆમાં મીલની અપેક્ષાએ અલ્પ હિંસા છે, પણ તેઓ સમાજને અલ્પ હિંસાવાળા વસ્ત્રો સ્વિકારવાનું પ્રબોધી શકે નહિ અને સમાજમાં વધી રહેલા ભૂખમરાને આવા ગૃહ-ઉદ્યોગો સ્વીકારાવી શકે નહિ. જ્યાં આટલી બધી નબળાઇઓ ભરી હોય ત્યાં તેઓને સમાજના 'તારક' કહેવા એ ખરેખર સમાજ માટે બેહુદું લેખાય. જ્યાં રોહીણજ ભણેલા બની રહ્યા છે,-ઉપદેશકોજ સમાજનું આધ્યાત્મિક આરોગ્ય બગાડી રહ્યા છે ત્યાં સમાજે બંડ કર્યા સિવાય આરો આવવાનો નથી.

વિદ્વાનો! ચેતો, ચારિત્ર સંપન્ન ધર્મગુરૂઓ! જાગો, અને આપણા ડુબી રહેલા નાવને ઉગારવામાં સાથી બનો. રૂઢીચુસ્તતા સામે બંડ ઉઠાવો અને દેશકાળ અનુસાર પુરૂષાર્થ ખેડી નવસર્જન કરવામાં પાછી પાની ન કરો. આમ કરતાં અસંખ્ય થોડું સહન કરવું પડશે, તપશ્ચર્યા કરવી પડશે; પણ એજ જૈન શાસનનો સાર છે. 'અસ્તુ.'

---

## અમદાવાદના જૈનોમાં સનસનાટી

### છોકરીઓને અપાયલી ગુપ્ત દીક્ષા.

#### માબાપે રાત્રે ઘેર આણી સંસારી કપડાં પહેરાવ્યાં.

અમદાવાદ તા. ૨૧-૧-૩૩

એમ જણાવવામાં આવે છે કે કાલે બે જૈન છોકરીઓ છાનીમાની પોતાનું ઘર છોડી જઈ જૈન સાધ્વી તરીકે દીક્ષા લીધી હતી. મોડી રાત સુધી તે ઘેર પાછી ન ફરી ત્યારે તેમના માબાપે તપાસ કરી તો તેઓ ઉપાશ્રયમાંથી મળી હતી. તેમને સાધ્વીના પોષાકમાં ઘેર લાવવામાં આવી. એ કપડાં ત્યાગી તેમને પાછા સંસારીનાં કપડાં પહેરાવવામાં આવ્યાં આ બનાવથી અમદાવાદના જૈનોમાં ભારે સનસનાટી ફેલાઇ છે.

શાહપુર ચુનારાના ખાંચે રહેતી બે જૈન બાળાઓ શાન્તા અને કાન્તા દીક્ષા લીધેલાં કપડામાં પોતાને ઘેર પાછી ફરેલાં જાણેના જૈન સમાજમાં ભારે ખળભળાટ થયો હતો. આ બાબતમાં વીગત એવી છે કે ચુનારાના ખાંચામાં રહેતા એક જૈન ગૃહસ્થ શા. મોહનલાલ હરમચંદની ૨૦-૨૧ વર્ષની કુંવારી પુત્રી શાન્તાનું મન કેટલાક વખતથી મુનિ ભક્તિવિજયજીના ઉપદેશથી દીક્ષા તરફ વળ્યું હતું. બાદ શાન્તા પોતાના પડોશી મી. નાથાલાલની આશરે પંદર વર્ષની પુત્રી સાથે ગઇ કાલે બપોરે બે વાગે પોતાના ઘેરથી દીલ્હી દરવાજા બહાર હઠીભાઇની વાડીએ પહોંચી ગઇ અને ત્યાં હાલમાં રહેલા મુનિ ભક્તિવિજયજીના સંઘાડાના સાધ્વી અંબાશ્રીજીના હસ્તે દીક્ષા લેવામાટેના કપડાં પહેર્યાં હતાં આ વાતની બે છોકરીઓના કુટુંબીઓને ખબર પડતાં હઠીભાઇની વાડીએ પહોંચી ગયાં હતાં. અને બન્ને છોકરીઓને દીક્ષાના કપડાંમાં પાછાં ઘેર લાવ્યા હતા.

# પોરવાડ જ્ઞાતિકા દિગ્દર્શન.

( हिम्मतमल रूपचंदजी )

यह एक सृष्टिका अविचल नियम है कि जो जितनी उन्नति को प्राप्त करता है वह एक बार उतनी ही अवनति को प्राप्त होता है। ठीक यही नियम प्रत्येक देश, धर्म, समाज एवं व्यक्ति के उपर जीवन में एक बार नहीं किन्तु अनेक बार अवश्य हो आता है, मैं जिस ज्ञाति का दिग्दर्शन पाठकों को कराना चाहता हूं वह जाति भी ठीक इसी दशा को प्राप्त हुइ है।

पोरवाड शब्द यह प्राग्वट जाति का अपभ्रंश है, इस के मूल स्थापक आचार्य श्री स्वयंप्रभसूरि (पार्श्वनाथ के पांचवे पट्टधर) थे। श्रीमालनगर के राजा व प्रजा को जैन बना कर आप पद्मावती नगरी, कि जहां का राजा पद्मसेन किसी देवी के उपसर्ग को शान्त करने के लिये अश्वमेध यज्ञ करनेवाला था उस पर अपने अतुल विद्याबलद्वारा अंतरमुहूर्त में ही पहूंच गये।

शुचि क्रिया से निवृत्त हो राजसभा में जाने के लिये कटिबद्ध हो गये। राजसभा में पहूंचते ही राजा व प्रजाने आप का उचित सत्कार किया! सभामंडप प्रेक्षकों से चकारबद्ध भर गया। राजा के पास वे यज्ञाध्यक्षक (यज्ञ करनेवाले) भी बेठे गये। तत्पश्चात् आचार्यदेवने अपनी दिव्य वक्तृत्व शक्तिद्वारा जनता के समक्ष "अहिंसा परमो धर्मः" का विस्तृत विवेचन ऐसी शालीद्वारा किया कि वहां उपस्थित श्रोतागणों के वज्र सादृश्य हृदय भी कोमल हो गये। उन्हीं को यज्ञ जैसे निर्दय निष्ठुर कार्यप्रत्ये घृणा उत्पन्न होने लगी।

उसी वक्त राजा प्रधानादि ४५००० घरोंने सूरिजी के पास जैन धर्म स्वीकार किया। सूरिजीने उनका नाम प्राग्वट वंश से उद्घोषित किया।

पोरवाड जाति को अंबिका देवी के दिये हुए सात वरदानों को पोरवाडोंने ठीक चारितार्थ कर दिखाये थे।

सत्कुर्गप्रदानेन, गुणसप्तकरोपणात्।
पुरुसप्तकवंशोऽपि, प्राग्वट ज्ञाति विश्रुता॥
आद्यं प्रतिज्ञानिर्वाही, द्वितीय प्रकृतिः स्थिरा।
तृतीय प्रौढवचनं, चतुर प्रज्ञा प्रकर्षवान्॥
पंचम प्रपंचज्ञ, षष्ठं प्रबलं मानसम्।
सप्तम् प्रभुताकांक्षी, प्राग्वट पुरुसप्तकम्॥

( विमलचरित्र )

अर्थ—(१) प्रतिज्ञाका पालन करना (२) प्रकृति के स्थिर अर्थात् धैर्यवंत शांतचित्त से कार्य करना (३) प्रौढवचन (४) बुद्धिमत्ता (५) प्रपंचज्ञ—सर्व कार्य करने में कुशल (६) मन की मजबूती (प्रभुताकांक्षी) प्रभुता प्राप्ति की इच्छावाले।

वि. सं. १०८ के अंदर कावडशा और भावडशा नाम के रत्न पोरवाड ज्ञाति में उत्पन्न हुए थे कि जिन्होंने पवित्र तीर्थाधिराज शत्रुंजय का उद्धार कराया था! ऐसे बहुत से रत्न पोरवाड जाति में पैदा हुए हैं कि जिनका यदि पूर्ण इतिहास लिखा जाय तो बडा भारी ग्रंथ बन जाय! यहांपर तो कुछ वीरो का ही परिचय दिलाना ही उपयुक्त होगा।

प्राग्वाटवंशीय वीर नीना, जेहरीने पाटनाधिपति वनराज चावडे के सेनापति के पद रह कर बडे २ वीरता के कार्य किये थे। इन्हीं के वंश में ही विमलशा नाम के महादानेश्वरी नरकेशरी पैदा हुए थे कि जिन्होंने केवल पोरवाड ज्ञाति को ही नही परंतु सारे जैन समाज को उन्नति के शिखर चढा दिया था और उन के बनाये हुए आबु व कुम्भारियाजी के जिनालय सिर्फ भारत में ही नहीं परंतु उन्हीं की शिल्पकला युरोप-अमेरिका तक प्रसिद्धि पा चूकी है, विमलशा के परिचय के लिये उन शुभ नाम ही पर्याप्त होगा, उन की वीरता, धैर्यता, धर्म व राष्ट्रसेवा किसी इतिहासज्ञों से छीपा नहीं है!

जिन्हों की शौर्यता, वीरता, उदारता, परोपकारता, धर्म व राष्ट्रसेवारूप कीर्ति जगत्‌विख्यात है, जिन्होंने अपनी असंख्य लक्ष्मी सद्‌कार्य में व्यय की है व नररत्न वीरशिरोमणी वस्तुपाल-तेजपाल इसी जाति में उत्पन्न हो कर, संसार को बता दिया था कि जैन धर्म कायरों का नहीं परंतु शुरवीरों का धर्म है।

जिन्होंने राणकपुरजी का भव्य जगत्‌विख्यात जिनालय बंधाने का सौभाग्य प्राप्त किया वे इसी वंश के नररत्न धना सा थे, और भी आसोसा असंख्य नररत्नोंने धर्म, समाज और राष्ट्र की सेवा बजा कर जो सौभाग्य प्राप्त किया था वह भी इतिहासक्षेत्र में अपना गौरव बतला रहे हैं, कहां तो उपरोक्त प्राग्वटवंशीय नरवीरों की वीरता, शौर्यता, परोपकारता, उदारता, धर्म व राष्ट्रसेवा और कहां आज उपरोक्त भावनाओं की मंदता व दिनपरदिन घटती हुई संख्या और अंदर ही क्लेश-कदाग्रहादि?

हे पोरवाड ज्ञाति के अग्रेसरो! अब उठ कर कर्मक्षेत्र में आगे पैर बढाओ और जनता के समक्ष अपने पूर्वजों का इतिहास उपस्थित करो कि अब भी हमारे में पूर्वजो का गौरव नसोनस में भरा हुआ है।

अतएव उन्नति व अभ्युदय के लिये अपने पूर्वजों का इतिहास को जानना प्रत्येक देश व ज्ञाति के लिये अनिवार्य है। किसी अंग्रेजी कविने बहुत ही ठीक कहा है—

A people which takes no pride in the achievements of remote ancesters will never achieve anything worthy to be remembered with pride by remote descendents.

अर्थात् जो अपने पूर्वजों का श्रेष्ठ कार्यों का अभिमान और स्मरण नहीं करती वह ऐसी कोई बात न कर सकती जो कि बहुत पीढी पीछे उन की संतान से समर्थ स्मरण करने योग्य हो।

Printed by Lalji Harsey Ealan at Mahendra Printing Press, Gaya Building Masjid Bunder Road Bombay, 3. and Published by Shivlal Jhaverchand Sanghvi for Jain Yuvak Sangh. at 26-30, Dhanji Street Bombay, 3.